૭૮૬

"વલે મન ખાફ મુકામા રબ્બેહી જન્નતાન."
અર્થાત્—જે પોતે રબના મુકામથી ભય પામ્યો તેને
માટે જન્નતો બે છે.—(કુરઆનુલ હકીમ)

ખવ્ફે ખુદા.

અથવા

ગંજે હીકાયાત

રચનાર તથા પ્રગટ કર્નાર.

શયખ ઇબ્રાહીમ હુસેનભાઇ "હીલાલી"
(નવસારી)

તે

("હમારા નબી માટે પરધર્મી વિચારો," "હમારી કોમ,"
"જુમ્મા મસ્જીદ વકફ કેસ," "દાવતે ઇસ્લામ" ઇત્યાદીના કર્તા.)

૭૮૬

"વલે મન ખાફ્રા મુકામા રબ્બેહી જન્નતાન."
અર્થાત્-જે પોતે રબના મુકામથી ભય પામ્યો તેને
માટે જન્નતો બે છે.—(કુરઆનુલ હકીમ.)

ખવ્ફે ખુદા.

અથવા

ગંજે હીકાયાત.

રચનાર તથા પ્રગટ કરનાર.

શયખ ઈબ્રાહીમ હુસેનભાઈ "હીલાલી"
(નવસારી.)

તે

("હમારા નબી માટે પરધર્મી વિચારો," "હમારી કોમ,"
"જુમ્મા મસ્જીદ વાદ કેસ," "દાવતે ઇસ્લામ" ઇત્યાદીના કર્તા.)

આવૃતિ ૧ લી પ્રત ૫૦૦ કી૦ રૂ૦ ૧-૪-૦

સને ૧૩૪૨ હીજરી સને ૧૯૨૪ ઈસ્વી.

સુરત "ગુજરાત સ્ટાન્ડર્ડ" પ્રેસમાં, ઉત્તમરામ ઉમેદરામ
રેશમવાળાએ છાપી ઠો હરીઝ મંઝીલ (જુની મુંબઈ
બેંક) સુરત.

કર્તા તરફનો પ્રસ્તાવીક નોંધ.

પ્રસ્તાવિક નોંધ એ કોઇ પણ પુસ્તકના તાત્પર્યના સંક્ષિપ્ત રૂપ છે. સુજ્ઞ વાચક, પ્રસ્તાવના ઉપરથીજ, આખા પુસ્તકનો સાર ગ્રહણ કરી શકે છે જેથી મૂળ લખાણનો હેતુ, તેનો ક્રમ અને મૂકેલી પ્રદિપ્ત, થવા ઉપરાંત પુસ્તકની આવશ્યકતા સિદ્ધ થાય છે.

આ પુસ્તક માટે પણ તેવી આવશ્યકતા હતી એમ હાલના ગુજરાતના ઇસ્લામી મઝહબી વાતાવરણ તરફ દ્રષ્ટિપાત કરતા જણાઇ આવશે. ગુજરાત, તે અદ્યાપિ પર્યંત ખરેખર ગુજરાતજ રહી ગયું છે! કેમકે તેમાં ઉર્દુ, અરબી અને ફારસી ભાષાનો જોઇએ એટલો પ્રચાર થયેલો નથી. અને તેથી ઇસ્લામ મઝહબમાં [illegible] જાહેર [illegible] છે, તેનેમાં ઘણો થોડોજ ભાગ જાણીતો છે. તેનું મુખ્યત્વે કારણ એ છે કે જેઓને અરબી, ફારસી ઉપર ઘણો ઉત્તમ કાબુ છે તેઓ પૈકી ઘણું ભાગે ગુજરાતી ભાષાથી બેનસીબ છે અને જેઓ ગુજરાતી ભાષા ઉપર કાબુ ધરાવે છે તેઓ પૈકી ઘણું ભાગે [illegible] નાસ્તિક રીતે કટાક્ષ કરવાની ફરજ પડે છે કે જેઓ સર્વ ભાષામાં નિપૂણ છે તેઓને મનઘડીત કિંવા ભાષાંતર કે રૂપાંતર કરીને નૉવેલોજ છાપવાનો ચસ્કો લાગેલો છે. આવી સ્થિતિમાં ફક્ત ગુજરાતીજ જાણનાર મુસલમાનો ઇસ્લામના મહત્વથી અજ્ઞાત રહે એમાં શો સંદેહ છે!

વળી એક વાત અહી એ ભૂલવી નહિં જોઇએ કે વિધર્મીઓની માફક ઇસ્લામી સાહિત્ય પ્રચારક આશ્રય દાતાઓ અને આશ્રય મળો ન હોવાથી કેટલાક ઇસ્લામી લેખકોના ઉત્તમ વિચારો આર્થિક અભાવે માર્યા જાય છે!

આ પુસ્તકમાં ખાસ કરીને ઉર્દુ, ફારસી મિશ્ર શબ્દોનો ઉપયોગ એટલા માટે કર્યો છે કે એના મુખ્ય વાચકો મુસ્લીમોજ

હમે અને તેવા વાક્યો, એ મજકુરેલી હીકાયાતો સાથે બરાબર સબંધ ધરાવે છે જેથી તેજ શબ્દો ચમત્કાર લાગે છે

પુસ્તક મજકુરના આ પહેલા ભાગમા ખુદાના ભયથી કેવા કેવા પુરૂષો મોક્ષ પામ્યા છે તે ભરોસાદાર મઝહબી કીતાબો ઉપરથી તારવી કહીને એમ ગજ ૦.મ. કર્યો છે આ પહેલા હીસ્સામા મ્હને જનની મકબુલના પ્રાપ્ત થશે તો બીજા હીસ્સામા લગભગ ૧૨ વિષયોને લગતી હીકાયાતો પહેલાજ ભાગની માફક દાખલા દલીલો સહીત આપવાની ઉત્કંઠા રાખુ છુ

આ પુસ્તકની પ્રસ્તાવના લખી આપવાની મ્હારી માગણીને કબુલવા માટે તેમ જ બીજા વારને માટે આપેલી કે લીક કીમતી સલાહો માટે મ્હારા મિત્ર "મુનાદી" નો અંતઃકરણથી ઉપકાર માનુ છુ

ભાઇ "મુનાદી" એ લખેલ પ્રસ્તાવનાને આ પુસ્તકના એક ભાગ તરીકેજ પ્રગટ કરવા. હુ ઘણુ જ મુનાસેબ સમજુ છુ અને તેથી વાચક તેને પુસ્તકની પ્રસ્તાવના કિંવા એક ભાગ સમજી લે, તે તેમની મુનશરી ઉપર છોડુ છુ.

દરેક કાર્યમા મનુષ્ય માત્ર ભૂલને પાત્ર છે. અને તેને અનુસરી જણાવવાની આવશ્યકતા છે કે પુસ્તકમા રહેવા પામેલી તેવી ભૂલો બદલ દરગુજર કરવા મેહેરબાની કરશે અને તેમ કરી એક વધુ ઉપકાર કરશે

છેવટે આ પુસ્તક તૈયાર કરવામા મ્હારા અંગત મિત્ર જનાબ સયદ શાહ મોહમ્મદ બીન મોલ્વી, સુરી સૈયદ અમીરૂદ્દીન સાહબ કાદરી ચિસ્તીએ જે કીમતી સલાહની મદદ આપી છે તે માટે આ તક તમનો પણ હુ આભાર માનવો ભૂલી શકતો નથી આમીન

નવસારી,
ગોલવાડ ગેટ સ્ટ્રીટ,
તા૦ ૭ માહે સાબાન
૧૩૪૨ હીજરી
તા૦ ૧૪-૪-૧૯૨૪.

લી૦ આપનો,

શાયખ ઇબ્રાહીમ હુસેનભાઈ

નો સલામ

સ્નેહ સમર્પણ

મહેરબાન માનવંતા જનાબ,

સુફી સૈયદ મોહમ્મદ આબેદમીયા બિન હબીબુલ્લાહ
ઉર્ફે બડામીયા સાહેબ ઉસ્માની નકશબંદી ડાભેલવી.

અસ્સલામુ અલૈકુમ વ રૂહી ફીદાકુમ,

આપ હઝરતની કોમે તસવ્વુફ ઉપરની જાનફેશાની અને બીનસ્વાર્થી કોમી ખીદમત ગુજરાતે અને તેમા મુખ્યત્વે બરોડા સ્ટેટના મુસ્લીમોએ મગરૂરી લેવા સમાનજ પુરવાર થઈ છે

તે ઉપરાંત આપની સાહિત્ય સેવા પણ તેટલીજ માનને પાત્ર છે એમ આપની અણથક કોશીશના પ્રતાપે લગભગ અડધો ડઝન બહાર પડેલ ઉર્દુ, ગુજરાતી કીતાબો જોનારને જણાઈ આવ્યા વીના રહે એમ નથી

વળી આપના મીનનસાર ખુલુકના સબબે આપ જે હજારોની સંખ્યામા મુરીદો મેળવવાને ભાગ્યશાળી થયા છો, તે આપની વયના પ્રમાણમા બહુજ પ્રસંશીય લેખી શકાય

આવા ઉત્તમોત્તમ ગુણો ધરાવનાર મ્હારા એક મુરબ્બી—કહુ કિવા મિત્ર—મહેરબાનને તે સર્વ ભલી ભાવનાઓના બદલામા આ મ્હારી ન્હાનકડી કોશીશ અતી માન તથા પ્રેમથી નજર કરૂ તો અસ્થાને લેખાયજ નહિ એમ વિચારી આપને તે સહર્ષ અર્પણ કરૂ છુ

આપનો કમતર,

ઇબ્રાહીમ.

પ્રસ્તાવનારૂપ એક ભાગ.

.ખવફ્ (બ્હીક) નાં રહસ્યો.

વિષય પરિચય.

લખનાર   મુનાદી

લાગણી અને જીવન

દયા, પ્રેમ ક્રૂરતા, વીરતા અને બ્હીક એ સર્વ માણસની ઝિંદગીમા એટલો તો અગત્યનો ભાગ ભજવતી લાગણીઓ છે અને ઝિંદગીની સાથે એટલો તો નિકટનો સંબંધ ધરાવતા ગુણો છે કે દુનિયાના પ્રાચીન તેમજ અર્વાચીન ધાર્મિક શિક્ષણોએ એમને જુદા જુદા અર્થોમા કેળવવાનો અને જુદા જુદા દ્રષ્ટિ બિંદુઓથી સમજવાનો પ્રયાસ કર્યો છે જીવનના આશય, ધ્યેય અને વિકાસ લાગણીઓની ખરી ક્રીડા વડેજ સમજાઇ અને નિર્માઇ સકાય છે કારણ કે લાગણીઓ જીવનના અભેદ્ય અને અદ્વિતીય અંગો જેમ છે લાગણીઓનો જન્મ, જીવન જન્મતાજ થાય છે, અને તેમનો સારો કે નરસો વિકાસ પણ જીવનના વિકાસ જોડેજ થતો રહે છે બીજા શબ્દોમા કહીએ તો આપણા જીવનની લાગણીઓને પણ એક પ્રકારનુ જીવન છે, જેને આપણા જીવનની પેઠે જુદી જુદી દશાઓ હોય છે, એટલે કે લાગણીઓનુ જીવન પણ જન્મ, મૃત્યુ, અસ્ત, ઉદય, ચડતી, પડતી, વગયરહ રૂપો ને રંગોને આધીન છે

લાગણી અને વિકાસ.

સાધારણ રીતે કેટલીક લાગણીઓને ભલી અને કેટલીકને બુરી કહેવાની જનસમાજમા રૂઢિ પડી ગઇ છે અહિ તેના ખોટા કે ખરાપણા વિષે ચર્ચા કર્યા વિના હુ એમ કહેવા માગુ છુ કે ખુદ અમુક લાગણીને દુષ્ટ માનવા કરતા માત્ર તેનો વિકાસજ દુષ્ટ કે ઇષ્ટ દિશામા થયેલો માનવો વધારે ઉચિત છે દાખલા તરીકે ક્રૂરતા વિષેનો વિચાર માત્રજ આપણને કપાવી મેલવા પુરતો છે એ તો પ્રચલિત માન્યતાની બિહઅતને લીધેજ એક ગુણ અથવા લાગણીના રૂપમા જોઇશુ તો ક્રૂરતા ઝિંદગીનુ એક અનિવાર્ય અગ જણાશે કોણ કહેછે કે વીરતા જીવનને શોભાવનાર અને સફલ કરનાર ગુણોમાનો એક ગુણ નથી અને વળી કોણ ના કહે છે કે, ક્રૂરતાના સ્વિકાર વિના વીરતાનુ અસ્તિત્વજ અસભવિત છે ? એ ખરૂ અહિ લગી તો વીરતા માટે ક્રૂરતા અનિવાર્ય ઠરી પરતુ જો તમે ક્રૂરતાના ગુણ કે લાગણીને વીર રીતે નહિ પણ ક્રૂર રીતે કેળવો તો વસ્તુ સ્થિતિજ જુદી થઇ જાય છે આ કેમ તે આપણે હાલ હાથ ધરેલા વિષયથીજ તમે સમજી શકશો

ખવફનુ સામ્રાજય.

ખવફ જીવનની ગતિ અને પ્રગતિને રોકેછે અને હાની પહોચાડે છે એમ તો સૌ કોઇ જાણે છે અને આપણી એજ માન્યતાએ ફરીને આપણે ખવફથી ખવફ ખાતા રહીએ છીએ હા, બહીકણ છતા આપણે બ્હીકથી બીહચા કરીએ છીએ હાય, તે આપણી

ભાત ભાતની અને દિનરાતની ન્હાની મ્હોટી અગણિત બ્હીકો જેનાથી આપણે વિંટળાયલા અને જકડયલા હોઇએ છીએ ! ગરીબ બીચારો માણસ "* સુજનાથી નિર્બળો" તો હતોજ તેમા આ ભયકર અને રાક્ષસી બ્હીકોના લાવલશ્કર વચ્ચે ઘેરાયો અને સપડાયો

પછી કયા હોય, તેની નિર્બળતા અને લાચારીનો આરો ? જુઓ તે લાવલશ્કર ત દુરૂસ્તીમા તેને બીમારીની બ્હીક ! માદગીમા તેને મવતનો ખવફ ! મવત પછી તેને મહશરનો ડર ! વેપારમા ખોટની, અને ખોટમા બદનામ થવાની, રઝળી અને ભુખે મરવાની ચિતા ઉપર ચિતા ! તત્રીને કાયદાની, વિદ્યાર્થીને શિક્ષકની, વાણોતરને શેઠની બ્હીક ! વીમાનીને પટવાની અને તરનાગ્ને ડુબવાની બ્હીક ! પ્રેમને નિષ્ફળતાની અને સૌદર્યને ઈર્ષાની બ્હીક લોભને હરિફાઇની અને લાભને હરિફોની બ્હીક ! ખેડુતને સુકવણાની અને નાખુદાને તુફાનની બ્હીક ! વસત, માળી અને બુલબુલ ત્રણેને શરદ્ (ખીઝા)ની બ્હીક ! સુધારકને નિંદાની અને ઉપદેશકને વિરોધની બ્હીક ! વૃક્ષને વાઝોડની અને પખીને પારધીની બ્હીક ! એમ બધેબધ જ્યા દેખો ત્યા બ્હીકનીજ આણ ફરી રહી છે કયા લગી લખાવુ તે ટીપ જેને પુરી કરવા મારામા સામર્થ્ય નથી કવિએ પણ ટુકમાજ પતાવી દીધુ છે —

કુરઆને હકીમ

•ખવફે દુનિયા, •ખવફે ઉક.બા. •ખવફે જાં'
•ખવફે આલામે ઝમીંનો આસમા !

કેમ જાણે દુનિયા બ્હીકનુ એક વિશાળ સામ્રાજ્ય ન હોય ! કોઈને કોઇની તો કોઇને કઇની, એકને અમુકની તો બીજાને તમુકની, ન્હાનાને મ્હોટાની, નિર્બળને બળવાનની અને નિર્ધનને ધનવાનની બ્હીક ! ટુંકમા, બસ બ્હીક, બ્હીક અને બ્હીકજ ! ખવફ નગરના કયા નાગરિકને બ્હીકની આવી ત્રાસદાયક નવકરશાહીના દવરમા શાતિની ઉંઘ આવે ? અને જીવનને જ્યા શાતિ નહિ ત્યા પ્રગતિની પણ આશાજ ફોકટ એક આત્મિક પરતત્રતા કિંવા ગુલામી છે, જે ખવફની આ કાળી ચૌદરૂ (શબે યલદા) મા ઇન્સાનને રીબવી રહી છે, તેની શક્તિને ગુ ગળાવી રહી છે, તેના જીવનને ફોલી ખાઇ રહી છે, તેનો ભવ બગાડી રહી છે

•ખવફના ભયંકરં પરિણામો.

કારણ કે આ બ્હીકનીજ બદવલત માણસ કયાનોએ રહ્યો નથી તેના હોશહવાસ ઉડી ગયા છે બ્હીકનો માર્યો, બ્હીકથી ઉગરવા માટે તે ફાંફા મારતો રહે છે અને તેમ કરતા બીજા સખ્યાબધ દોષો અને દુર્ગુણોમા અણુ અચકાયે ઝપલાવી દેવા ચૂકતો નથી બલકે, તેમા પરાણે ફસી જાય છે નહોત બ્હીક અને ન થાત કોઇની નિદા ! નહોત બ્હીક અને ન રમાત કોઇથી નગો ! નહોત બ્હીક અને ન કરત કોઇ કોઇની ઢાકપિછોડી !

નહોત ખ્હીક અને ન થાત દુનિયામા ડોળ દભના દેખાવો ! અરે નહોત ખ્હીક તો નહોત અસત્ય ! ખ્હીક સો રોગોનો એક મૂળ રોગ છે અને માણુસ—આ ખ્હીકણુ પ્રાણી !—ખ્હીકની સક્ષાત મૂર્તિ છે ખ્હીકની ભુરકી પડતા વારજ તેણે પોતાનુ સર્વસ્વ ખોયુ છે ખ્હીક આવી કે તેનુ સઘળુ પાણી વરાળ થઈ વામા લુપ્ત થયુ દિમાગમાથી ઉત્તમોત્તમ વિચારો ગયા દિલમાથી ઉત્તમોત્તમ ભાવનાઓ ગઈ જીભ ઉપરથી કર્તવ્ય વાણીની ગુજો જે હોઠો દ્વારા હમણાજ ખરી અને સરી પડવાની અણી ઉપર હતી તે પાછી અદર પેશાઇ અને ખેચાઇ ગઇ ન રહી તે આશાઓ કે અભિલાષાઓ ! ન રહ્યા તે જીવનના રગો કે તરગો ! મનની મનમાજ રહી સગીન અને દ્રઢ ભાવનાઓ રેતીમા ચણેલ કિલ્લાઓ જેમ ધસીને નાશ પામી ગઈ જોયા કે ખ્હીકના દાટઘમસાણો ? ખ્હીકનો શિકારી શુ, જાણે લકવાનો કોઇ લાચાર દર્દી ! હાલવા ચાલવા, બોલવા કે વિચારવા માટે અશક્ત ! અને જોશો તો આ તેજ આદમ પુત્રછે જેને તેના દયાળુ માલિકે અશરફુલ મખલુકાત તરીકે પયદા કર્યો છે ખ્હીકે તેનુ સર્વસ્વ હરી લીધુ તે અગાઉ—તેના અશરફુલ મખલુકાત (સર્જિત વસ્તુઓમા સર્વોત્તમ) હોવાને અગે—તે ઇલમની, વાણીની, વિચારની, યોજનાની, અમલની અને રૂહાની જ્ઞાનની ઉમદામા ઉમદા શક્તિઓનો ધણી હતો —

બીમ ચુ બન્દસ્ત અદર પાએમા,
વરના સદ સયલ અસ્ત દર દરિયાએમા,

(બ્હીક અમારા પગોમા બેડીઓ રૂપે ફરી વળી છે, નિકર અમારા સમુદ્રમા સેકડો તુફાનો છે)

એ વાતની એક વાત તો એ છે કે બ્હીકે માણસ પાસેથી તેની અમરતા ખુચવી લીધી

.ખવફના રોગનો ઉપચાર.

બ્હીકની આ ઈન્દ્રિજાળ કેમ તોડી ફેકવી અને પરતત્રતાની આ બેડીઓમાથી કેમ તરી ઉગરવુ એ વિષે આપણે વિચાર કરવો જોઈએ આ મન્ઝિલ ખેડવી કઈ બાળકોની રમત નથી વિપત્તિ અને કસોટીઓના વાટકટકાથી રસ્તો બધેબધ છપાયલો છે છતા, એ આશ્વાસન કઈ ન્હાનુસૂનુ નથી કે મુકામે પહોચવા માટે માર્ગ તો એકજ છે, અને આનદની વાત એ છે કે એકજ હોવા ઉપરાત એ માર્ગ ધોરી પણ છે આપણે ખવફની બીમારીનો ઉપાય ખવફની દવા વડે કરવાનો છે ઉપર કહેલી ન્હાની મ્હોટી સખ્યાબધ બ્હીકોનો સાટો આપણે એક મ્હોટી બ્હીકવડે કરવાનો છે દુનિયા ભરની અને સારી બચની બ્હીકોને તિલાજલી આપી એક મ્હોટી બ્હીક અગિકારવાની છે આ સઘળા દુનિયવી ન્હાના ખવફોને મુકાબલે આ મ્હોટા ખવફને આપણે દીની ખવફ કહીશુ એ ખવફ તે, મનુષ્યમા પોતાના પયદા કરનાર ખુદાનો ખવફ છે આપણે એ કેમ મેળવી સકીએ ? મીરઝા ગાલિબ કહે છે કે —

દર્દકા હદસે ગુઝરના હય, દવા હોજાના !

—તેમ, આપણે આ ખવફના રોગને તેની અંતિમ દિશામા લઇ જવો જોઇએ અથાત્ આપણું કુદરતે બખશેલ આપણી ખવફની લાગણીને એવી રીતે કેળવવી જોઇએ કે, તે અન્યત્વની (માસિવા) રજેરજ તજી એક તરફ (અલ્લાહ તરફ) ઢળી જાય આ છે, ઉત્તમોત્તમ બ્હીક, પછી તેને ફાવે તો બ્હીકનુ ઉત્તમોત્તમ સ્વરૂપ કહો કે ફાવે તો બ્હીકનો ઉત્તમોત્તમ નિષેધ કહો ભાવાર્થ તો એકજ છે જીવન જ્ઞાનના ભંડારમા, ખવફની ફિલસુફીવાળુ આ પ્રકરણ જેટલુ ઉપયોગી છે તેટલુ રસીલુ પણ છે, કારણ કે તે જેટલુ અગત્યનુ છે તેટલુજ કઠણુ પણ છે મશહુર અરબી સુત્ર –

ર.અસુલ હિ.કમહ મ.ખાફતુલ્લાહ.

(ખુદાનો ખવફ સઘળા ડહાપણનુ મળ છે)

—એ અગત્યતા અને ઉપયોગિતા ઉપર રોશની પાડે છે ઇસ્લામે .કુરઆને .હકીમમાં ઠેરઠેર એ શ્રેષ્ઠ ખવફનો માર્ગ મુસલમાનોને દેખાડયો છે અને તેવા ખવફના ખુશ નસીબ માલિકોના ગુણો ગાયા છે અમારા રસુલે મકબુલે (સ અ) પણ પોતાની મુબારક મુખવાણી (.હદી.થ) દ્વારા આ વિષય વિષેના કુરઆની શિક્ષણની ઠેરઠેર અને વારવાર તફસીર કરી છે દિલગીરછુ કે અવકાશનો અભાવ અને લબાણની બ્હીક મને આ વાદ અહિજ પડતો મેલવાની ફરજ પાડે છે

.ખવરૂ .ખુદા.

ખુદાનો ખવરૂ વધારીએ તો ખલ્ક નો ખવરૂ ઘટે, જેમ જેમ એક વધતો જાય, તેમ તેમ બીજો ઘટતો જાય અને ઘટી ઘટી, છેવટે છેડજ લુપ્ત થાય અન્યની ખ્હીક તજીએ તો એકની ખ્હીક—અથવા અનેક ખ્હીકો તજીએ તો એક ખ્હીક—પ્રાપ્ત થાય અને તે જેમ જેમ તજાતી જાય તેમ તેમ, આ દ્રઢ થતી જાય અને અ તે, સપૂર્ણ રીતે સ્થાપિત થઇ જાય આમ, વિનાશ અને વિકાસનો અહિં પરસ્પર આધાર છે અ થઇ ખવરૅ કેળવવાની રીત

અને આ મહાન ખવરૂનુ સ્વરૂપ કેવુ છે ? વિકાસની પરિસિમા પ્રાપ્ત કર્યા પછી, ખુદાથીજ ડરનાર માણસની મનોદશા કેવી હોય છે ? ઉંચા પર્વતની ટોચે ચઢી છેક નીચે આસપાસની સૃષ્ટિ ઉપર દ્રષ્ટિ કરનાર પ્રેક્ષક જેવી એકુ ખ્હીકુ તનામા એવી તો ઓતપ્રોત અને અસ્ત વ્યસ્ત થઇ જાય છે કે બીજી સર્વ ખ્હીકોને તે નમાલી, નકામી, નહિ ઇચ્છવા અને નહિ ગણકારવા યોગ્ય, તુચ્છ સમજે છે કયા આ મહાન ખવરૅ અને કયા ઉપર વર્ણવેલા સસારી ખવરૂો ! લગાર ઊંડુ જોઇશું તો સ્હેજે સમજાશે કે એ ખવરૂજ નથી બીજા કોઇ યોગ્ય નામને અભાવે આપણે એને ખવરૂ કહેતા થઇ ગયા છીએ નહિંતર, ખરૂ પૂછતા તો આ શા .ખવરૅ કરતા પ્રેમથી વધારે નિકટ છે

.ખવફ્ અને ઇશ્ક.

ઇશ્કે હકીકી એ ખરા જીવનની છેલ્લામા છેલ્લી અને વિકટમા વિકટ અભિલાષા કહેવાય આશિક (પ્રેમી) પોતાના મહબૂબ (પ્રિયતમ) ને દરેક રીતે રાજી રાખવામા પોતાનુ સાર્થક માને છે પ્રિય રાજી ન હોય તો નહિં થાય પ્રિયદર્શન, (દીદાર) કે નહિ થાય પ્રિય મેળાપ (વિસાલ) ત્યારે પ્રિયની ખુશનૂદી મેળવવી એ પ્રમ વ્યવહારમા પ્રેમીની મુખ્ય ફરજ થઇ અને પ્રિયની ખુશનૂદી કેવી રીતે પ્રાપ્ત થાય ? પ્રિયની આજ્ઞાઓ, સૂચનાઓ, ભાવનાઓ પ્રમાણે અક્ષરે અક્ષર વર્તવાથી બ્હીક અહિં દેખાવ દે છે પ્રેમીને જાગતા રહેવું પડે છે રખે મારાથી પ્રિયની આજ્ઞાનુ ઉલંઘન થઈ જાય અને હુ તેની કસોટીમા નિષ્ફળ નીવડુ, રખે મ્હારાથી તેની મરઝી વિરૂધ્ધ કઇ થઇ જાય અને હુ તેને દ્વારેથી હાકયો જાઉં, રખે હુ કેમે કરતા પ્રિયને નારાઝીનુ કારણ આપુ અને મ્હારી પ્રેમ–પરિક્ષામા નિષ્ફળ નીવડુ આવા આવા આદોલનો તેને બ્હીકમય રાખે છે એટલે તે બ્હીક સાક્ષાત્ થઈ રહે છે તે પોતાના પ્રિયથી–એટલે અલ્લાહથી–એટલો બ્હીએ છે, એટલો બ્હીએ છે કે તેને બીજા કોઈથી કે કશાથી બ્હીવાનો અવકાશ પણ મળતો નથી અવકાશ તો કોરે રહ્યો, બ્હીવાનો વિચાર સુધ્ધા સૂઝતો નથી. આમ પ્રેમ વ્યવહારની બ્હીક, જ્યા પ્રેમ કહી સકાય ત્યા, સત્ય વ્યવહારની બ્હીક સત્ય પણ કહી સકાય કારણ કે પ્રિયને સત્ય

(હક) પ્રિયતમ છે તે અંગે પ્રેમીને સત્યના ધર્મ ઘણી કાળજીથી જાળવવો પડે છે એટલે જેમ તે પ્રેમ માટે બ્હીતો તેથી તેની બ્હીકને આપણે પ્રેમ નામ આપ્યુ, તેમ તે સત્ય માટે બ્હીએ છે માટે આપણે તેની બ્હીકને સત્ય (હક) પણ કહી સકીએ

બ્હીક અને બહાદુરી.

હવે એકજ વધુ સ્વરૂપ અને બસ પોતાની બ્હીકમા જે આશિક માત્ર અલ્લાહને રક્ષણ પાલવે આશ્રય લે છે તેને **માસિવાની** દમડીભર પરવા પણ હોય કે ? નહીજ તે કશાથી દબતો, અટકતો કે શાંત રહેતો નથી એકથી બ્હીનાર અન્યથી બ્હીતો નથી કારણકે ઉપર કહ્યુ તેમ અન્યથી બ્હીવાનો તેને વિચાર પણ આવતો નથી અને અન્યથી તે બ્હીએ પણ શાને ? એકને રાઝી કરવા માટે તે એટલો ઉત્સુક હોય છે કે તેમ કરતા, અન્યને નારાઝ કરવાની તેને લેશ માત્ર પણ પરવા હોતી નથી અને મરણ ભય ? મરણ તો અહિં સાક્ષાત્ શહાદત છે ! એ રાહમા, હતા ન હતા થઇ જવુ, જડમૂળથી ઉખડી નાશ પામવુ એ તો આ ક્ષણભંગુર જીવનનો ઉમદામા ઉમદા અંત છે કારણકે એવા અંતથી અમરતા (હયાતે અબદી) નો આરંભ થાય છે અમરતા એટલે નિરંતરતા ઉપરાંત મોક્ષ (નજાત) ની ચાવી ! દર્શન (દીદાર) અને મેળાપ (વિસાલ) ના અલભ્ય લાભો અને લ્હાવાઓ !

આ પ્રમાણે મહાન ખવફ વીરતા કિંવા બહાદુરી સાથે પણ સમઅર્થી છે (પ્રેમ અને સત્ય જોડે છે તેમ) વીરતા, તેના ઉત્તમતર, અર્થોમા

× × ×

તાત્પર્ય એજ કે બ્હીકની લાગણીને તેની અધમ દશામાથી કેળવી કેળવી, આપણે તેને તેની ઉ-તમ દશામા આણવી જોઇએ "* **લાત.ખફ**" (ડર નહિ) નુ શિક્ષણ ખુદાએ મુસા (અ સ) ને અને **.હઝરત પય.ગમ્બરે** (સલ) **.હઝરત સિદ્દી.ક** (ર અ) ને આપ્યા તે તેમને નિડર બનાવવા માટે એકે **ફિર.અવન** સામે છડે ચોક ભરસભામા તઓહીદનો ઢંઢેરો પીટયો અને બીજાએ દુશ્મનોની ઠઠો ઠઠ ભીડમા અડગ અને અચળ રહી અમરતા મેળવી

* "**વલાય.ખાફુન લવમત લાઇમ**" (અને તેઓ નિંદકોની નિંદાથી ડરતા નથી)

કોની ઉચ્ચશાનમા કહેવાયુ છે ? અલ્લાહના તેજ મિત્રો (અવલિયા) ની કે જેઓ પોતાની ફરજ બજામણી અને ધર્મ સેવાના જિહાદ—અર્થાત ઇશ્ક—મા નથી કોઇથી ડરતા કે દબતા, કે નથી કોઇની પરવા કરતા અલ્લાહે એવા "**અવલિયાઓ**" (પોતાના મિત્રો) ની વ્યાખ્યા પણ "* **લા.ખવફુન અલયહિમ્ વલાહુમ્ યહઝનૂનૂ**" (તેમને નથી હોતી બ્હીક કે નથી હોતો શોક) ના ઘણાજ અર્થ સૂચક શબ્દોમા આપી છે ઇસ્લામનો અજોડ અને શાનદાર ઇતિહાસ શુ આવા શિક્ષણનાજ પરિણામ રૂપ નથી ? અને આ ઇતિહાસ શુ છે ? ફક્ત બહાદુરી

* .કુરાને હકીમ

શબ્દની સુંદર અને સરળ અને વ્યવહારૂ ટીકા ! તેજ બહાદુરી જેની જનેતા ખુદાની બ્હીક છે આ ટીકા (ઇતિહાસ) વાચીને પણ ખરી બહાદુરી અને ખરી બ્હીકના રહસ્યો જે ન સમજે તેને શુ કહેવુ ?

× × ×

આછે ત્યારે, ખવ્‌ફ઼ના કેટલાક પ્રબળ રહસ્યો. જે સમજીને વાચવાથી મને વિશ્વાસછે કે વાચકોને આ નાનકડા પુસ્તકના વિષયની વડી ચાવી મળી આવશે. ઇલ્મે તસવ્વુફ઼ (યોગશાસ્ત્ર) ને જો તેના એકજ વિશાળ અર્થમા લઇએ તો લાગણીઓને વશ કરી અને કેળવીને માનવ ચરીત્રને તેના ઉત્તમોત્તમ ધોરણ ઉપર પહોચાડતા શીખવતુ ઇલ્મ છે અને એવી ઉપર્યુક્ત લાગણીઓમા ઇસ્લામી સૂફ઼ી બુઝુર્ગોને ખવ્‌ફ઼ની શી અગત્યતા છે તે આ હિકાયતો અને રિવાયતો ઉપરથી જણાઇ આવશે સાથે સાથે ખવ્‌ફ઼ની આ અત્યત કોમળ લાગણીને જો તેને એકજ ખરે માર્ગે --અર્થાત્ ખુદા પ્રત્યે--દોરવામા આવે તો જીવનનુ સાફ઼લ્ય કેમ થાય, ઇસ્લામી શિક્ષણ અને માન્યતાની દ્રષ્ટિએ જીવનનો શ્રેષ્ટમાશ્રેષ્ઠ આશય એટલે વિસાલ કિંવા દીદાર કેમ પ્રાપ્ત થાય ત પણ જણાઇ આવશે વળી ખવ્‌ફ઼ને ખુદા પ્રત્યે કેમ દોરવો અને કેવળ તેજ હકીકી માલિક સાથે રાખવો તેનો પણ આ

પૃષ્ઠોના વાંચકોને ભાસ થઇ જશે ખરેખર આવાજ હેતુઓથી આવા પુસ્તકો મુખ્યત્વે કરીને લખાવા જોઇએ અને મને વિશ્વાસ છે કે આ પુસ્તક લખતી વેળાએ પણ મારા મિત્ર "હીલાલી" એ આવાજ હેતુઓ દ્રષ્ટિ સન્મુખ હાજિર રાખ્યા હશે દિલગીર છુ કે હુ પોતે આ પુસ્તકની ખુબીઓ કે ખામીઓ વિષે લેશમાત્ર પણ નુકતાચીની કરવા અશક્ત છુ આ લીટીઓ એક ઘણાજ પ્રેમાળ દબાણ અને એક અનિવાર્ય યાચનાને વશ થઇને અને તે પણ એક ચિતાતુર નપુરસ્તીઆપણામાથી જેમ તેમ કરીને ચોરી આણેલી ઘડીઓમા લખી રહ્યો છુ પુસ્તકના પ્રૂફો વાચવાનો વખત ન હતો તેથી અને તે મને વખતસર મળી પણ નહિ સક્યા તેથી તેમજ તે મને છુટા છવાયા હફતાઓ દ્વારા જેમ છપાતા ગયા તેમ મળ્યા તેથી હુ વાચી સક્યો નથી કઇક વિચિત્ર સજોગો વચ્ચે એમ બનવા પામ્યુ છે કે ત્યા સુરતમા આ પુસ્તક છપાઇ રહ્યુ છે અને અહિ મુબઈમા હુ તે માટેનો એક લેખ લખી રહ્યો છુ, (જેને ભાઇ "હિલાલી" પ્રસ્તાવના કહી ભલે ઓળખાવે હુ મ્હારા વાચકોને તેને તે રૂપમા નહિ ગણી લેવાની વિનતી કરૂ છું) જ્યારે નવસારીથી મ્હારા મિત્ર મને "અણધારી દીશામા દોરવાનુ" જોખમ ખેડીને પણ આ અણદીઠી વસ્તુના ગુણગાન ઉતાવળે ગાઇ નાખવાના આમત્રણ ઉપર આમંત્રણ ઠોકી રહ્યા છે! પુસ્તક વાચ્યુ હોત તો ઉપલા વાદને મ્હે કદાચ

વધુ વિસ્તાર્યો હોત અને ખવર્કના રહસ્યો સમજાવવાની ઉપલી મન્ઝિલ ખેડતા, માર્ગમા તેમાની કેટલીક હિકાયતો ઉદાહરણરૂપે ચવવાની તક પણ કદાચ લીધી હોત પણ હવે, જ્યા આ લેખને નથી પ્રસ્તાવના રૂપે ગણવાનો કે નથી તુલના રૂપે, ત્યા મઝકૂર ત્રુટિ વિષેનો વિલાપ વ્યર્થ ન હોય તોયે અસ્થાને તો છેજ વાચકોને મારી વિનંતી છે કે તેઓ **"માથાં કરતાં પાઘડી મ્હોટી"** જેવા કંઈક વધારે લબાઇ ગયલા આ પરિચયને "ખવર્કે ખુદા"ના એક ભાગ તરીકે વાચે ગમે તે હોય, મ્હે તો એવાજ હેતુથી આ લીટીઓ લખી છે

હુ **"હીલાલી"** ના સાહસને સફળતા ઇચ્છુ છુ અને શ્રમની જઝા માટે હુ આ માગુ છુ **"વમા વતફિ.કી ઇલ્લાહ બિલ્લાહ" વસ્સલામ.**

૧૪ મા રમઝાનુલ મુબારક ૧૩૪૨ હી "જાસિમ હાઉસ" કોલાબા—મુબઈ	**મીસ્કીન** **"મુનાદી."**

ખૌફે ખુદા

અથવા

ગંજે હિકાયત.

હીકાયત ૧લી—

રીવાયત છે ઇબ્ને અબ્બાસ (રદીઅલ્લાહો તઆલા અનહુમા)થી કે, અગર કોઈ આબેદ (ઈબાદત કરનાર) એવી પ્રાર્થના કરે કે બન્દગી કરતા કરતા તેની કમર કમાનની માફક વાકી વળી જાય અને એટલા રોજા રાખે કે કમાનના તીર માફક પાતળો થઈ જાય, તો પણ જો તેણે હલાલ કુત અર્થાત્ જાત મહેનતથી મેળવ્યા વગરનુ ખાધું હશે તો તેને તે ઈબાદત અને રોજાની તકલીફ કાંઇ પણ કામ આવશે નહી. અને કશમ છે અલ્લાહુતઆલાની કે હલાલ રોજી તથા સચ્ચાઈથી તે વેગળો હશે તો તેની તે સર્વ સ્તુતી મીથ્યા નીવડી તેને કાંઈજ લાભ આપનાર નથી.

હીકાયત ૨ જી—

બુખારામાં એક બુઝુર્ગ દરીયા કીનારે બેઠા હતા, તેવામાં એક સેબ ફળ તરતું નજરે આવ્યુ. તેમણે તેને દરીયામાથી લઈને ખાઈ લીધુ. ખાધા પછી પોતાના દીલમા વિચાર થયો કે, અરે, આ સેબ તો મે ખાધું; પરંતુ ખુદા જાણે કે તે હરામ હતુ યા હલાલ ?! આ સખ્શ દરીયાના કીનારે કીનારે ચાલવા લાગ્યા અને ખુદાના ખોફથી તે સેબના માલીકની તલાસ કરવા લાગ્યા. તેમનો વિચાર એ હતો કે સેબનો માલીક મળી આવે તો હુ તેની પાસે માફી માગુ, અથવા તેની કીમત આપી આ અપરાધમાથી મુકત થઈ જાઉ. તેઓ ચાલતા ચાલતા એક બગીચા પાસે આવી પહોચ્યા કે જ્યા સેબના ઘણાક ઝાડો હતા એક ઝાડ બીલકુલ દરીયાને કીનારે હતું જેથી તેમને ખાત્રી થઇ કે મજકુર સેબ આ ઝાડમાથીજ પડેલુ છે. પછી તેઓ બગીચામા ગયા અને તેના રખેવાળ પાસે જઈ કહેવા લાગ્યા કે મે તારા બગીચાનુ એક સેબ ખાધુ છે માટે મને માફ કર તેણે જવાબ આપ્યો કે હુ તો નોકર માણુસ છુ અને માલીક તો બીજા બગીચામા રહે છે માટે ત્યા જાઓ, મને માફ કરવાનો અખત્યાર નથી પછી તે બુઝુર્ગે બીજા બગીચામા તેના રખેવાળ પાસે

આફ્રીનો સવાલ કર્યો. તેણે પણ મજકુર રખેવાળ જેવો જવાબ આપ્યો અને કહ્યું કે બગીચાનો માલીક બલખમા રહે છે તેથી બુઝુર્ગે ખ્યાલ કર્યો કે આ સેબના બદલામાં દોઝખમાં જવા કરતા બલખમા જવું બહુ સહેલુ છે એમ વીચારી તે બલખ તરફ રવાના થયા અને ઘણીએક મુસીબતો વેઠતા વેઠતા ત્યા પહોંચી માલીકની તલાશ કરી અને તેને કહ્યુ કે મેં તારા બાગનુ એક સેબ ખાધુ છે તેથી મને માફ કર. તેણે જવાબ આપ્યો કે એ વાત ખરી છે કે ઘણીએક મુદ્દત થયા એ બાગ ખરીદ કરવાનો મે વીચાર કર્યો છે, લેકીન તેની કીમત નક્કી થઈ નથી અને તે મારી માલીકીમા આવ્યો નથી તેથી હુ માફ નહિં કરી શકું. હાલમા તેનો માલીક કુફામા રહે છે.

આ હકીકત સાભળી મજકુર બુઝુર્ગ બહુ વીચારમા પડી ગયા, કારણકે બલખથી કુફા બહુજ છેટુ અને રસ્તામાં ઘણી ઘણી મુસીબતો હતી અને એ વખતમા એવુ કોઈ સાધન પણ નહોતું કે જેનાથી જલદી પહોચી શકાય, તે છતા આપે ખુદાનો ખોફ કરી, તેવી લાબી મુસાફરી અને તકલીફોને ધ્યાનમાં નહિ લેતાં, કુફા તરફ રવાને થયા કેટલીક મુદત બાદ ઘણી તકલીફો વેઠી ત્યાં પહોંચ્યા અને માલીકની તલાશ

કરી તો તે એક કપડાંની દુકાન ચલાવી રહ્યો હતો આપે સલામ કરી અને સેબ તથા પોતાની મુસાફરીની બધી હકીકત કહી સભળાવી અને કહ્યું કે હવે તમે એ સેબ મને માફ કરો, યા તો કોઈ તેનો બદલો મારી પાસેથી લો, કે જેથી એ ગુનાહથી હુ મુકત થઈ જાઉ અને ખુદા પાસે મારે શરમીંદુ થવુ પડે નહીં. બગીચાનો માલીક બહુજ વીચારમા પડી ગયો અને પોતાના મનને કહેવા લાગ્યો કે આ માણસ બહુજ પરહેજગાર અને બુઝુર્ગ શખ્સ છે, જેથી એક સેબના બદલામા આટલી લાબી મુસીબતભરી મુસાફરી કરી, માફ કરાવા આવ્યો છે આટલો વીચાર કરી, તે બુઝુર્ગનો હાથ પકડી ઘણી તાઝીમની સાથે પોતાને ઘેર લેઇ ગયો અને ઘણી મહોબ્બતની સાથે ખાવાની ચીજો તૈયાર કરી એમની સામે લાવી કહ્યુ કે આપ સફરથી કંટાળેલા છો માટે થોડુ ઘણુ ખાઇ લ્યો બુઝુર્ગે કહ્યું કે જ્યા સુધી તે સેબ મને માફ નહી કરો ત્યા સુધી હુ ખાઈ શકતો નથી

બાગવાળાએ કહ્યુ કે એ બાગની માલીક મારી છોકરી છે, તેને ગમે તેમ સમજાવી માફ કરાવીશ, પણ પહેલે આપ ખાઓ આપે ઘણી આનાકાની બાદ ખાધુ ખાઈ રહ્યા પછી સોદાગર ઘરમા ગયો અને ઘરના

માણુસોને કહેવા લાગ્યો કે આ શખ્સ બહુજ પરહેજગાર અને બુઝુર્ગ છે એમ કહી બધી હકીકત કહી સંભળાવી વળી કહેવા લાગ્યો કે મે અહદ કીધો છે કે મારી છોકરીના નીકાહ આ આલીમ સાથે કરીશ કારણુ કે હવે પછી આવો બુઝુર્ગ શખ્સ મળવો બહુ મુશકેલ છે. તેની ઐારતે કહ્યુ કે આપના જેવો, આ શહેરમાં કોઇ સોદાગર નથી અને છોકરી પણુ ખુબસુરતીમાં કાંઇ ઓછી નથી, માટે શહેરના લોકો તાઅનો દેશે કે આટલા મોટા સોદાગરે પોતાની છોકરી એક ભીખારી અને મુસાફર સાથે પરણાવી દીધી ! સોદાગરે કહ્યુ કે એ વાતની મને બીલકુલ પરવાહ નથી કારણકે તે વાતો દુન્યવી છે, માટે હુ મારો અહદ જરૂર પુરો કરીશ આટલુ કહી સોદાગર બુઝુર્ગ પાસે આવી કહેવા લાગ્યો કે મે મારી છોકરીને માફ કરવા માટે કહ્યુ પણુ તે કહે છે કે એ શખ્સ મારા સાથે નીકાહ કરે, તો તેને માફ કરૂં. વળી તે છોકરીમા ત્રણુ એબો છે. એક તો તે આંખે આધળી છે બીજુ કાને બહેરી છે અને ત્રીજુ હાથે લુલી છે બુઝુર્ગે ખ્યાલ કર્યો કે આવી ઐારતથી નીકાહ કરવા એ એક મુપ્રનની પચાન માથા પર ઉઠાવવા જેવુ છે પરંતુ કઇ નહિ, એ પણુ દોઝખના અઝાબ કરતાં તો સારૂં છે, એમ વીચારી સોદાગરને કહ્યુ કે

અગર જો તે સેબ માફ કરતી હોય તો મને કબુલ છે. આ સાભળી સોહાગર ઘણો ખુશી થયો અને આપને ઘરમા લઈ જઈ, કાજીને બોલાવી, નીકાહ પઢાવી દીધા ત્યાર બાદ તે બુઝુર્ગે જોયુ તો, તે આખે, કાને, હાથે તંદુરસ્ત અને સોંદર્યમા બેમીસાલ છે. આપ આ હકીકત જોઈ, વીચારમા માથુ નમાવી બેઠા એટલે છોકરીની માએ પુછ્યુ કે, આપ ઘભરાઓ છો શા માટે? બુઝુર્ગે જવાબ આપ્યો કે હુ તમોને બહુ સારા માણસ ધારતો હતો પણ તમો તો જુઠા નીકળ્યા અને એટલી ખરાબી બીજામા નથી જેટલી જુઠામા છે, કારણ કે તમોએ જે વાતો આ છોકરીને માટે કહી હતી તે તેમા જોવામા નથી આવતી પછી છોકરીની માએ જવાબ આપ્યો કે, આપને જે આ છોકરીને માટે તેના બાપે કહ્યું હતુ તે બીલકુલ સાચુ છે અને એક પણ વાત જુઠી નથી સાભળો એ આખે આધળી એમ છે કે તે કોઈ પરાયા મરદને જોતી નથી, કાને બહેરી એમ છે કે તે કોઈની ગીબત અને ખરાબ વાતો સાભળતી નથી હાથે લગડી એમ છે કે તે કોઈની ચીજને હાથ લગાડતી નથી એટલે ચોરતી નથી અને પોતાના હાથે કોઈને તકલીફ આપતી નથી. તે બુઝુર્ગ આ વાતો સાંભળી ઘણા ખુશ થયા અને બે રકાત નમાઝ પઢી

ખુદાનો શુકરીયો અદા કર્યો. તે બાદ ગૈબથી અવાઝ આવી કે, અય ફકીર! તેં જે તકલીફ અને મહેનત અમારી ખુશનુદી માટે ઉપાડી તેનો બદલો તને દુન્યામા મળી ગયો અને આખેરતમા પણ ઘણીએક ચીજો તારે માટે બક્ષીસ કરી દીધી

હવે મારા ઇસ્લામી ભાઇઓએ જાણવું જોઇએ કે તે બુઝુર્ગે એક સેબ કે જેની કીમત હાલમાં બે કે ત્રણ પૈસા થાય છે, એવી જુજ (ઓછી) કીમતના ફળ માટે કેટલી કેટલી મુસીબતો ઉપાડી તેને માફ કરાવવા ગયા અને તેનો બદલો ખુદાએ દુન્યામા આપ્યો અને આખેરતમા પણ આપવાનો વાયદો કર્યો. તેથી આપણે વીચારવુ જોઈએ કે લોકોનો માલ હજમ કરવા અને પૈસો હોય તો તેનુ વ્યાજ ખાવા, બલકે હરામની રોજી તરફ સદાયે નીગાહ રાખવા માટે જરાપણ ડરતા નથી, તો આપણો શુ હાલ થવાનો? કારણ કે મજકુર બુઝુર્ગ તો આલીમ અને પહરેઝગાર હતા અને અમે તો ખુદાના હુકમોને કોઈ હીસાબમાં ગણુતા નથી માટે આખેરતનો ખ્યાલ કરી ખુદાથી ડરી અને આપણા નબીએ કરીમ (સલ) ની શફાઅતની ઉમીદ કરી, એવી દરેક હરામ રોજીથી બચવુ અને ખુદાના હુકમો ઉપર ચાલવુ કે જેનાથી કયામતના દીવસે શરમીંદુ થવુ પડે નહિ.

હીકાયત ૩ જી—

એક વખતે હજ્જની મોસમમાં હ ઈબ્રાહીમ અદહમ અને શફીક બલખી (રદી) ની બયતુલ્લા (મક્કા શરીફ) મા મુલાકાત થઈ થોડાજ દીવસો ઉપર હીઈબ્રાહીમ અદહમે, રાજપાટ ત્યજી દઈને ફકીરી ધારણ કરી લીધી હતી આથી શફીક (રદી.) એ ફકીરી હાલત અને પોશાક નીહાળીને આપને અજાયબી સાથે પુછ્યુ કે, અએ ઈબ્રાહીમ! તમે તો એક તાજદાર અને જાહોજલાલીના ધણી હતા, જમીનના ઘણા મોટા ભાગ ઉપર તમારો કાબુ હતો, તમો ર કોની ફર્યાદ સાભળનાર હતા, નીરાધારોના આધાર હતા, ગરીબોનુ રક્ષણ કરનાર હતા, બલકે દુનીયામા ખુદાની રહેમતના છાયડા સમાન હતા, છતા એવા કયા કારણો હતા કે જેથી તમે રાજ પાટ ત્યજી દઈને હજારો ઉમેદવારોની આશાઓને ભષ્મીભૂત કરી આ દરવેશી લેબાશ પહેરી લીધો?

હ ઈબ્રાહીમ અદહમે જણાવ્યુ કે, ઓ મારા વ્હાલા મિત્ર બલખી, એક દીવસે અચાનક મારૂ એવા જગલમા જવાનુ થયુ કે જેમા બહુજ દુરોદરાઝ સુધી કોઇ શહેર કે વસ્તીનું નામ કે નીશાન નહોતુ વળી વરસાદ નહી થવાથી જમીન સુકી હતી તેમજ કોઈ ઠેકાણે લીલોતરી પણ દેખાતી નહોતી. પ્યાસને લીધે ઈનસાનનો

તો શું, પણ પશુ પક્ષીનો પણ ત્યાં ગુઝર નહોતો. ઓચીતી એક જગાપર એક નાના પક્ષીપર મારી નજર પડી કે જે જમીન ઉપર આડુ પડેલું હતુ તેની નજદીક જઈ જોવાથી, તેના બાલ પીખાઈ જઇ પાખો ખરી પડેલી અને પગ ભાગેલા દેખાયા જેથી તે ઉડી કે ચાલીને કોઈ તરફ જવાને અશકત હતુ જ્યારે બારી કીથી તપાસ કરી તો માલુમ પડયુ કે તેના બાલ અને પાખો લાબી મુદતથી ખરી પડેલા નજરે આવ્યા પણ બીજા સર્વે અવયવો સલામત દેખાયા, તેના ચહેરા ઉપરથી તે ભુખ્યુ તરસ્યુ દેખાતુ નહોતુ આથી મને અચબો લાગ્યો અને વીચાર આવ્યો કે આ નાનકડું પક્ષી આવી દુખી હાલતમા કયાથી અને કેવી રીતે ખાવાપીવાનો બદોબસ્ત કરી શકતુ હશે? કે જ્યાં તદુરસ્ત પક્ષીઓને આ જગ્યાપર રોઝી હાસીલ કરવાને મુશ્કેલ જેવુ દેખાય છે! જેવો હુ આ વીચારમા ઉભો હતો કે એક દીશાથી ઉડતુ ઉડતુ એક પક્ષી કે જેની ચાચમા તીડ હતુ, તે પેલા અધમુવા પરીંદા પાસે બેસી, તીડના કકડા કરી, તેની સામે નાખીને પોતાના રસ્તે થયું. આ જોઇ ખુદાવદ તઆલાની ઈનાયત અને મહેરબાનીએ મારા દીલપર બહુજ ઉડી અસર કીધી. હું અજાયબીમાં ડુબવા લાગ્યો અને વીચારવા લાગ્યો કે તે

રોઝી પ્હોચાડનાર માલીક કે જેણે એક, બેબાલોપર પરીંદાની રોઝી માટે આવા ભયાનક જંગલમાં બીજા પક્ષીઓ મુકરર કીધા છે અને તેને ભુખ્યુ રહેવા દીધુ નહી. તો શુ હું તેની ઈબાદતમા મશગુલ થઈ જાઉં તો હુ ભુખ્યો રહીશ? નહી. એવુ બની શકેજ કેમ? જો કે એ પક્ષી છે, તો હુ અશરફુલ મખલુકાત છુ મને જરૂર મારા હીસ્સાની રોઝી મળતી રહેશે. બહેતર છે કે દુન્યાના કારોબારથી હાથ ઉઠાવી લઉ કેમકે દુન્યાના કારોબારમા ગુનાહોથી બચવાની અનેક કોશીશો કરવા છતા આખર ગુનાહથી બચી શકતા નથી તે ખાલીકુલ ખલ્ક ઝાતે ઇરશાદ ફરમાવે છે કે—

"ઈન્નમા અમવાલોકુમ વ અવલાદોકુમ ફીત્નતુન"

(અર્થ) યાને દુન્યામા ઇનસાન માટે માલ અને અવલાદ એક ફીતના સમાન છે દાખલા તરીકે અકસર એવું બનતુ રહે છે કે જયારે ઇનસાન કારોબારમા અથવા પોતાની અવલાદની માગણીયો પુરી પાડવામાં લાગ્યો રહે છે કે બીજી તરફથી નમાઝને, ખુદાની ઈબાદત માટે દાવત આપવામા આવે છે પણ ઈનસાન માલ અને અવલાદની મહોબ્બતને નજર સામે રાખી, ખુદાના હુકમો બજાવવામા સુસ્તી કરે છે. મારા અઝીઝ! મેં તો જયારથી પક્ષીઓની આ હકીકત જોઈ ત્યારથી

સલતનતનો ત્યાગ કરવો એ બહુજ સારૂં સમજી, ઘરે આવતાજ, કારોબાર બીજાના હવાલે કરવાની શરૂઆત કરવા માંડી. આખરે હવે દુન્યાના તમામ ધંધા બખેડાથી મુકત થઇને ફકત અલ્લાહપાકના નામોનુ રટણ કરૂં છુ બલખી (રદી) એ કહ્યુ, પ્યારા ઈબ્રાહીમ! એ તો તમે ઠીકજ કર્યું, પણ અફસોસ! તમે એક એબાલોપર પરીંદાની હાલત જોઈને પોતે પણ તેવાજ થયા તમને તો પેલા તંદુરસ્ત પક્ષીની પેઠે બનવુ જોઇયે, કે જે પેલા અધમુવા પક્ષીને લાવી લાવીને, આપતુ હતુ. જ્યારે તમારૂ શરીર શકતીવાન હતુ અને અક્કલ ઠેકાણે હતી તો તમારે પોતાની મેળે આવી દશા નહોતી કરવી જોઇતી જો તમે પેલા તંદુરસ્ત પરીંદાની પેઠે કામ કરતે તો તમે હઝારો ગરીબ લાચારોને ઉપયોગી થઇ પડતે શુ આપે હઝરત (સલ) નો ઈરશાદ નથી સાભળ્યો? આપે ફરમાવ્યુ છે કે ઉંચો હાથ નીચા હાથથી સદા સારો કહેવાય છે. આજકાલ કેટલાક લોકો એવા છે કે જેઓ પોતાના શરીરના સુખ સારૂ, અવલાદને તજી દઇ ફકીરી ઈખ્તેયાર કરે છે અને કહે છે કે અમોએ દુન્યાનો ત્યાગ કીધો છે. અસલ બીના તો એ છે કે તે લોકો ફકીરી અને દીનદારી તો શુ પણ દુન્યાદારીની પણ સમજ ધરાવતા નથી! ત્યારે

એવા બીચારા બદબખ્તો, દુન્યા શુ તજી દેશે ? ખુદ દુન્યા તેમને રખડતા રઝળતા મુકી દે છે !

શેર.

હમ બડી મુદતસે સુનતેથે કે હે દીદાર ફોક
ગોરસે દેખા તો વો દુન્યાકેભી કાબીલ નહીં

આવા નાલાયક અને નકામા લોકો જેમ બને તેમ દુન્યા તજી દે બલ્કે દુન્યાથી ચાલ્યાજ જાય તો બહુજ મુનાસીબ છે.

ધ્યાન આપવુ જોઈયે કે જ્યારે ઈબ્રાહીમ અદહમ (રદી) જેવા બુઝુર્ગને, હુઝરત શકીક બલખી (રદી) એ ફરમાવ્યું કે તમને દુખી પરીદા પેઠે નહોતુ થવુ જોઈતુ બલકે બહુજ બહેતર થતે કે જો તમે તદુરસ્ત પરીદાનો નમુનો ઇખ્તેયાર કરીને લાચાર અને દુખીયાઓને મદદ કરતે આજકાલના સુફી અને મશાયખો કે જેઓમાના કેટલાક હકીકતમા સુફીયા વર્ગને બદનામ કરે છે તેઓએ ઉપર બતાવેલા બોધ ઉપર ધ્યાન આપવું જોઈએ.

કારે શૈતા મી કુનદ, નામશ વલીસ્ત
ગર વલી ઈનસ્ત, લાનત બર વલીસ્ત.

એટલે—શૈતાની કામ કરે અને વલી તરીકે ઓળખાય જો એવાજ વલી હોય તો લાનત છે તેવ

વળી ઉપર ! અય વ્હાલા દોસ્તો ! નેક પેશવા ઇખ્તેયાર કરો, દુન્યામા ઇઝઝત મેળવો, દીન અને દુન્યા બંને તમારા માટે છે જુઠા સુફીયો અને જાગીરદાર પીરોથી, કે જે તમારૂ ખુન નીચોવી નીચોવીને, પોતાનું પાપી પેટ પાળે છે અને ફકીર બની શાહી ઠાઠમાઠમા જીંદગી ગુજારે છે તેમજ બીદઅતી કામોના શીકાર થઈને શરીઅતને ખરાબ કરે છે એવા લોકોથી હમેશા દુર રહો.

હીકાયત ૪ થી—

નકલ છે કે ઈબ્રાહીમ અદહમ (ર અ)ને જ્યારે ખુદાની મોહબ્બતનો લુત્ફ મળ્યો અને હલાલ રોજી મેળવવાને માટે જીવ લલચાયો ત્યારે દુનિયાઈ હકુમતની મજાહથી એકાએક દીલ ઘભરાયુ અને એક દમમા દુનિયાની રાજસત્તાનો મોહ પડતો મુકી દીધો અને ખ્આલ કર્યો કે ખુરાશાનમા હલાલ રોજી મળી શકે એમ નથી માટે કોઈ બીજે સ્થળે જવુ ઠીક સમજી આપ ઇરાકના મુલકમાં ગયા. અહીં આપ ચારે દીશાઓમા ફર્યા; પરતુ અહી પણ તેમને કયાયે હલાલ રોજી મળી નહી. એથી આપ નારાજ થઈને ત્યાથી પણ આગળ ચાલ્યા અને મુલ્ક તરતુસમા પહોચ્યા અહી એક બગીચાની રખેવાળી કરવાની આપને નોકરી

મળી. માસીક દશ દીરહમના પગારે આપે તે નોકરી કબુલ કીધી.

આપે આ નોકરી ઘણી મુદત સુધી બજાવી. એક દીવસે બગીચાના માલીકને મીઠું અનાર ખાવાનો શોખ થયો આપથી કહયું કે બગીચામાથી મીઠા દાડમો લઇ આવો આપ એ હુકમ સાભળી બાગમાથી એક દાડમ લઈને માલીકને આપ્યું માલીકે તે ફાડયું અને ચાખ્યું તો ખાટું નીકળ્યુ. આથી તેણે આપને બોલાવી કહયુ કે આ અનાર તો ખાટુ છે. અમે શુ મીઠું અનાર મગાવ્યુ હતું કે ખાટુ ? આપ વળી પાછુ એક રગીન અનાર મીઠુ સમજીને તોડી લઇ ગયા. કર્મ સજોગે તે દાડમ પણ ખાટુજ નીકળ્યુ ! આથી માલીકનો ગુસ્સો સમાયો સમ્યો નહી અને ગુસ્સાના આવેસમાં બોલ્યો કે " મીઠુ દાડમ શા માટે ન લાવ્યા ?" ત્યારે આપે નાખુશ થઇને ઘણીજ નરમીથી મીઠા શબ્દોમા કહ્યુ કે "આપે મને મેવો સાચવવા બાગનો નોકર રાખ્યો છે યા મેવો ખાવાને માટે ?" એ સાંભળી માલેકે ઠેકડીનાં રૂપમાં ટકોર કરીને કહ્યું કે "કઈ મુદતથી તમે બાગ સાચવો છો, પરતુ હજી સુધી મીઠાં ખાટાની પણ તમો તમીઝ કરી શકતા નથી ! ત્યારે તમે એવા તે શું મોટા ઇબ્રાહીમ અદહમ થઈ

ગવા કે પરહેઝગારી અને દયાનતદારીમાં હમ આરી રહ્યા છો ?"

બગીચાના માલેકના આ વાકયો સાંભળતાજ આપે નોકરી છોડી દઈને બાગની કુંચી હવાલે કરી દીધી. આપના આ વર્તનથી પેલો બાગનો માલીક સમજી ગયો કે ખરેજ ઈબ્રાહીન અદહમ (ર અ.) એઓજ છે. તે પછી તેણે આપની ઘણીજ માફી ચાહી ખુશામદ કીધી, પરંતુ તેમણે તે પછી કંઈજ કબુલ કર્યું નહી. અને ફરમાવ્યુ જે પહેલા તો મજુરી હતી અને હવે તો બુઝુર્ગી છે અને હમો તો મહેનતનુજ ખાઈએ છીએ જેથી તકવા તહારતને વેચતા નથી એમ કહીને ચાલતા થયા અહીથી આપ મુલ્ક સામમા ગયા, જ્યાં હઝરત શકીક બલખીથી આપની મુલાકાત થઈ. તેમણે આપથી પુછયુ કે "અએ બીરાદર ઈબ્રાહીમ, કેમ શું હાલ છે ? આપે જવાબ આપ્યો કે "શું કહુ દોસ્ત ? હલાલ રોજીની શોધ માટે શહેરે શહેર, જંગલો જંગલ અને પહાડે પહાડમાં માર્યો માર્યો ફરૂં છું; પરતુ કોઈ ઠેકાણે તે મળી શકતું નથી !"

હીકાયત ૫ મી—

નકલ છે એક મુત્તકી ખુરાશાનીની કે તેઓ હલાલ રોજીને માટે મુલ્ક શામ તરફ ગયા ત્યાના લોકોએ એમને કહ્યુ કે હઝરત હસન બસરીને ઘર સીવાય તમને કોઇ જગ્યાએ હલાલ કુત મળવુ મુશ્કેલ છે પછી તમો કયા પણ જશો તો તમને તે મળશે નહી. એ સામ્ભળી તે શખ્સ હસન બસરીને ત્યા ગયા અને હલાલ કુતની દરખાસ્ત કરી, તેમણે કહ્યુ કે મારે ત્યા વળી હલાલ કુત કયાથી આવ્યુ ? મને તો લોકો ફકીર સમજીને કઇ કઇ આપી જાય છે ત્રણ દીવસ પછી તો હરામથી હલાલ થઇ જાય છે જેથી લગાર શકિતને માટે ખાઇ લઉ છુ એ સાભળી તે નાઉમેદ થયો ત્યારે હસન બસરીએ કહ્યુ કે આ ગામમા એક બીજો શખ્સ રહે છે તેને ત્યા હલાલ કુત તમને મળશે માટે ત્યા જાઓ તે માણુસનો બરાબર પ-તો લઇએ મુત્તકી ત્યાં પહોચ્યા જુએ છે તો તે માણુસ પોતાના બળદોને પાણી અને ઘાસ ખવાડવા ઓ'ર છોડી રહયો હતો અને તકલીફ આપ્યા વગર બળદોથી કામ લઇ રહ્યો છે, તેમજ કોઇ કોઇ વખતે બળદોને છોડી પણ મુકતા હતા. એ જોઇ મેં તેનેથી સલામ અલૈક બાદ હલાલ કુતની માગણી કરી ત્યારે તે ખેડુને કહ્યું કે ભાઈ,

અગર તમો જરા આગળથી આવ્યા હોત તો તમને મળતે. હવે રહ્યું નથી જેથી દીલગીર છુ. કેમકે એક દીવસે આ બળદો એક બીજા સાથે લડતા લડતા બીજાનાં ખેતરમા ચાલ્યા ગયા, અને ત્યાથી પાછા આવ્યા ત્યારે તે બીજાના ખેતરમાંની મટોડી એઓની ખરીમાં રહીને મારા ખેતરમાં આવી મળી ગઈ, જેથી હવે આ ખેતરનો માલ હલાલ જેવો રહેલો હુ માનતો નથી જેથી હું ઘણોજ દીલગીર છુ કે તમારી માગણીને પહોંચી શકતો નથી

હીકાયત ૬ ઠી—

ઈબ્રાહીમ શેબાની (ર. અ) રૂમના એક બાદશાહથી નકલ કરે છે કે આ બાદશાહનો એક શાહજાદો મુસલમાન થઈ ગયો. બાદશાહે જ્યારે એ ખબર સાભળી તો તેને મારી નાખવાનો વિચાર કર્યો છોકરાને જ્યારે બાદશાહના આ ઠરાવની ખબર પડી ત્યારે તે જાનના અમાન માટે દારોસ્સલામ (મકકા) તરફ ચાલ્યો ગયો, અને ત્યાં સ્હાઠ વર્ષ સુધી એબાદત ઇલાહીમા મશગુલ રહયો. જ્યારે તે ત્યાં એકાએક બીમાર પડો ગયો તો, ઈબ્રાહીમ શેબાની કહે છે કે મેં તેમની મુલાકાત લીધી

અને તેમનો હાલ પુછયો. તેઓ એક ખાટ ઉપર પડેલા હતા. તેમનો એ હાલ જોઇ મને ઘણોજ અફસોસ થયો. તેમને મે કંઇ ચીજની હાજત છે ! એમ પુછયું તેમણે કહ્યુ કે "હા, મને એક મીઠું અનાર લાવી આપો." આથી હું ત્યાથી ઉઠયો અને જંગલ તરફ જઈ થોડા લાકડાઓ એકઠા કરી તેને વસ્તીમા વેચી એક મીઠુ અનાર વેચાતું લઈને એમની પાસે આવ્યો. તેમણે તે અનાર હાથમા લઈને મને પુછયુ કે એ કયાથી લઇ આવ્યા ! ત્યારે મે સઘળી સત્ય હકીકત તેમને કહી ત્યારે તેમણે મને સવાલ કર્યો કે જે હથીયાર વતી તમે લકડાઓ કાપ્યા હતા તે હથીયાર વિષે તમો વિચાર કરો કે તે હથીયાર નેક ચલણુ છે યા બદ ચલણુ ! જ્યારે તેનો મે પુખ્ત વિચાર કર્યો તો તે હથીયાર મને બદ ચલણુ જણાયું. અને મે કહ્યુ કે ખરેખર શેખ સાહેબ, એ હથીયાર બદ ચલણુ છે. આટલું કહેતાજ તેમણે તે અનારને હાથમાંથી મુકી દીધું ને કહ્યુ કે એવુ અનાર હું ખાતો નથી. પછી મે તેમને ઘણુાજ સમજાવ્યા કે હું ઘણીજ મેહનત મશાકતથી તમારે માટે લાવ્યો છુ તમારા દીલની આરઝુ પુરી કરવાને મે કાંઇ ખીયાલ કર્યો નહતો અને આરઝુથી દીલીએ દીલનુ ખુન કર્યું !

પછી થોડીવારે તેમણે કહ્યું કે, શેખ શમશાહ (...) સાથે મળવાને મારો જીવ ચાહે છે. ત્યારે એકાએક મગરેબ બાદ શેખ શમસાહ પણ ત્યા આવી પહોંચ્યા. તેમને મેં પુછયું કે કયા વખતે તમો ઘરથી નીકળ્યા હતા? અને અહીંથી તે મુકામ કેટલું દુર છે? તો તેમણે કહ્યુ કે, તે જગ્યા અહીથી સાવથી આઠ માઈલ દુર છે પણ મગરેબની નમાજ બાદ મને એલ્હામ થયો કે ફલાણો જવાન તમારી મુલાકાતનો મુશ્તાક છે. એ સાંભળતાજ હુ ત્યાથી નીકળ્યો અને હમણાજ હુ અહીં આવી પુગ્યો છુ. પછી પેલા બીમાર મુત્તકી શાહજાદાથી મુલાકાત થઈ, તેઓ ઘણાજ ખુશ થયા ઘણી દીલી વાતો થયા બાદ તે જવાને પોતાની જાન બહકક તસલીમ કીધી. કાલુ ઈન્ના લીલ્લાહે વઈન્ના એલેહે રાજેઉન.

હીકાયત ૭ મી—

નકલ છે કે વહબ બીનલ વરદ્દીલ મનકી મૂતલાસી હલાલ કુતને બહુજ પસદ કરનારા હતા. એક દીવસે મક્કા મોઅઝઝમામાં સફા મરવાની પાસે એક ખજુર વેચનારને જોયો. તેને આપે પુછયું કે ખજુર ક્યાંથી લાવ્યા છો અને તે સારી છે કે? એ સાંભળી તે નાખુશ થયો અને કહેવા લાગ્યો કે, "આ ખજુર

નાહક બખેડા કરો છો? લેવી હોય તો લઈ લો, અને ન લેવી હોય તો રહેવા દો ને રસ્તે પડો " એ સાંભળી આપે કહ્યું કે, "શક શુબાહની ચીજથી હું પરહેજ કરૂં છુ જેથી આટલું પુછવાની મને જરૂર પડી છે" ત્યારે ખારેકવાળાએ કહ્યું કે "કેવી અજાયેબીની વાત છે કે મીસરની જે રોટીઓ છે તે તો મશકુક (શક ભરેલી) છે અને તેને તમો સુબહાનલ્લાહ, બેલાશુબાહ (શક વગર) હલાલ સમજીને ખાઓ છો અને આ ખારેકને માટે આટલી બધી તેહકીક કરી રહ્યા છો?' એ સાંભળીને આપ ઘણુજ રડયા અને કસમ ખાધી કે, હવે પછી ખાવાનું ખાઈશજ નહીં. એમ કરી આપ ભુખ્યા રહેવા લાગ્યા ત્રણ દીવસ બાદ જનાબે બારીમાં પહેલાં ઘણાંજ ગીરીયાઓ જારી કરતા અને કહેતા કે એ ખુદા, તુ ખુબ જાણે છે કે ઘણીજ ભૂખના સબબે જાનનો ડર છે અને જીંદગીના ભયથી લગાર જરૂરુલ-કદર ખાવું છું, માટે મને માફ કરજો અને હશ્રના દીવસે જલીલ અને ખ્વાર કરશો નહી. ત્હારા કરમો ફઝલથી હું એવીજ ઉમેદ રાખું છું. એમ કહી ત્યાર પછી કેટલાક લુકમાઓ આપ ખાતા હતા. આપ શાગેર્દોને હર હમેશ સખ્ત નસીહત કરતા કે, ખબરદાર, હલાલ-કુતની તલાસથી કદીએ ગાફેલ રહેશો નહીં,

કેમકે હલાલ કુત સીવાય કોઈપણ ઈબાદત કબુલ થતી નહીં. અગરચે ગમે એટલી જાતને તકલીફ આપી હશે તો તે સર્વ મીથ્યા છે.

હીકાયત ૮મી—

નકલ છે કે, એક સીસ્તાની મુત્તકી રાત દીવસ હલાલ કુતની શોધમાં રહેતા હતા એમને જ્યારે ખબર થઈ કે, અમુક ગામમાં એક મજુસીએ હલાલ કુતથી અણોજ અનાજ વધાર્યો છે. આપ તે મજુસી પાસે ગયા અને કહું કે તમે અનાજ વેચશો ? તેણે કહું કે હા, વેચીશ. તમો કયાં રહો છો અને કયાંથી આવ્યા છો ? ત્યારે તેમણે કહુ કે હું સીસ્તાનમાં રહું છું અને હલાલ કુતનો તલબગાર છુ. મે સાભળ્યુ છે કે તમો તે રાખો છો માટેજ તમારી પાસે તે લેવા આવ્યો છું. એ સાભળી તે મજુસી બોલ્યો કે સુબહાનલ્લાહ, આટલે બધે દુરથી તમો આવ્યા છો અને હલાલ કુન શું તમોને કોઈપણ સ્થળે મળ્યુંજ નહી?! ખેર તે મ્હારી પાસે મોજુદ છે, પરંતુ વલ્લાહો આલમ, તમારા પૈસા હરામ માલની કીંમતના છે યા હલાલના તે માટે મને શક છે અને તે સબબે મારે તે તમોને વેચવું મંજુર નથી. આ સાભળી તે પરહેજગાર નાઉમેદ થઈ ચાલતા થયા.

ઘણીજ ભૂખને લીધે તેઓ બેહાલ થયા. અને લા ઈલાજે જંગલમા ગયા અને ત્યાં ઝાડોના પાંદડાંઓ ખાવા લાગ્યા. એમ કરતાં ઘણાક દીવસો વીતી ગયા. અને એવી હાલત થઈ ગઈ હતી કે પેટમાંની આંતરડીઓ પણ લીલી થઈ ગઈ! આખરે તેમને સીનામાં એલ્હામ થયું કે અએ આબેદ, હવે તુ પાક થયો છે તેમજ ત્હારૂ પેટ સઘળી બુરાઈથી સાફ થયું છે, માટે જા ત્હારે મુકામે જઈને બેસ, ખુદા સર્વ ઠીક કરશે. આથી આ શખ્સ ત્યા ફરી દેખાયાજ નહી. શું આવા પાક સાફ હૃદય ધરાવનારા આબેદોના સમયમાં ઈસલામ આજના જેટલી સખ્તીમા હશે? નહી. ઈસલામની હકકાનીયતની ઢગલાબધ તારીફો તવારિખ પુરી પાડે છે તે તેજ જમાનાના સાચા મુસલમાનોનો સદકો છે.

હીકાયત ૯મી—

નકલ છે કે એક દીવસે કેહમન બીન હુસેન, મઝમઉલ અહબાબમા બેઠા હતા ત્યારે તે વખતે બેઠા એક તેમના હાથમાથી હલાલ કુતનો એક દીનાર હતો તે પડી ગયો. તેની ઘણી તલાસ કીધી પણ તે મલ્યોજ નહીં. થોડીવાર પછી એક દોસ્ત એક દીનાર લઈને

જાહેર થયો ને મોહમદ બીન હુસેનથી કહ્યું કે લ્યો આ તમારો દીનાર મળી આવ્યો છે. આપે તેઓ જોઈને કહ્યું કે, "એ દીનાર મ્હારો નથી." આથી દોસ્તોએ તેમને ઘણા સમજાવ્યા કે, "બેશક એ દીનાર તમારોજ છે કેમકે હમારા કોઈની પાસે દીનાર હતોજ નહીં, તેમ કોઈનો કાંઈ ખોવાયો નથી એ સાંભળીને આપે કહ્યું કે "અગર કોઈ બીજાનો કદાચ ગુમ થયો હોય તો તેની અજુગતી શું? શું તે ઉપર કાંઈ મ્હારૂં નામ લખેલું છે? માટે હવે હું શક-શુબહાની ચીજને હાથ કરી શકતોજ નથી," એમ કહી તેમણે તે દીનાર લીધો નહી.

હીકાયત ૧૦મી—

નકલ છે જે ઈબ્રાહીમ અદહમ (ર. અ.)થી કે એક વખતે મેં બયતુલ મુકદ્દસમાં નીમાજ પઢી રહ્યા પછી સઘળા નમાઝીઓ ચાલ્યા ગયા બાદ મોડી રાત સુધી મસજીદમાં બેસી રહ્યો હતો એવામાં હું જોઉં છું કે બે ફીરસ્તાઓ આસમાનથી ઉતર્યા અને મેહરાબ પાસે આવીને ઉભા રહ્યા. એકે કહ્યું કે, 'કમબખ્ત' કોઈ આદમ ખાસ માલમ પડે છે." એ સાંભળી બીજાએ કહ્યું કે "હા, એ તો ઈબ્રાહીમ અદહમ છે." બીજે એકે પાછું કહ્યું કે હાં, પેલાજ ઈબ્રાહીમ અદહમ (ર. અ.) છે કે

જેઓ બે હજાર બનના છે અને જાંબાજીના દરજ્જાની વીલાયતે પહોંચ્યા હતા, અને જરાક જેટલી લગજશને લીધે તેઓ તે દરજ્જાથી પાછા નીચે પડી ગયા. અફ-સોસ છે તેમના હાલ ઉપર" ત્યારે બીજાએ કહ્યુ કે, "તે લગજશ શું હતી?" ત્યારે પહેલાએ કહ્યુ કે એક દીવસે તેમણે બસરાહમાં ખારેકો ખરીદી હતી ત્યારે ત્યા જમીન પર એક ખારેક પડેલી હતી તે તેમણે લઈને ખાઈ લીધી. આ ખારેક ખાતાંજ તેવણુ પોતાના દરજ્જાથી પડી ગયા" એ સાભળતાંજ ઇબ્રાહીમ અદ-હમ (ર અ) રડતા અને ચીખો મારતા સદ હજાર ખ્વારી અને ગીરીયાઓ જારી સહીત બસરાહમા પહોચ્યા અને તેજ ખારેક વાલાની પાસેથી ખારેકો વેચાતી લીધી અને તેને એક ખારેક પાછી આપી દીધી, અને પોતાનો સઘળો હાલ તે ખારેક ફરોશને કહી સંભ-ળાવ્યો તેમજ ખારેકનો કશુર માફ કરાવ્યો એમ કરી આપ પાછા રડતા અને ચીખો મારતા બયતુલ મુકદ્દસ તરફ આવ્યા; ઇશાની નમાજ બાદ આપ પાછા મોડી રાત સુધી મસ્જીદમા બેસી રહ્યા જયારે સઘળા નમા-જીઓ ચાલ્યા ગયા અને રાત મોડી થઈ ત્યારે પ્રથમની માફક પાછા બે ફીરસ્તાઓ હાજર થયા. તેમાથી એકે કહ્યુ કે, "અહીં કોઇ આદમ બસરની બો આવે છે"

ત્યારે બીજાએ કહ્યું કે, "હા, એ તો ઇબ્રાહીમ અદહમ (ર. અ) છે." ત્યારે બીજાએ કહ્યુ કે, "શું પેલાજ ઇબ્રાહીમ અદહમ (ર. અ) છે કે જેઓ પોતાના દરજ્જાથી હેઠા પડયા હતા અને ગીરીયાઓ જારી કરીને પાછા ફઝલે ઇલાહીથી પોતાના અસલ દરજ્જે જઇ પહોચ્યા છે?" એ સાભળી ઇબ્રાહીમ અદહમને સંતોષ થયો અને હજારો હજાર ખુદાના શુકરાના કર્યા.

પરહેજગારીના સોગ કરનારા આધુનીક સમયના ઇસલામીઓ આ ઉપરથી કાંઈ પણ ઇબ્રત લેશે કે?

હીકાયત ૧૧ મી—

નકલ છે કે એક વખતે હઝરત બાયઝીદ બોસ્તામીને કહેવામા આવ્યું કે, આપને ઇનઆમ વ એકરામ ઇલાહી થયો તે વિષે કાંઇ બ્યાન તો ફરમાવો ત્યારે આપે ફરમાવ્યુ કે તેની ગણત્રી કેમ અને કેવી રીતે કરી શકુ? કેમકે તેની ઇનાયત બેશુમાર છે જેમકે એક હજાર ઇનઆમથી પણ વધારેમા વધારે એક આ છે કે એક વખતે પાછલી રાત્રીએ મે ઇચ્છીયું કે તોહજ્જદની નમાજ પઢું પણ તુરતજ મારા નફસે સુસ્તી કીધી જેથી હું ગાફેલ રહ્યો થોડીવાર પછી મને પાણીની ઘણી તરસ લાગી આવી, તેથી હુ ઉઠયો અને મારૂં

પેટ જ્યા સુધી-ભરાયું ત્યાં સુધી પાણી પીધુ. પાણી પીધુ તો ખરૂં પણ પછી મને મનમા વિચાર આવ્યો કે અરે જીવ, મારા પોતાના કામમા કેવી કાળજી મે રાખી અને રાહે હક ઉપર મે સુસ્તી કીધા! બસ ત્યાર પછી મે કસમ ખાઇ લીધી કે હવેથી એક વરસ સુધી મ્હારે પાણી પીવુજ નહી ફઝલે ઇલાહીથી એક વરસ સુધી બન્યું પણ તેમજ અને હું નફસના ઉપર ગાલેબ રહ્યો જ્યારે તરસ ઘણીજ સખત લાગતી તો હું મ્હારા ખોબામા પાણી લેતો અને તેમા થોડુ મટોડુ નાખતો અને હલકમાથી જરા લગાર ઉતારી જતો એ રીતે આતશ માહદાહને ઠંડો કરી દેતો, અને નફસને બહુજ નશીહતો કરતો કે અએ નફસ, એબાદતે ઇલાહીમા ખબરદાર, જરાબી સુસ્ની કરીશ મા, નહી તો યાદ રાખજે કે, આ તો તુ ફકત પાણીથીજ મોહતાજ છે પણ પછી તો ઉમર ભર ખાવાથી પણ હાથ ધોઇ બેસશે!

મ્હારા પ્યારા મુસલમાનો, શુ આવી રીતે નફસને કાબુમા રાખનાર ઇસ્લામના મહાન નરોએ તમારા ઉપર કાંઇ ઉપકારજ નથી કર્યો એમ તમો કહી શકશો કે?

હીકાયત ૧૨ મી—

નકલ છે કે એક બુઝુર્ગ ગરમીની મોસમમાં ફકત એકલાજ સફરે નીકળ્યા. ચાલતાં ચાલતા રસ્તો

ભુંલી ગયા અને એક જંગલમાં જઈ પહોચ્યા. અહીં રાત્રી પોતાનો દોર શરૂ કરી ચુકેલી હોવાથી નાચારીથી આ બાપડાએ અહીંજ માર્ગમાં વાસો કર્યો. વળી અબુ-'સામા પુરૂ પોતે રોજદાર પણ હતા આપે બે રકઆત નમાજ શરૂ કીધી પહેલી રકઆતમા સુરા બકર અને બીજીમાં સુરએ આલે ઇમરાન પઢી નમાજથી ફારેગ થયા ભૂખ અને પ્યાસની તકલીફમાં તંગ થઈ કહેવા લાગ્યા કે સખ્ત ગરમીમાં સફર કરવી અને આવી રીતે તકલીફ ભોગવી ભૂખે અને તરસે મરવુ તેમજ વળી સાંજે પણ રોજો એફ્તાર ન કરવો એ શું એટલુ બધું જરૂરનું હતુ ? મગર ખેર, એમાજ કાંઈ ખુદાનો ભેદ છુપાયલો હશે. માટે અએ નફસ, તુ હજી સબર કર અને એવી રીતે એકરાર થા નહીં એટલુ બોલી રહ્યા બાદ તુરતજ એક માણસ એકાએક ખુચામા થોડુ ખાણું અને ઠંડુ પાણી લઈને હાજર થયો સલામ અલેક કરી તે ખુચો મ્હારી આગળ મુકી દીધો. મે અજાયબીથી પેલા માણસને પુછ્યુ કે, એ શુ છે અને કયાંથી લાવ્યો ? ત્યારે તેણે કહ્યું કે હું ભર નીદ્રામાં પડેલો હતો મને એકાએક ખ્વાબમાં હુકમ થયો કે જલદીથી ઉઠ અને જે પણ કંઈ ખાવાનુ હાજર હોય તે લઈને ફલાણી જગ્યા ઉપર લઈ જા કેમકે ત્યા એક ખાસ

ખુદાના બંદા હજી સુધી કાંઈ પણ ખાવા પીવા વીના રોજદાર બેઠેલા છે. અને હજી રોજો પણ ઈફતાર કર્યો (ખોલ્યો) નથી. આવી રીતે મને ખાબ થવાથી જે કાંઈ હાજર હતું તે લઈને ખીદમતમા હાજર થયો છુ, માટે આપ ખાઈ લ્યો. ત્યાર પછી પાછો આપે તેને સવાલ કર્યો કે તમારૂં મકાન અહીથી કેટલું દૂર છે? તો તેણે જવાબ આપ્યો કે અહીથી મારૂ મકાન સાતથી આઠ આઠ ઉપર છે!

વ્હાલા વાચકો, આ હીકાયતને તમો કદીબી કલ્પીત માનશો નહીં એ મોનેબર કીતાબોના આધારે લખાઈ છે જે મુત્તકી આટલી બધી નફસ કશી કરે અને તેને માટે ગેબથી ખુદાની મદદ ન મળે એ તો માની શકાયજ નહી.

હીકાયત ૧૩ મી—

નકલ છે માલેક ઈબ્ને દીનારથી કે તેઓ મેવાની કીસમ અને તરકારી બીલકુલ ખાતા ન હતા બે ચાર દીવસ બાદ ફકત લુખી રોટલી પાણી સાથે ખાઈ લેતા હતા. અને જો કદાચ ગરમ રોટી મળી જતી તો તેને એવી મજાહથી ખાતા હતા કે જાણે કોઈ માણસ તરકારી સાથે ખાતો હોય! મતલબ કે ગરમ રોટલીને તરકારી સમજીને

મજાહ લઈ સંતોષથી ખાતા હતા!! એક વખતે આપ એકાએક બીમાર પડયા, પણ ફ્જલે ઇલાહીથી આપ સાજા થયા પછી એક વખતે નફ્સે ગોશ્ત ખાવાની ખાહેશ રાખી અને ઘણુંજ તંગ કરી દીધા, તો આપ લાચારીથી થોડું ગોશ્ત લઈ આવ્યા અને એક પહાડ ઉપર જઈને બેઠા અને નફ્સે ગોશ્ત માગ્યું તો આપ પેલા ગોશ્તની ખુશબો સુંઘતા અને પોતાના નફ્સને નાહાન છોકરાની પેઠે સમજાવતા હરેક તરેહથી તેને તસલ્લી આપી કહેતા કે અએ નફ્સ, જો કે જાહેરમાં હું તુને તકલીફ આપી રહ્યો છું. પણ હકીકતમાં હું તુને સુખ પહોચવું છુ. અને દુનિયાના મર્જથી તુને દૂર રાખવા માગુ છું. બલકે આખેરતની મજાહ હું તુને ચખાડું છું કે તું દુનેયાની મજાહથી દૂર રહે. અને બજાબ આખેરતથી તુને નજાત મળે, કયામતમાં જલીલ ન થાય અને કુર્બે ઇલાહીમા હંમેશાં ખુશ રહે. એ પ્રમાણે પોતાના નફ્સને સમજાવતા જતા હતા અને ઝાર ઝાર રડતા પણ જતા હતા અન કહેતા પણ હતા. નફ્સ લાચાર થયો. જેથી તે મ્હારો દોસ્ત થયો.” ત્યાર પછી આપે તેને જે કહ્યું ત પ્રમાણેજ કીધું. અને કંઈ પણ હીલાં-બહાના કર્યા નહી. આપ કહેતા કે “દીલમાં ઘણીક ખાહેશો દરીયાની માફક ઉછળતી અને જોશ

મારતી હતી પણ અલ્લાહ પાકના ફઝલથી મ્હારી સબ્ર ઈસ્તીકલાલ તે સર્વે ખાહેશોને પી જતો હતો. અને કંઈ પણ વાત ખ્યાલમા લાવતોજ ન હતો. એ રીતે મ્હારા સબરનો માદદો વધી ગયો હતો"

હીકાયત ૧૪ મી—

નકલ છે હઝરત જુનેદ બગદાદી (ર અ) થી કે એક વખતે હુ મ્હારા ઉસ્તાદ હઝરત સીર્ફ સકતી (ર અ) ની ખીદમતમાં હાજર થયો મે તેમને ઘણુજ ઉદાસ ચેહરે બેઠેલા જોયા જેથી મે તેમને અરજ કરી કે, "હઝરત, આજે મીજાજ કેમ છે ? કંઈ ઉદાસ જણાઓ છોને ?" ત્યારે આપે જણાવ્યુ કે "શું કહુ ? દોસ્ત, ગઈ કાલે એક અજાયબ હાલ ગુજર્યો. નફસે મને ઘણોજ તંગ કરી દીધો અને ઠડુ પાણી નવા કુજામાથીજ પીવા માગતો હતો મે તેને તેમ નહી કરવા ઘણોજ સમજાવ્યો પણ તે માનતોજ ન હતો. આખેર મે લાચાર થઈને નોકર પાસે એક નવો કુજો મંગાવ્યો નોકરે તેને સાફ કરી પાણીથી ભર્યો. હું જ્યારે મ્હારા વઝીફાથી પરવારીને બેઠો ત્યારે દીલ ચાહ્યું કે ચાલ જરા પાણી પી લઉ. પણ એટલામાં તો એકાએક મને ઉંઘે કાબુમા લીધો અને ખાબમાં

જોઉં છુ તો એક હુર પુર નુર મ્હારી પાસે નુરાની-અને જન્નતી પોશાક પહેરીને આવી ઉભી! આથી હું-તઆજ્જુબમા પડયો કે યા ઇલાહી, આ ખુબસુરત ઓરત કયા દેખાવડા પુરૂષની હશે કે મે આજ સુધીમાં એવી, ન, તો સાભળી છે કિવા, ન, તો જોઈ છે." પછી આપે તેને પુછયુ કે, "આ ઝેબાયશ અને આરાએશ કો'ને માટે છે? એ સાભળી તે હુરે મોં ફેરવી આખોનાં ભવા ચઢાવી ગુસ્સાથી બોલી કે, જે નવા કુઝામાંથી ઠડુ પાણી પીવા ચાહે છે અને ખાહેશ જીવને ઠડો કરવાની રાખે છે તેને માટે એ નથી" એમ કહી તેણી કુઝામા ઠોકર મારીને ચાલી ગઈ! તે પછી હુ ઉઘમાથી-બેદાર થયો અને જોઉ છુ તો ત્યા પેલો કુઝો ભાગેલો પડેલો છે"

હીકાયત ૧૫ મી—

નકલ છે કે હબીબ અજમીના નફસે સાત વરસ સુધી ગોસ્તની ખાહેશ કીધી પણ તેમણે તે ખાધુંજ નહી. જયારે નફસે તેમને ઘણુંજ તગ કર્યા ત્યારે અરધો-દીરહમ લઈને બજારમાં ગયા અને પાવ દીરહમની-રોટલી ખરીદી અને પાવ દીરહમના કબાબ લીધા ને-ચાલતા થયા. એટલામા એકાએક રસ્તામા એક ગરીબ-

ગીસકીન છોકરો મલ્યો. આપે તેને પુછયું કે તું કોનો છોકરો છે ? તેણે કહ્યું કે "હું ફલાણા સખ્શનો છોકરો થાઉં છું અને મ્હારા બાપનો ઇંતેકાલ થયલો છે " આ સાંભળી આપ ઘણાજ દીલગીર થયા કેમકે આ છોકરાનો બાપ તે હઝરત હબીબ અજમીનો જાની દોસ્ત થતો હતો. આપે છોકરાની કેફીયત જોઇ તથા સાંભળી છોકરા ઉપર પ્રીતી દેખાડી અને પેલી રોટલી તથા કબાબો આપી દીધા અને પોતાને ઘર અવાર નવાર આવતા રહેવાનું કહી આપ છુટા પડયા અને ગોસ્ત ખાવાની ખાહેશ રાખતા નફસને એમજ અપવાસી રાખ્યું.

હીકાયત ૧૬ મી—

નકલ છે કે સાહેબે કરામત બે બુઝુર્ગો હોડી વગર નદીની કરતા સે'લ નદી પાર ઉતરતા હતા. બનવા સંજોગે તેમને ત્યા રહેવું પડયું. . અહીં એક માણસે એમને દાવત આપી તરેહવાર ખાણું પકાવી ખાવા બેસાડયા. આ બન્નેમાથી એક સાહેબે ઘણું ખાણુ ખાધું ત્યારે બીજાએ ઘણુ જ કમ ખાધું થોડી વારે તેઓ પાછા જવાને તૈયાર થયા. અને નદી ઉપર આવી રવાના થયા પણ પેલા સાહેબ કે જેમણે ખાવામાં

નફસાનીયત તૃપ્ત કરી હતી તેઓ મો જોતા ત્યાજ રહી ગયા. બલકે રાત પણ પછી તો ત્યાજ પસાર કરવી પડી રાત્રે સ્વપ્નામા પોતાના ઉસ્તાદને તેમણે જોયા તો તેમને સઘળી હકીકતથી વાકેફ કર્યા ઉસ્તાદે કહ્યુ કે તમે શુ નથી જાણી શકતા કે જે કોઈ નફસની તાબેદારી અને પેટની પરવરીશ કરવામા ફરજ માને છે તે દીલી ખાહેશથી દુરજ રહે છે અને તેવાઓ દોલત મારેફત મેળવી શકતા નથી ? અને તેથીજ તમો નદી ઉપર રહી ગયા છો માટે હવેથી ખુબ ધ્યાનમા રહે કે નફસને માટે એવુ અ િચારી પગલુ પરહેજગાર અને તકવાદારોને માટે હરગેઝ જાયઝ નથી

હીકાયત ૧૭ મી—

નકલ છે કે એક વખતે હાતીમ બીન અસીમે પોતાના એક સાગેર્દની પાસે બજારથી ગોસ્ત મગાવ્યુ તે લેવા આ સાગેર્દ દુકાને ગયો. ત્યા જઈને જુએ છે તો એક બુઝુર્ગ માણસ ગોસ્ત વેચી રહ્યા છે તેમને એણે કહ્યુ કે એક ટાગનુ સારૂ ગોસ્ત આપો દુકાન દારે સારૂ અને વધારે ગોસ્ત આપ્યુ જ્યારે તે લઈને હાતીમ પાસે આવ્યો તો હાતીમ તે જોઈને ઘણોજ

ખુશ થયો અને કહ્યુ કે હમેશા એજ દુકાનથી લાવ્યા કરજો એ રીતે સાગેર્દ હરરોજ એજ દુકાનદાર પાસેથી ગોસ્ત લેતો રહ્યો એક દીવસે દુકાનદારે કહ્યુ કે "શુ તમે હરરોજ ગોસ્ત ખાઓ છો? એકબી દીવસ ગોસ્ત વીના ચાલતુ નથી? ત્યારે સાગેર્દે કહ્યુ કે "તે કાંઇ હુ મ રે માટે લઇ જતો નથી, હુ તો હાતીમ બીન અસીમને માટે લઈ જાઉ છુ" એ સાભળી બુઝુર્ગ દુકાનદ ર ઘણુજ વિચારમા પડયા અને કહેવા લાગ્યા કે દીલબી અજબ ચીજ છે જે ચાહે છે તે ખાઇ લે છે પેલા સાગેર્દે કહ્યુ કે આપ એમ શા મ ટે બોલો છો? ત્યારે તેમણે કહ્યુ કે હુ આજ બરાબર ત્રીસ વરસથી ગોસ્ત વેચુ છુ, પરંતુ આજ સુધી હુ ગોસ્તની મજાહથી વાકેફ નથી જો કે નફસ મને ઘણુજ તગ કરે છે છતા હું તેને સમજાઉં છુ કે "આખરે માટીથી માટી તો મળીજ જવાની છે."

હીકાયત ૧૮ મી—

અબુલ કાસમ કાદરયાથી નકલ છે કે એક વખતે રાત્રે કાદસ્યામાં અવાજો આવવા લાગી કે, અએ લોકો પાસેના જગલમા એક ઓલીયા અલ્લાહ કોઈ સકટમા સપડયેલા છે માટે જલદીથી ત્યા ચાલો અને તેમની,

ખબર લો કે જેથી તેમને વધારે દુખ ન પહોંચે. એ સાભળી સઘળા લોકો તે જગલ તરફ જઈ પહોચ્યા. ત્યાં જુએ છે તો અબુલ હુસન નુરી એક ખાડામાં પડેલા છે. ઘણા એક સાથે મળીને આપને આહીસ્તેથી ઘણીજ તાઝીમ સાથે ખાડામાથી બાહેર કહાડયા અને માન ઈજ્જત સહીત આપને શહેરમા લાવ્યા અને તેમને મે મારા પોતાના ઘરમા ઉતાર્યા બે ચાર દિવસ રહયા પછી આપે વળી પાછી સફરની આરજુ કીધી તો મે ઘણીજ અદબની સાથે આપને પુછયુ કે જનાબ, આ પ્રમાણે મુસીબતો ઉઠાવવામા શુ હીકમત સમાયેલી છે? ત્યારે આપે ફરમાવ્યુ કે, હું કઈ મુદતથી જગલની સેર કરતો રહ્યો જયારે આ શહેરમાં આવ્યો ત્યારે મારો નફસ ઘણોજ ખુશ થયો અને તે આરજુ કરવા લાગ્યો કે અહીં મ્હારા ઘણાજ દોસ્તો અને ચાહવાવાલાઓ છે એટલે મને સારૂ સારૂં ખાવાની દાવતો પણ મળતીજ રહેશે જેથી મજાહ ઉડાવીશ અને એશ કરીશ એવી રીતે નફસ પરસ્તીમાં હું સફરની તકલીફો ભુલી ગયો, જેથી મારા નફસની એવી ખુશીથી મ્હને ઘણુ જ ભારે દુ:ખ લાગી આવ્યું અને મ્હારા મન સાથે કહ્યું કે અએ નફસ, તું શું દાવતો ખાવાને માટે આગળથી કુદાકુદ કરે છે? પણ તે

કયામતને દીવસે કેવી કેવી આફતો લાવશે તેનો કઈ વિચાર છે? માટે કસમ છે ખુદા પાકની કે, હુ તુંને હવે પછી આ શહેરની સીકલ પણ બતાવીશ નહી અગરચે તુ ગમે એટલી જાનતોડ કોશેશ કરે તોબી હુ તુંને અહી લાવુ નહી એમ કહી આ બુઝુર્ગ ત્યાથી ચાલ્યા ગયા

હીકાયત ૧૯ મી—

નકલ છે માલેક ઇબ્ને દીનાર (ર. અ) થી કે એક વખતે સ્વપ્નામા જોયું કે એક માણસ મને કહી રહ્યો છે કે ફલાણી જગ્યા ઉપર એક ઓલીયા અલ્લાહ તમારી મુલાકાતના ઇંતેજાર છે. પહેલીજ ઉંઘના ગલબાનો આ સ્વપ્નો ખાલી ખ્યાલ સમજીને મે કાંઈ ધ્યાન આપ્યુ નહી. ને પાછો સુઇ રહ્યો પાછો ઉંઘનો ગલબો થતા, તેજ વળી પાછું જોવામા આવ્યુ. આ વખતે પણ મે ઝાઝું ધ્યાન આપ્યુ નહી પણ જયારે ત્રીજીવાર મે એ પ્રમાણે જોયુ તો જલદીથી સુસ્તીને દુર કરી તે જગ્યા ઉપર ગયો ત્યાં જઈને જોવું છું તો એક બુઝુર્ગ મસ્જીદના ધાબા ઉપર અઝાન ફરમાવી રહ્યા છે ત્યા જઈ મે સલામ અલૈક કીધી તો આપે જવાબમા કહ્યુ કે વઅલૈકુમ સલામ અએ માલેક

ઈબ્ને દીનાર ! જ્યારે એમણે મારૂં નામ લીધું તો હું ઘણોજ અજાયબીમા પડયો કે, એવણને મારા નામની શું ખબર ? પણ તુરતજ આપે કહ્યુ કે અજાયબ શા માટે થાઓ છો ? જેણે તમને અહી મોકલ્યા તેણેજ તમારૂં નામ પણ મને બતાવ્યુ ! એ પછી નમાઝ પઢી રહ્યા બાદ તેઓ મને પોતાના મકાનમા લઈ ગયા મને એક જગ્યા ઉપર બેસાડી આપે મ્હારા આગળ જવની લુખી રોટલી ખાવા માટે મુકી મે અર્ઝ કીધી કે હઝરત, લગાર મીઠુ (નીમક) હતે તો રોટલી સાથે સાલન મીસાલે ખાઈ શકતે ! આપે ખીદમતગારને નીમક લાવી આપવાનો ઇશારો કીધો, જેથી ખીદમતગારે ગુરૂરથી નીમક લાવી આપ્યુ માલેક ઈબ્ને દીનારે નીમક સાથે રોટલી ખાઈ લીધા બાદ ખુદાનો શુક્ર બજા ી લાગ્યા કે અલહમ્દો લીલ્લાહ, મ્હને કેવી તે સબર આપેલી છે કે તરકારીની જગ્યાએ નીમક સાથે મે સતોષથી રોટલી ખાઈ લીધી એ સાભળી ખીદમતગારે કહ્યુ કે સુબહાનલ્લાહ, અગર જો આપ થોડા ઉપરજ શુક્ર કરનાર હતે તો આપ નીમક માગી ન શકતે ! કેમકે હમારા માલેક આજ તેર વરસથી નીમક શુ ચીજ છે એ પણ જાણુતા નથી !!" માલેક ઈબ્ને દીનારે જ્યારે એ સાભળ્યુ ત્યારે આ બુઝુર્ગવારની સબર માટે ઘણાજ

હેરતમદ થયા અને એક મોટી ચીખ મરી કપડાં ફાડતા અને બાલ નોચતા રડતા કુટલા માલેક ઇબ્ને દીનારે જંગલનો રસ્તો લીધો

હીકાયત ૨૦મી—

નકલ છે કે એક વખતે લોકોએ હઝરત ઉમર (ર. અ.)ની ખીદમતમા જઈને અર્ઝ ગુજારી કે "હઝ-ત, આપ એટલી બધી મુશકેલ તકલીફો શા માટે એઠી રહ્યા છો ? આપને દીવસે ચેન નથી અને રાત્રે આરામ નથી ',, તો આપે ફરમાવ્યુ કે, "અગરજો હું દીવસે ચેન લઉ તો મ્હારી ૈયત બેઆરમ બની જાય, અગર જો હુ રાત્રે અરામ લઉ તો મ્હારી રૈયત બેચેન રહે અને નફ્સ અમ્મારા પુરશદ મેળવીને ખ્વાર કરી દે અને કયામતનો અજાબ અપાવે કેમકે જે કોઇ બીજાની રાહત અને પોતાની નઝાત ચાહતો હોય તે આ દુનિયામા આરામ કેવી રીતે લઈ શકે ?" એ સાભળી સઘળા લોકો સ્વસતોષી થઈ, ત્યાથી ચાલ્યા ગયા

હીકાયત ૨૧ મી—

હઝરત મસરૂક બીન અખદમ (ર અ) થી નકલ છે કે આપ હમેશા તોહજ્જદ ગુજાર હતા તેમજ નમાઝમા એવા તો મશગુલ રહેતા હતા કે આપન

પગો પણ સુઝી જતા હતા આપનો એવો હાલ જોઇને ઘરવાલાઓ પણ ઘણાજ ગીરીયાઓ ઝારી કરતા રહેતા એક દીવસે આપનાં અમ્મા સાહેબે ઘણાજ તંગ થઈને લાઇલાજે કહ્યું કે "બેટા, એટલી બધી તકલીફો શા માટે ઉઠાવો છો? અને પોતાની કમજોર જાનને શા માટે હલાક કરો છો? શુ અલ્લાહ તઆલાએ ફકત તમારા એકલાનેજ માટે દોઝખ બનાવેલી છે કે તમે એટલા બધા ડરો છો?" આપે કહ્યુ "અમ્મા સાહેબ, આપે ઘણુ મુનાસેબ ફરમાવ્યું પણ બંદાએ તો એક ઘડી પણ બંદગીથી ગાફેલ રહેવુ ન જોઈએ બાકી તો મારવા જીવાડવાનો તેનોજ એખત્યાર છે" એ પછી ઘણીક મુદ્દત બાદ આપના ઇંતેકાલનો વખત નજદીક આવ્યો તો આપ ઘણાજ રડતા અને પસ્તાવો કરતા હતા. એ જોઇ લોકોએ અર્ઝ કરી કે હઝરત, શા માટે આપ એટલી બધી ગીરીયાઓ ઝારી કરી રહ્યા છો? આપે તો તમામ ઉમર બંદગીમાંજ ગુજારી છે. પછી શા માટે ડરો છો? આપે ફરમાવ્યું કે "મને એટલા માટે ડર લાગે છે કે હવેજ આખરી ઇમ્તેહાનનો સમય છે, કદાચ સઘળી ઉમરની કમાઈ બરબાદ ન થઈ જાય. અને કેહરે ઈલાહી માથા ઉપર આવી ન પડે" એ સાંભળી લોકોને ઘણી સારી ઈબ્રત હાંસેલ થઇ

હીકાયત ૨૨ મી—

હઝરત મોહમદ ઇબ્ને જરીહથી નકલ છે કે એક વખતે હુ હઝરત ઈમામ શાફઇ (ર. અ.) ના ઉસ્તાદ જનાબ હઝરત વકીઅ (ર અ) ની એબાદતગાહ ઉપર ગયો અને ત્યા ચાલીસ દીવસ સુધી રહ્યો, તો ત્યાં દર રોજ હુ એવો મામલો જોતો રહ્યો કે આપ દરરોજ એક કુરઆન શરીફ ખતમ કરતા અને હજાર દીરહમ ફકીરોને લીલ્લાહ પ્હેંચી આપતા હતા વધારે અજા-યબી તો મ્હારા જોવામા એ આવી કે, દરરોજ એકસો હદીસ શરીફ પઢાવતા અને રાત દીવસ બીલકુલ આપ આરામ લેતા નહોતા આટલી મુદત હુ રહ્યો પણ એ ન જણાયુ કે દરરોજના એક હજાર દીરહમ ફકીરોને આપવાના આપની પાસે કયાથી આવતા હતા!

હીકાયત ૨૩ મી—

નકલ છે ઈબ્રાહીમ અદહમ (ર અ) થી કે એક દીવસે આપ ઘણીજ ખુશીમા અલ્લાહ તઆલાની મોહ-બ્બતમા મશગુલ હતા અને તેથી આપ ખુદીને મુકી દઇ, બયતુલ્લા શરીફની ઝીયારત માટે માથાવતી ચાલીને જવાનો ઠરાવ કર્યો. કેમકે એવી પાક જગ્યા ઉપર પગે ચાલીને જવામાં કમાલ બેઅદબી આપે માની લીધી

માથાવતી ચાલીને જવામાં હજની દોલત મેળવતાં વાર લાગે તેની પરવાહ કર્યા વીના આપ એક કદમ ચાલતા અને સીજદો કરતા એવી રીતે બયતુલ્લાહ શરીફ પહોચતા આપને સાત વરસ થયા ત્યા જઈ આપ બાર વરસ યાદે ઇલાહીમા મશગુલ રહ્યા. એક દીવસે આપ ઈશાના વખતથી નમાજમા મશગુલ રહ્યા તે સુબોહ તક. કેટલીક મુદત પછી આપનો ઈતેકાલ થયો તો આસમાનથી અવાજો આવવા લાગી કે જમીનના સરદારે આજે રેહલત કીધી છે. એ પછી શહેરમા સહવારે સર્વત્ર ખબર ફેલી ગઈ કે, આજે ઈબ્રાહીમ અદહમ (ર. અ.) નો ઈતેકાલ થયો કાલુ ઇન્ના લીલ્લાહે વ ઈન્ના એલેહે રાજેઉન.

હીકાયત ૨૪ મી—

નકલ છે હઝરત સુલેમાન દોરાનીથી કે હુ મારી હમેશની આદત મુજબ તોહજ્જદની નમાઝમા મશગુલ હતો તો એક દીવસે નમાઝ બાદ કઈક ગફલતીથી મને લગાર ઉંઘ આવી ગઈ હુ શુ જોઈ રહ્યો છુ કે એક હુર નુરાની ઘણીજ ખુબસુરત જન્નતી લેબાસમાં નાઝો નખરા સાથે ચમકાટ ભેર આવી ઉભી. એ જોઈ હું હેરતમાં પડી ગયો કે યા ઇલાહી એ નુરજહુર સરાપા

નુર કોનું છે? શુ એ હુસ્ન જમાલ બરાબર છે યા મ્હારી ભૂલનો સ્વપ્નો છે! કેમકે આજ સુધી એવું ન તો મે કહી જોયુ છે અથવા ન તો સાંભળ્યુ છે!! પછી મને તેણે પગની ઠોકર મારીને જગાડયો, અને કહેવા લાગી કે સુભહાનલ્લાહ, 'આપ તો ખ્વાબે ગફલતમાં પડયા છો અને હુ તો મોહુબ્બતની ઈંતેજારીમા ગરક છું. એ સાભળી હું જલદીથી એકદમ ઉઠીને ઉભો થયો અને તેજ વખતથી સુવા માટે મેં તોબાહ કીધી અલ્લાહ, અલ્લાહ, તે ખુબસુરતીની સુરતનો એ આલમ હતો કે અગર તે જો જરા જેટલોબી ચમત્કાર દેખાડી દેત તો આલીમના ઉપર આલમ બેહોશી થઇ જવા વગર રહેતજ નહી ત્યારે તેણી બોલી કે અએ બેતાબ, શું તમને આબોતાબ આલેમ બેતાબની હકીકતની ખબર નથી? કે આવી રીતે બેકરારી અને એઝતરાબીથી તુ બેતાબ છે? ત્યારે મે કહ્યુ કે ખુદા જાણે મને તેની બીલકુલ ખબરજ નથી ત્યારે તેણીએ કહ્યુ કે યાદ છે કે એક વખતે ઘણીજ કકડતી ઠ ડીમા તુ બકમાલ અદબ સાથે ખૌફે ખુદાથી રડતો હતો તેજ વખતે મને હુકમે ઈલાહી થયો કે ફીરદોષ આલામાથી તુ જલ્દી જા અને તેના લાલ આસુઓને ત્હારા પોતાના ચેહરા ઉપર લગાડી લે તે પછી મે તેજ પ્રમાણે કીધુ તો મ્હારો ચેહરે

સૂર્યની માફક ચમકતો થઇ ગયો. જેવી રીતે કે તુ હમણા મને જોઇ રહ્યો છે”

હીકાયત ૨૫મી—

રાબેઆતુલ અદબીયાથી નકલ છે કે તેઓ હમેશા પોતાના નફસને કહેતા હતાં કે, “આજની રાત્રી છેલ્લીજ ત્હારે માટે છે માટે ત્હારેથી જેટલી બને તેટલી બંદગી કરી લે, કેમકે કાલે કદાચ તુ દુનિયાથી ચાલી જશે તો ફકત અફસોસ સીવાય બીજુ કઇ પણ તુ લઇ જશે નહીં” એવી રીતે હરદમ પોતાના નફ્સને દીલાસો આપી ઐાફે ખુદાથી બદગીમા મશગુલ રહેતા હતા, અને સઘળુ દીલી કામ તેઓ નફસથી લેતાં હતા આખી રાત એબાદત ઈલાહીમા કાઢતા અને સુબોહની નમાજ બાદ પણ આપ તેવીજ રીતે મશગુલ રહેતા. જયારે ઉંઘ ગલબો કરતી તો આપ ઘરમા ફરવા લાગી જતા અને નફસને સમજાવી લેતા કે આ તો જરા જેટલુ સુવાનું છે! પણ મરી ગયા પછી કયામત સુધી જાગવાનુ નથી તેજ ખરૂ સુવાનુ તો છે!! અહીનુ દુખ તો ત્યાની રાહત માટે છે” એવી રીતે આપે પચાશ વરસ સુધી રાત દીવસ ઈબાદત ઈલાહીમા કાઢયાં. આપે એ મુદતમા કોઈપણ

વખતે માથા સીરાણે તકીઓ મુકી આરામ લીધો નથી. અને આખરે પણ એવીજ રીતે આપે રેહલત ફરમાવી હતી.

હીકાયત ૨૬મી—

રાબેઆ બશરી (ર. અ.)થી નકલ છે કે આપ હમેશા રાત્રે જાગતા રહેતા હતા અને ચારસો નમાજ અદા કરતા હતા સુબોહની નમાજ પઢીને સુસ્તીને દુર કરવા માટે આપ લગારવાર મુસલ્લા ઉપર બેસી જતાં હતા, પણ જો ઉંઘ આવવા લાગતી તો ઉછળી પડતાં અને નફસને લાનત મલામત કરવા મંડી જતા કે તુ. કયા સુધી ગફલતની ઉંઘમા પડયો રહેશે? શુ તુંને માલુમ નથી કે મોત માથા ઉપર ભમ્યા કરે છે? આપ કમ્મલનો એક મોટો કુરતો પહેરી રાખતા હતાં અને પોતાની વશીયત મુજબ લોકોએ એમને તેમાજ દફ-નાવ્યા હતા એક ઓરતે હજરત રાબેઆ બશરી (ર. અ.)ને ખાબમા જોયા તો આપે લીલો રેશમી કુરતો પહેરયો છે જેથી પેલી ઓરતે આપને અદબથી પુછયું કે પેલો કમ્મલનો કુરતો કયા ગયો? તો આપે જવાબ આપ્યો કે તેના બદલામા અલ્લાહ તઆલાએ મને આ કુરતો આપ્યો છે. તે પછી પેલી ઓરતે આપને ફરી

ફરી પુછયુ કે, અએ શએઆ સાહેલી, કોઇ એવી વાત બતાવો કે જેનાથી અલ્લાહની મોહબ્બત હાસેલ થઇ શકે! ત્યારે આપે ફરમાવ્યુ કે "યાદે ઈલાહી સીવાય બીજુ કઈપણ મોહબ્બત ઈલાહી માટે મળે નહી"

હીકાયત ૨૭મી—

નકલ છે કે સેફવાન બુઝુર્ગે સુવા માટે કસમ લીધી અને તે એવી રીતે પળાઇ કે ચાલીસ વરસ સુધી લેટવાની પણ નોબત આવી નહી કોઇ વખતે લગાર ઉઘ આવવા લાગતી તો પોતાની જાગ ઉપર માથું મુકીને સુસ્તીને દુર કરતા અને તુરત એબાદત ઇલાહીમા મશગુલ થઇ જતા આપ જયારે ઈંતેકાલને કરીબ થયા ત્યારે ઘણાજ કમજોર થઈ ગયા હતા લોકોએ કહ્યુ કે જરાએક દીવાલ સાથે અઢેલીને બેસો અથવા જરાએક સુઇ લો તો રાહત થાય! ત્યારે આપે ફરમાવ્યુ કે શું હવે હુ મરતી વખતે એકરાર તોડું? આથી હાજરીનો ઉપર ઘણીજ સારી અસર થઈ! તે પછી આપે જાન બહક તસલીમ ફરમાવી આપને ગુસલ દેનાર કહે છે કે મે મારી નજરે જોયુ છે કે આપે તમામ ઉમર સીજદામા ગુજારેલાની ગવાહી આપની પેશાની આપી રહી હતી કે જે ઉપર ખુલ્લમ ખુલ્લી નીશાનીઓ જણાઈ રહી હતી!

હીકાયત ૨૮મી—

રીવાયત છે હઝરત ઈબ્ને ઉમર (ર અ અ)થી કે હજરત યહુયા (અ. સ) ખોફે ખુદાથી ડરીને એવા તો રડતા રહેતા કે ગાલ મુબારકનું ગોશ્ત અને ચામડું પણ આસુના લીધે નીકળી ગયુ હતુ અને ગાલોમાં કાણા પડી ગયા હતા અને તે એવી રીતે પડયા હતાં કે તે કાણામાથી દાંત મુબારક પણ આપના જણાતા હતા આપનો આવો હાલ જોઈ, વાલેદા મહેરબાન ઝાર ઝાર રડતા રહેતા અને આસુઓથી નદી વહેવ-રાવતા હતાં આપ લાચાર બનીને તે જખમો ઉપર કપડુ મુકી દેતા હતા, પણ જ્યારે પાછો ખોફે ખુદાનો જોશ આવી જતો તો હજરત યહયા (અ સ.) આખો માથી આસુઓની ખાડી વહેવરાવતા ત્યારે તે મુકેલુ કપડું પણ પાછુ હઠી જતુ હતું એવી આપની ગીરી-યાઓ જારીથી પથ્થરના દીલો પણ પીગળી જતાં હતાં. મતલબ કે હઝરત યહયા (અ સ) રાત અને દીવસ બસ ખોફે ખુદાથી રડવામાજ કાઢતા હતા, જ્યારે આપના વાલેદા મહેરબાન જખમ ઉપર કપડાઓજ મુકવામાં વખત કાઢતાં હતા !

હીકાયત ૨૯મી—

મનસુર બીન ઓમ્મારથી નકલ છે કે આપ એક વખતે ખુશીની હાલતમા શહેરની ગલીઓમા ફરી રહ્યા હતા, તેવામા એકાએક આપે એક મકાનમાથી રડવા અને ચીખો મારવાની અવાજો સાભળી, અને કોઈ માણસ જનાબ ઈલાહીમા ગડગડાવી અરજ કરી રહ્યા છે કે અએ મૌલા મારા, તુ મને હર વખતે ગુનાહોથી બચાવતો આવ્યો છે, પણ ખાહેશ નફસાની અને સૈતાની હર વખતે મને ઘેરી લઈને દુનિયાઈ લીજજતોમા ફસાવે છે અને અજાબ દોઝખ અને કયામતથી મને ભૂલાવે છે માટે એવી હાલતમા ફકત ત્હારા ફઝલ અને કરમનો ત્હારા સીવાય મારો કોણ હીમાયતી અને મદદગાર છે ? એવુ સાભળીને મેં આહેસ્થી સુરે તહરીમાની (૨૮મા પારાની) આયત શરીફ પઢી, "કુઅનફો સેકુમ વ અહલીકુમ નારા"— અર્થાત્ અએ ઇમાનવાલાઓ બચાવો તમે પોતાને અને ઘરવાલાને દોઝખના અજાબથી" એ કલામો સાભળતાજ પેલો બેકરાર થઈને ચીખ મારવા લાગ્યો અને ગીરીયા-ઓ જારી શરૂ કરી દીધી તે પછી હું મ્હારે કામે જતો રહ્યો. ઈતેફાકથી બીજે દીવસે હું ત્યાં ગયો, ને જોઉં છું તો કેટલાક લોકો એકઠા થયેલા છે અને ત્યાં

જનાજો તથા કફ્ન દફ્નનો સામાન પડેલો છે એ જોઈ મેં લોકોથી પુછ્યુ કે આ જનાજો વીગેરે કોના માટે છે? તો લોકોએ જવાબ આપ્યો કે ગઈ રાત્રે એ જવાન માટે નવાઈ ભર્યું એ બન્યુ છે કે આખી રાત ખૌફે ખુદાથી એ બસ રડતોજ રહ્યો અને સહવારે એ મરણ પામ્યો "કાલુ ઈન્નાલીલ્લાહે વઈન્ના એલૈહે રાજેઉન"

હીકાયત ૩૦મી—

રીવાયત છે હઝરત ઝીકરીયા અલૈહીસ્સલાતો વસ્સલામથી કે, આપ વાઅઝ ફરમાવવા બેસતા ત્યારે પ્રથમ હઝરત યહ્યા (અ સ) મજલેસમા છે કે નહી તેની તપાસ કરતા. કેમકે તેમને કબર અને હશ્રના અઝાબોનું બ્યાન સાભળવાની બીલકુલ તાકાત નહોતી. આપ તે સાભળી ગીરીયાઓઝારીજ કરતા રહેતા એક વખતે એમ બન્યુ કે, વાઅઝની મજલેસમા હઝરત યહ્યા (અ સ) માથા ઉપર ચાદર ઓઢી એક તરફ ચુપકીથી આવી બેઠા હતા તેની કોઈને ખબર નહોતી હઝરત ઝીકરીયા (અ, સ) એમણે ફરમાવ્યું કે એ લોકો, પહેલા જરા જુઓ તો અહીયા હઝરત યહ્યા (અ. સ) આવેલા છે? પણ એ વખતે સૌ લોક અલ્લાહનો ઝીકર સાભળવામા મશગુલ હતા

જેથી દુનિયાના કામોથી એ વખતે સઘળા બેહોશીની હાલતમા હતા તેથી કોઈને કાંઈ તેનુ ધ્યાન રહ્યુ નહી. તેથી હ. ઝીકરીયા (અ સ.) સમજ્યા કે ત્યારે આપ હુશેજ નહી એ પછી આપે વાઅઝ શરૂ કરી અને સર્વને દોઝખના અઝાબથી વાકેફ કરતા જણાવ્યુ કે "હમણા મ્હારી પાસે હ. જીબ્રઈલ (અ સ.) વહી ઇલાહી લઈને આવ્યા હતા કે અલ્લાહ તઆલાએ દોઝખમા એક અઝીમુશ્શાન ખાડો તૈયાર કરાવ્યો છે જેનુ નામ સકરાન છે અને એક બહુ ઉંચો પહાડ બનાવ્યો છે તેનુ નામ ગજબાન છે એના અઝાબ કઠણુથી કોઈ પણ બચી શકશે નહી, પણ જે માણુસ અલ્લાહના ડરથી રાત દીવસ ઇસ્કબારીમા વરસાદની માફક રડતો રહ્યો હોય તેજ માણુસ એનેથી બચવા પામશે. એ સાભળતાજ એકાએક હઝરત યહયા (અ સ.) એ એક બહુ મોટી ચીખ મારી અને બેહોશ થઈ જમીન પર પડયા અને તરફડવા લાગ્યા થોડીવાર પછી આપ જરા થડા થયા અને પાછો જોશ ઉભરી આવતા આપ રડતા, ચીખો મારતા અને કપડાંઓ ફાડતા તથા માથામા ખાક નાખતા જંગલ તરફ ચાલતા થયા. એ જોઈ મજલેસના સઘળા લોકો પણ રડતા બેકરાર ચીંખો પુકારતા તેમની પાછળ ગયા.

પણ વલ્લાહો આલમ આપ તે સઘળાની નજરથી એવા ગુમ થઈ ગયા કે કોઈની નજરે ન પડયા આથી સઘળાઓ લાચાર થઇને પાછા આવ્યા અહી આવી લોકો જુએ છે તો હઝરત ઝીકરીયા (અ સ) બેહોશીમાં ચીખો પાડતા પડેલા છે સઘળાઓએ આપને હાથોહાથ ઘણીજ હીફાજતથી એક ઘરમા લઈ ગયા આ હાલ જાણી હઝરત યહયા (અ સ) ના વાલેદા મહેરબાન ચમકી ઉઠયા અને ઘણાજ પરેશાન હેરાન થઇને પુછવા લાગ્યા કે મ્હારો યહયા કયા છે? તો સઘળાઓએ પેલો સઘળો હાલ કહી સંભળાવ્યો એ જાણી તેઓ ઘણા દુખી થયા અને દર્દ દીલથી પોતાના યહયા (અ સ)નો પતે મેળવવા હાથમા લાકડી લઇને નીશાની પુછતા પુછતા જંગલમા જઈ ચઢયા અહી બરાબર ત્રણ દીવસ અને રાત ભુખ્યા તરસ્યા પહાડોમાં શોધ ચલાવતા રહ્યા, પણ કોઈ જગ્યાએ તેમની નીશાન મળી નહી પછી થોડીવારે ગોવાળીયાઓ જંગલમાં બકરા ચરાવતા નજરે પડયા, તેમને આપે પુછયુ કે તમે કોઇને રડતો અને ચીખો મારતો આ જંગલમા જોયો છે? અથવા તેનો કાંઇ હાલશી સાભળ્યો છે? ત્યારે તેમાથી એક જણે કહ્યુ કે હા, મા સાહેબ, ગઇ કાલે સાંજે પહાડ તરફથી કોઈના રડવાની અવાજો આવતી

મેં સાભળી છે અને તે અવાજો એમ હતી કે "યા ખુદા, અઝાબ શકરાત અને સખતી ગઝબાનથી મને છુટકો આપ" એમ કોઈ કહેતુ હતુ. એ સાભળી માદર મહેરબાન તે પહાડ તરફ જઈને શોધ કરવા લાગ્યા અને જુએ છે તો એક ગુફામા હઝરત યહયા (અ સ) ગમગીન થઈને બેઠેલા છે અને દોઝખના અઝાબની સખતીઓથી વાવેલા કરી રહેલા છે એ જોઇ માદર મહેરબાને પોતાના કાળજાથી વળગાડી લીધા અને તસલ્લી તેમજ દીલાસાઓ આપી, આપને ઘરે લઇ આવ્યા ઘરે લાવી આપની આગળ ખાવાનું મુકયુ અને કહ્યુ કે તમો જો માદરનો હકક જાણુતા હો તો બરાએ ખુદા, કાંઈપણુ ખાઈ લો અને જરા આરામ કરી લો, કે જીવને રાહત થાય કેમકે ઘણીજ ખ્વારી અને ઝારીથી જગલોમા ભૂખ્યા તરસ્યા રડતા ભટકયા છો એ સાભળીને આપને ઓરબી રડવુ બે શુમાર જારી થયુ, પણુ માદર મહેરબાનની ખાતર જરાએક ખાઈને સુતા સહવારે હઝરત જીબરઈલ (અ. સ) આવ્યા અને આપને જગાડીને કહ્યુ કે "અએ યહયા, ખુદા તઆલા તમારા ઉપર રહમત ફાર્મેલા પહોચાડે છે અને ફરમાવે છે કે" ખાત્રી રાખો કે નજદીક વખત છે કે તમો જન્નતમા દાખલ થશો અને ત્યાં સારી

રીતે રાહત પામશો. અએ યહયા, જો તું દોઝખને એક વખતબી જોવા પામતે તો તેના ડરથી તેજ વખતે તુ પાણી થઇને વહી જતે!" તે પછી હઝરત યહયા બહુ ખુશ થયા અને ભારે ખુશીના જોશમા પોતે ઘણુજ કુદયા અને જંગલ તરફ ચાલ્યા ગયા ત્યાર પછી માહરે મહેરબાનને આપનો કેથે પણ પત્તો લાગ્યોજ નહી કે કયા ગુમ થયા છે!

હીકાયત ૩૧મી—

રીવાયત છે હઝરત સુફ્યાન સુરી (ર. અ) થી કે આપની કમ્મર જવાનીમાજ વાકી વળી ગઈ હતી એથી આપને કોઈએ પુછ્યું કે એનો શુ સબબ છે કે ભર જવાનીમાજ તમો કમ્મરમાથી વાકા વળી ગયા છો? આપે એનો કાઈપણ ઉત્તર આપ્યો નહિ ત્યાર પછી એક શાગેર્દે ઘણુજ કાલાવાલા અને આગ્રહથી આપનો હાલ પુછયો ત્યારે કહ્યુ કે, "શુ હાલ કહુ? કાંઈ કહેવા જેવું છેજ નહિં. કેમકે એક વખતે મ્હારા ઉસ્તાદના દમ આખેરના વખતે તેમની ખીદમતમાં હું હાજર થયો. આપ એક ઓલીઆ અલ્લાહ કામેલ હતા. તેઓ કહેવા લગ્યા કે "અએ સુફીયાન, તું શું હાલ જુએ છે? મ્હારો રબ મ્હારી સાથે શુ કરે છે તે તો જો! મે પચાસ વરસ સુધી તો લોકેને વાએઝ અને

નસીહતો કરીને બુરાઇથી બચાવી રાહે રાસ્તપર લાવ્યો છું, પણ હવે મનેજ હુકમે ઇલાહી થયો કે તું હવે હમારા કારોબારને કાબેલ રહ્યો નથી !" બસ એ કલામ સાભળતાની સાથેજ મ્હારો હોશ અને દમ ઉડી ગયો અને ઔશાન ખતા થઇ ગયા ! કે જ્યારે આવા કામેલ શખ્સના નેક કામો છતા તેમનો આવો હાલ થાય તો પછી વલ્લાહો આલમ, બીજાઓનો શું હાલ થશે ? એ ડરથી મ્હને ફૌરન ગમનો અલમ પેદા થયો અને મ્હારી કમ્મર ત્યારથી ઝુકી ગઇ છે" તે પછી હઝરત સુફીયન સુરી (ર અ.) જ્યા સુધી જીવતા રહ્યા ત્યાં સુધી ઝાર ઝાર રડતાજ રહ્યા અને આંખોમાથી ખુનનાં આં-સુઓ ટપકતાં હતા ! આપ જ્યારે બીમાર પડયા તો દવા શરૂ કીધી પણ તેથી કાંઇ ફાયદો થયો નહિં, બલકે કોઇ હકીમ પણ આપની બીમારીને પારખી શકયો નહિ પણ એક નામી નસરાની હકીમ હતો તે આપનો કારૂરો (પેશાબ) જોઇને અજાયબ થઇ ગયો અને કહ્યું કે "અલ્લાહો અકબર ! એમ નહિ જાણતો હુ હતો કે એવણુભી આવા કામેલ શખ્સ છે કે જેમનુ જીગર ખૌફે ખુદાથી ટુકડા ટુકડા થઇને વહી ગયુ હોય!"

હઝરત સુફ્યાન સુરી (ર અ) ફરમાવે છે કે, " અલમ યાને દીલ્લગીના આમનુ અનતખશઆ કુલુ-

ઝહુમ લેઝીકરીલ્લાહ-યાને શુ નહિ આવ્યો તે વખત કે અલ્લાલહવાલાઓનુ દીલ ડરી જાય અલ્લાહની યાદથી!

(સુરેહદીદ. પારો ૨૭)

હીકાયત ૩૨મી—

નકલ છે કે એક વખતે હઝરત હસન બસરી (ર. અ) ને પુછ્યુ કે આપ હમેશા ઉદાસ અને ગમગીન શા માટે રહો છો ? અને રાત દીવસ રડતા રહે છો ! આપે ફરમાવ્યુ કે ખૌફે ખુદાથી હુ હરદમ ડરૂ છુ અને ચીખો મારૂ છુ કે નફસમા સેતાન કાંઈ ફેસાદ ફેલાવી અઝાબમા શરીક કરી ન દે કેનકે અલ્લાહ તઆલાની જાત બેપરવાહ છે ત્યા કોઈની પણ પરવાહ નથી પછી થોડાક દીવસ પછી આપ બીમાર પડયા બીમાર પુરસી માટે એક સરદાર આપની ખીદમતમા હાજર થયા તેવણ આવીને ઘરમા જુએ છે તો ઘરમા સઘળે પાણીજ પાણી વહી રહેલ છે સરદારે નોકરને પુછ્યુ કે આ પાણી બધુ કયાથી ઘોળાયુ છે ? શુ કાંઈ પાણીનુ વાસણ પુટી ગયુ છે કે શુ ? તો નોકરે કહ્યુ કે નહિ, એ તો જનાબ આકા ખૌફે ખુદાથી રડી રહ્યા છે ! એ સાભળી સરદર ઘણાજ અજાયબ થઈ ગયા ! !

હીકાયત ૩૩ મી—

નકલ છે ફુતહુલ મુસલીમ (ર. અ)થી કે આપ ઘણાજ આબેદ ઝાહેદ હતા અને પોતાની શકિત પ્રમાણે ફકીરોને પણ અલ્લાહુના રસ્તામા કઈ કઈ આપ્યા કરતા હતા એક દીવસે કોઈ ખાદેમ આપની ખીદમતમ આવ્યો અને જોયુ તો મુસલ્લા ઉપર દીવારથી અઢેલી ને બેસી, પોતાના મો ઉપર બન્ને હાથ મુકી આપ રડી રહયા છે ! અને આખમાથી લોહીના આસુ પાડી રહ્યા છે ! ! આવો હાલ જોઇને ખાદેમ હેરાન પરેશાન થઈ ગયો અને આપથી અર્ઝ કરી કે હઝરત, ખેરતો છે ની ? આવી રીતે ગીરીયાઓ ઝારી શા માટે કરી રહયા છો ? ત્યારે આપે ફરમાવ્યુ કે "કાઇ કહેવા જેવી વાત નથી" ગરઝ કે આપ ખૌફે ખુદાથી હમેશા ડરતા રહેતા અને તેથી રડતા અને ગમગીન રહેતા હતા ! અને એ વરસથી તો આપના જીગરમા ખૌફે ખુદા એવો તો સમાઈ ગયો હતો કે આખોમાંથી લોહીનાજ આસુઓ પાડી રડયા હતા ! ! આપના મરણ પછી આપને એક આબેદે માર્ગમા જોયા, તેમણે આપને પુછયુ કે, હઝરત, જનાબ ઇલાહીમા કેવો મામલો ગુજર્યો ? આપે ફરમાવ્યુ કે "તે રહીમ કરીમે પોતાનો રહમ-કરમ ખુબ ફરમાવ્યો અને પોતાના કુર્બમા

(પડોસ)માં અર્શમોઅલ્લા ઉપર મારો મુકામ અતા ફરમાવ્યો. અને વળી ફરમાવ્યું કે "અએ મ્હારા બંદા, તું એવી રીતે શા માટે રડતો અને ચીખો પોકાર કરતો હતો?" મે અર્ઝ કરી કે "હે મ્હારા માલેક, ગુલામે તો હર વખતે પોતાના આકાથી ડરતાજ રહેવુ જોઈએ" ત્યારે ફરમાન થયુ હકથી કે "જા ત્હારા રડવાના સબબથી ત્હારા સઘળા ગુન્હાઓ મે મીટાવી દીધા છે" આથી આપને ઘણોજ આરામ અને સતોષ થયલો જણાવ્યો અને દરેક ખુદાના બદાએ ખૌફે ખુદાથી ડરતા રહેવાનુ ફરમાવ્યુ.

હીકાયત ૩૪ મી—

નકલ છે કે એક વખતે હઝરત માલેક ઈબને દીનાર એક કબ્રસ્તાનમા તસરીફ લઇ ગયા અને ત્યા જુએ છે તો કેટલાક લોકો એક મુરદાને દફનાવી રહયા છે એવો હાલ જયારે આપે જોયો ત્યારે આપના ઉપર એવો તો ખૌફે ખુદા છવાઈ ગયો કે આપ બેહોશ થઇ ગયા અને આલમ બેહોશીમા આપ કહેવા લાગ્યા.—

ઈસ ઝીદગીપે આજ જો મગરૂર હે,
અપનીહી સુરતે હે જો ઈતને મઝાર હે !

પછી લોકો આપને ઉચકી લાવ્યા અને એક જગ્યાએ બેસાડયા જ્યારે આપ હોશમા આવ્યા તો કહ્યું કે "હુ ડરૂ છું કે કદાચ લોકો મને દીવાનો તો ન કહે ! એને લીધે હુ કપડા ફાડતો નથી, નહિં તો એક કમ્મલ ઓઢી લઈને માટી અને ખાકમા મળી જાત ! અને દરેક ગલીએ ગલી ફરીને કહેતો રહેતો કે "ભાઈઓ, સ ભાળજો, નહિ તો નફસ શયતાનના ફ દામાં આવી જઈને દુનિયાને માટે દીન બરબાદ કરશો." દોઝખના અઝાબથી જાન બચાવજો કેમકે મોત હર ઘડીએ માથા ઉપર ઉભેલીજ છે અને આ ઝીદગીનો બહાર ફકત બેજ ઘડીનો છે ફઝલે ઇલાહીથી ઘણાક લોકો અને હકને માને છે અને નાહક, હકથી ફરી જઈને દીન અને દુનિયા ગુમાવતા નથી પછી જ્યારે મોતના વખતે ખાદિમોને બોલાવ્યા અને વસીયત કીધી કે "ખબરદાર, મ્હારા કહેવા પ્રમાણેજ એક બાલના એક જરા છેડા જેટલો પણ ફેરફાર કરશો નહીં કે મ્હારા મરણ બાદ મ્હારી પેશાની ઉપર લખી દેજો કે માલેક ઇબને દીનાર પોતાના માલેકની તાબેદારીથી ભાગી ગયા છે તેમજ મ્હારો જનાઝો કોઇએ ઉઠાવવો નહિ, પણ હાથ અને પગો બન્ને બાધજો અને ગળામાં એક રસ્સી નાખી ઉધા મોએ ખેચતા ખેચતા લઇ

જાને જેમકે ન્હાસેલા ગુલામને પકડી તેના માલીક પાસે બેઇઝઝત અને ઝલીલૌખ્વાર કરતા બેચતા લઈ જાય છે ! ! એવી રીતે મને પણ કરશો અને પછી મ્હારો હાલ ત્રણ વખત જોશો એક વખત ત્યારે જોવુ કે, મ્હને કબરમા મુકવામા આવે, બીજી વખત ત્યારે મ્હારૂ મોં ખોલીને જોશો કે તે કાળુ થઇ ગયુ છે કે નુરાની? ત્રીજી વખતે ત્યારે જોવુ કે રોઝે હશ્રમા આમાલનામુ જમણા હાથમા છે કે ડાબા હાથમા અને એકે રોઝે હશ્રમા આમાલને તોલે ત્યારે પલ્લો નેકીનો ભારી છે કે બદીનો, તેની પ્રથમ સભાળ રાખવી જોઇએ પછી માલેક ઇબ્ને દીનારે કહ્યુ કે, "અએ કાશ, અગર હુ પેદાજ ન થાત તો ઠીક થાત કે દુનિયા અને આખેરતની મુસીબતોમા સપડાત નહિ ! પછી સાજ થતા ગેબથી એક અવાજ આવી કે "માલેક ઇબ્ને દીનારને સઘળા અઝાબોથી નજાત આપવામા આવી છે અને તેને માફી બક્ષી આપવામા આવી છે." પછી ખાદીમોને અવાજો આપી અને પોતે ઘણાજ ખુશ થયા ત્યારે તે વખતે આપે પોતાની શહાદતની આગળી ઉચી કરી અને કલમો શહાદતનો પઢયો "અશહદો અન લાઇલાહા ઇલલ્લાહો વઅશહદો અન્ના મોહમદુર રસુલ્લાહ" અને પછી પોતાની જાન બહક તસલીમ

કીધી. કાલુ ઈન્ના લીલ્લાહે વ ઈન્ના એલૈહે રાજેઉન. અલ્લાહુ જલ્લેશાનહુએ પોતાના પ્યારા મઝહબને સરખુરૂ રાખવાને કેવા કેવા પુરૂષો મારફતે કેવા કેવા કરીશ્માઓ જાહેર કર્યા છે ? !

હીકાયત ૩૫ મી—

હજરત જેન ઈબ્ને અફસહા (ર. અ) થી નકલ છે કે, એક વખતે મોતના ખ્યાલે આપના દીલ ઉપર ગલબો કર્યો જેથી લીઝઝતો દુનિયા વમાફીહાને એકકે વખતે આપ ભૂલી ગયા અને આપના સાહેબજાદાને કહ્યુ કે “ મ્હારી સાઠ વરસની ઉમર થઈ છે કે જેના એકવીસ હજાર ને છસો દીવસ થયા છે જો દરરોજનો કમમા કમ એકજ દીવસ ગુન્હાનો ગણવામા આવે તો કયા મતમા કેવી રીતે છુટકારો થશે ? ” એમ કહી પોતાનો ફેંટો માથા ઉપરથી ફેંકી દીધો અને પોતાના મોહ ઉપર તમાચાઓ મારતા, તો કોઈ વખતે જમીન ઉપર ખૌફે ખુદાથી આળોટતા અને ઝારઝાર રડતા અને ચીખો મારતા હતા. તેમજ આખોમાથી અશ્કબારીની નદીઓ વહેવરાવતા હતા. આપ ઝબાનથી જનાબ બારીની તારીફો પણ કરતા હતા પછી આપ બેહોશ થઈ ગયા અને જમીન ઉપર પડી ગયા અને તેજ

હાલતમા આપે પોતાની જાન બહક તસલીમ કરી. કાલુ ઈન્ના લીલ્લાહે વઈન્ના એલેહે રાજેઉન

હીકાયત ૩૬ મી—

નકલ છે કે અતાઇ સલમી (ર તા) એ ચાલીસ વરસ સુધી આસમાન તરફ બીલકુલ ન જોયુ ! ખોફે ખુદાથી ન તો આપને કોઇએ હસ્તા જોયા કે ન તો આપે કોઇ ચીજની આરઝુ કરેલી સાભળી ! ! જયારે પણ આપ ખુદાની મોહબ્બતના જોશમા આવતા તો એસુતમ રડવુ જારી કરી દેતા, અને તે ત્રણ દીવસ અને ત્રણ રાત સુધી બરાબર રડતાજ રહેતા ! જયારે વાદળો થતા અને વીજળીઓ ચમકતી ત્યારે આપનુ દીલ ભરાઇ આવતુ ને સઘળુ બદન આપનુ ધ્રુજી જતુ હતુ એટલુજ નહિં પણ ડરના લીધે આપ ઉઠતા અને બેસતા, એવો હાલ આપનો થતો, અને કહેતા કે “જે આફતો અને મુશીબતો દુનિયામાં આવે છે તેમજ કોઇને ઝલીલ અને ખ્વાર કરે છે એ સઘળુ મ્હારાજ આમાલની સજાને લીધે છે” અને વળી કહેતા કે “અફસોસ ! અગર હુજ મરણ પામ્યો હોત તો ઠીક થાત કે સઘળા માણસો આ આફત નાગહાની અને આસમાની બલાઓના પંજામાથી બચી

શકતે " અને વળી કહેતા કે " અએ નફ્સ, બેલાશક મોત આવનાર છે અને ત્હારૂ ઠેકાણુ કબર છે, મુકામ ત્હારૂ દોઝખ છે અને ત્હારી નીગેહબાની કરનારા મુનક્રીર–નકીર છે અને કાજી ત્હારો અલ્લાહતઆલા છે, કેદખાનુ ત્હારૂ દોઝખ છે અને દારોગો તેનો માલેક છે કાજી રીયાકાર નથી, દરોગો રૂશવતી નથી, અને કેદખાનુ તુટનાર નથી જયા એવી રીતનો બદોબસ્ત છે ત્યા અઝાબની સખ્તીવાલાની નજાત કેવી રીતે થશે ? અને હુ કેમ જાણી શકુ કે હુ મુસ્તહક દોઝખને લાયક છુ કે જન્નતને ? એવી રીતના વિચારો લાવતા અને આપ ઝાર બેઝાર રડતા અને આખોમાથી આસુઓની નદી વહેવરાવતા રહેતા ! એક વખતે એક માણુસ આપની ખીદમતમાં હાજર થયો તે જુએ છે કે આપ મસ્જીદના એક ખુણામા બેઠેલા હતા અને આજુબાજુથી પાણીના રેલાઓ ચાલતા હતા ! તેણે આપના ખાદેમોથી પુછયું કે " શુ શેખ, મસ્જીદની તાઝીમ બરાબર નથી કરતા કે વઝુના પાણીના મસ્જીદમાથી રેલાઓ ચલાવે છે ? " તો ખાદીમોએ કહ્યુ કે "હુઝુર, એ વઝુનુ પાણી નથી, એ તો જનાબની આખોમાંથી આસુઓ વહી રહ્યા છે ! " તેવણુ ઘણુાજ હેરાન થયા પછી આપના ઈંતેકાલ બાદ આપને એક

માણુસે આપને સ્વપ્નામાં જોયા તેણે આપને પુછયુ કે "આપનો શુ હાલ છે ?" આપે જવાબ આપ્યો કે "ફઝલે ઈલાહીનો કઇ છેડોજ નથી. અને તે એવી રીતે છે કે દુનિયાનુ સઘળું દુ ખ હુ તદ્દન ભૂલી ગયો એવુ સુખ મને અહીં મળ્યું છે !" બલકે રબ્બુલ ઈઝઝતે ફરમાવ્યુ જે "અએ મ્હારા બંદા, તુ શા માટે એટલો બધો દુનિયામા રડતો હતો ?" તો મે અર્જ કર્યું કે "યા બારીતાલા, ત્હારા ડરથીજ !" તો ઈરશાદ થયો કે "શુ તુ નથી જાણુતો કે અલ્લાહ તઆલા રહીમ અને કરીમ છે ?"

હીકાયત ૬૭ મી—

નકલ છે કે મનસુર ઈબ્ને વકીલ (ર અ) ખૌફે ખુદાથી એવા તો રડતા રહેતા કે જાણે કોઇ પોતાના જવાન ફરજંદના ઇંતેકાલથી રડી રહ્યું હોય ! એક સમયે આપનો એવોજ હાલ હતો ને એક જણે આપને પુછયું કે "અએ શેખ, એવી રીતે આપ શા માટે રડો છો અને ચીલ્લાઓ છો ! કેમકે હવે તમે કાંઈ દુનિયાદાર તો છો નહિં તેમજ માલદાર પણ નથી અને દુનિયાના કામસર તમો કંઇ દુ.ખી થયા નથી ! ઉલટા એંસી વરસથી તો એબાદતે ઈલાહીમા

રહ્યો મશગુલ રહ્યા છો." ત્યારે શેખે જણાવ્યું કે "એબાદત તો સઘળા જુએ છે પણ ગુનાહો તો ફક્ત અલ્લાહ પાકજ જુએ છે, બીજો કોઇ જોઇ શકતુ નથી. અને એજ કારણને લીધે હુ રડુ-ટવળુ છુ, કે આ બદા નાચીઝની નાકેશ બદગી કબુલ ફરમાવે અને મ્હારા ગુનાહોને માફ કરી દે" એ પછી આપે પોતાના બેટાને વસીયત કીધી કે મરવાને વખતે મારૂ મો કીબ્લા તરફ કરજો અને જો મો ઉપર પસીનો તથા આખોમા આસુઓ તરતા જણાય તો કલમએ "લાઈ લાહા ઈલલલ્લાહ મોહંમદુર રસુલુલ્લાહ" ને સાથે મદદ કરજો તો અલ્લાહ પાકની ઝાતથી કવી ઉમેદ છે કે મ્હારો ખાતેમા બીલખૈર થઈ જશે તે પછી દફ્નાવ્યા બાદભી ઘણા જોર સહીત મોટી અવાજે મ્હારી કબર ઉપર આવીને પાછો ઉપલોજ કલમો પઢશો કે જેથી મુનકેર-નકીરના જવાબમા આસાની થાય! અને ત્યાર પછી જનાબ બારીમા ગીરીયાઓ ઝારી કરજો અને અર્ઝ કરજો કે યા ઇલાહી એ તો ત્હારો ગુલામ છે અને એની પાસે ફક્ત ગુનાહ શીવાય નેકીનુ નામ નથી. અગર જો તું અઝાબ કરશે તો તે તેના લાયક છે અને જો અગર તું બક્ષી પણ દે તો તે લાયક છે." એટલી વસીયત કરી, પછી પોતે ઈંતેકાલ કરી

ગયા બાપની વશીયત પ્રમાણે છોકરાએ કર્યું બીજે દીવસે છોકરાએ બાપને સ્વપ્નામા જોયા તો પુછ્યુ કે "બાવા જાન, કેમ શુ હાલ છે?" તો કહ્યું કે "કઇજ ન પુછ! ઘણોજ નાજુક મુકામ છે!! હેસાબને વખતે મને પુછયુ કે "નેક કમાઇ શુ લાવ્યો છે?" તો મે કહ્યુ કે "સી-તેર દલીલો લાવ્યો છુ" ત્યારે જવાબ મળ્યો કે "એકબી કબુલ કરવાને લાયેક નથી!" એ સાભળતાજ હુ તો ધુજી—થથરી ગયો! ને હુ પોતાને ગુમાવી બેઠો!! હશ્રનો અલમ બરપા થઈ ગયો!!! પછી પાછુ મને પુછયુ કે 'કઇ બીજું પણ કાઈ લાવ્યો છે?" તો મે કહ્યુ કે "હા, બંદો કુફ્ફારોથી લડાઇ કરીને લડયો હતો" ત્યારે કહ્યુ કે એ પણ કબુલ કરવાને લાયેક નથી" ત્યાર પછી વળી પુછયુ કે "એ સીવાયબી કાંઈ અર્જ છે?" તો મે કહ્યુ કે "સો હજાર દીરહમલીલ્લાહમાં આપ્યા છે" તો વળી હુકમ થયો કે "એબી કબુલ નથી" ત્યારે તો હુ વળી ઘણોજ ગભરાયો કે હવે તો નજાતને માટે કાઈ પણ સુરત બાકી રહી નથી જે જે ચીજોના ઉપર ભરોસો હતો તેના માટે તો માંયુસી હાસીલ થઈ ચુકી, જેથી હુ ઘણોજ દીલગીર થયો અને રડવા લાગ્યો. પણ તુરતજ બારગાહે ઇલા

હીથી હુકમ થયો કે "અએ બદા મ્હારા, તુને યાદ રહી નથી કે એક વખતે તે રસ્તામાથી એક કાંટો ઉઠાવી લઇને બાજુએ ફેંકયો હતો એ કારણને લીધે જા તુને બક્ષી આપું છુ" એ પછી તે ખ્વાબથી બેદાર થયો.

હીકાયત ૩૮ મી—

નકલ છે કે એક વખતે હઝરત ઉસમાન (ર અ) એ અદબ શીખવવાને માટે ગુલામનો કાન મરોડયો. કેમકે તેનેથી કાંઇ કસુર થઈ ગઇ હતી પણ ગુલામને દુઃખ થવાથી તેણે એક આહ મારી! એ વખતે આપને વિચાર આવતાં તુરતજ તેનો કાન છોડી દીધો અને ફરમાવ્યુ કે ત્હારી આહે તો મ્હારાં દીલમાં તીરની માફક દુખ દીધુ! માટે તુબી એવીજ રીતે મ્હારા કાનને મરોડ કે જેથી બદલો–બદલો થઇ જાય અને દીલનું દુખ મટી જાય. ત્યારે તેણે અર્ઝ કીધી કે ગુલામથી એવી બેઅદબી કદાપી થશેજ નહીં; માટે એ કામથી મને માફ કરો. આપે ફરમાવ્યુ કે આકાનો હુકમ ગુલામે બજાવવોજ જોઈએ. અને તાબેદારી કરવીજ

જોઈએ એમ કરવાથીજ હું વધારે ખુશ પણ થઇશ આખરે આપના આજેજ્ર કરવાથી ગુલામ લાચાર થયો અને હુકમ પ્રમાણે, પણ અતીશય તાઝીમ અને ડર સહીત પોતાનો હાથ આપના કાન સાથે લગાડયો અને હુકમ બજાવી લાવ્યો આપે કહ્યુ કે એમ ફકત હાથ લગાડેલો નહિ ચાલે, મે જેમ ત્હારો કાન જોરથી મરોડયો હતો, તેટલાજ જોરથી મરોડવો જોઈએ ત્યારે ગુલામે નમ્રતાથી અર્ઝ કરી કે "અએ આકા, જેવી રીતે આકાથી આપ ડરો છો તેવી રીતે હુ પણ ડરૂ છુ કે કદાચ રોઝે કયામતમા એજ સબબથી હુ પકડાઇ ન જાઉ!" એ સાભળી આપ બહુજ રડયા અને પસ્તાવો કર્યો પછી આપે તે ગુલામને આઝાદ કરી દીધો અને ફરમાવ્યુ કે 'હુ ત્હારેથી ઘણોજ ખુશ છુ" પછી દુઆ કરી કે અએ ખુદા, તુ બી એનાથી રાજી થા અને ત્હારા પોતાના ફઝલો કરમથી એને બક્ષી દે"

હીકાયત ૩૯ મી—

નકલ છે કે એક સમયે હઝરત ઈમામ હસન (ર અ.) એ ફરમાવ્યુ કે મને પાચ વખત ઝેર આપવામા આવ્યુ પણ અલ્લાહ પાકના ફઝલથી તે મ્હારા ઉપર કઇ અમર કરી શકયુ નહિં, પણ ૬ ઠ્ઠી

વખતે તેણે પોતાની અસર દેખાડી, અને કાળજુ સઘળું ટુકડે ટુકડા થઈને વહી ગયુ ! ઈંતેકાલના વખતે આપની પાસે હઝરત ઈમામ હુસૈન (ર અ.) રડતા રડતા તશરીફ લઈ આવ્યા આ વખતે બન્ને નુરાની ચેહરાઓ ચાદ-સૂરજની માફક ચમકતા તો હતા પણ એ વખતે નુર ઘણુ કમ હતુ જેમકે સૂર્ય જ્યારે આથમે છે ત્યારે વગર નુરનો હોય છે અને સૂર્ય પ્રકાશતો હોય ત્યારે ચાદ વગર નુરનો હોય છે પછી હઝરત ઈમામ હુસૈન (ર. તા) એ પુછયુ કે "બીરાદર અઝીઝ, આવુ કામ આપની સાથે કોણે કર્યું ?!" ત્યારે આપે ફરમાવ્યુ જે "એ માટે બીરાદર, આપ કાઈ પરેશાની ન કરો અને કાઈ પણ ખીયાલ ન કરો, તેમ કાઈ પણ પરપુછ ન કરો બલકે દરગુજર કરો કેમકે આપણે તો ખાન-દાન અહલે બેત અને અહલે નબુવતથી છીએ અને એ કામને માટે બદલો લેવા ઉપર તેયાર થવુ એ અહલે બેત અને ખાનદાન આલીશાન નબુવતની હરગેઝ આદત છેજ નહિ. સબબ કે આપણે તો બખશવવા વાળા અને શફાઅત કરાવવાવાળા છીએ એટલે આપ-ણેજ કોઈને ગીરફતાર કરાવનાર થઈએ અને ફસાવનાર બનીએ ત્યારે પછી છોડવ ાર અને શફાઅત કરાવનાર કોણ થશે ?"

જબ મસીહા દુશ્મન હો તો કબ હો ઝીંદગી,
કૌન રાહ બતલા સકે જબ ખીઝર બેહકાને લગે?

બલકે કસમ છે ઈઝઝત વ જલાલની કે જેણે ઝેર આપ્યુ છે તેનેભી મ્હારી સાથે જન્નતમાં લઈ જઈશ

હીકાયત ૪૦ મી—

નકલ છે કે એક વખતે હસ્સાન બીન સુફ્યાન (ર. અ) પોતાના દોસ્તો સાથે ચાલ્યા જતા હતા તે વખતે રસ્તામા એક નવુ મકાન જોઈને આપે કહ્યું કે "આ મકાન કોણનુ છે? આવુ મકાન મે કોઇ વખત જોયુજ નથી!" એમ કહેતાં તો આપથી કહેવાઈ ગયુ, પણ કહેતાંની સાથેજ આપ ઘણા પરેશાન થયા કે એમ નાહક મ્હારેથી બોલાઇ ગયુ! હુ શા માટે એમ બોલ્યો હઈશ? ને એ શી જરૂરની વાત હતી?" એ રીતે આપ દીલમાં બહુજ પસ્તાવો કરતા રહ્યા અને તુરત કસમ ખાવા લાગ્યા કે "આવુ બોલવા માટે હુ એના બદલામાં આજથી એક વરસના રોજા રાખીશ' એ પછી આપે એક વરસના રોજા રાખ્યા.

હીકાયત ૪૧ મી—

નકલ છે માલેક ઇબ્ને દીનાર (ર અ) થી કે હમેશા આપના વાલેદ સાહેબ અસરની નમાઝ બાદ સાંજ સુધી સુઈ રહેતા હતા એક વખતે હઝરત રયાહોલ કૈસ (ર. અ.) અસરની નમાઝ બાદ આપની મુલાકાતે તશરીફ લાવ્યા, પણ આપને સુતેલા જોઈને પાછા વળી ચાલ્યા ગયા અને કહ્યુ કે શુ આ વખતબી સુવાનો છે ? ત્યાર પછી મેં જલદીથી માણસને પુઠે મોકલ્યો કે જા તુ જલ્દીથી તેમને પાછા વારી લાવ, એટલે હુ હમણાજ ખાવાજાનને ઉઠાડુ છુ. ત્યાર પછી તે મોકલેલો માણસ મગરેબની નમાઝ બાદ પાછો આવ્યો. તો મેં પુછયુ કે “ કેમ આટલી બધી વાર લાગી અને તે પણ તું એકલોજ આવ્યો ? તુ તે રયાહોલ કૈસ (ર અ) ને સાથે કેમ નહિ લાવ્યો ?” ત્યારે તેણે કહ્યું કે જયારે હુ તેમને બોલાવવાને માટે ગયો ત્યારે તે વખતે એક નવાઈ જેવું બન્યું તે એ હતું કે તેવણ અહીથી પાછા વળ્યા ત્યારે તેવણ પોતે રડતા રડતા કબ્રસ્તાનમાં ગયા, તો હું પણ તેમની પાછળ પાછળ ચાહયો ગયો. ત્યાં જઈને પોતે પોતાના ઉપર ઘણીજ લાનત મલામત કરતા અને ઝાર ઝાર રડતા

તેમજ ચીખો પુકાર કરતા હતા. અને બોલતા હતા કે, "અરે, મે એમ શા માટે કહ્યુ કે શુ આ વખતબી સુવાનો છે? મારે કહેવાની જરૂરજ શી હતી? એમ કહેવાની સજાના બદલામા અએ નફસ, જા હવે તુબી એક વરસ સુધી બીલકુલ આરામ લેવાથી માહરૂમ રહે!" એમ કરી તેમણે કસમ ખાધી તે પછી તેમને અહી લાવવા માટે મે ઘણાજ કાલાવાલા કર્યા, પણ તેમણે મારૂં તે કાઈ સાભળ્યુજ નહિ, ત્યારે હું લાચાર બની ત્યાંથી પાછો આવ્યો છુ અને તેથી મને પાછા આવતા વાર લાગી એ હકીકતથી માલેક ઇબ્ને દીનાર ઘણાજ વિચારમા પડયા!

હીકાયત ૪૨ મી----

નકલ છે અબદુલ્લાહ ઇબ્ને ઓફ (ર. અ) થી કે આપ હમેશા ચુપજ વધારે રેહતા હતા. વગર જરૂરની વાતો કરતાજ નહોતા. જો કોઇ વખતે પોતાના ગુલામ અથવા લોડી ઉપર ગુસ્સેબી થતા તો ફક્ત એટલુંજ બોલતા કે "બારકઅલ્લાહો અલૈક" પછી એક વખતે પોતાનુ ઉંટ કે જેને પોતે ઘણાજ ચાહતા હતા અને પ્યાર કરતા હતા તેને પાણી પીવરાવવા

લઈ જતાં ગુલામે એવો તો એક લાકડીનો ફટકો માર્યો કે પેલું ઉંટ તદન આંધળું થઈ ગયું! ઉંટનો એવો હાલ જોઈ ઘરવાળા કહેવા લાગ્યા કે, ખોદા ખેર કરે કેમકે તેવણુ એ જોઈ ઘણાજ નાખુશ થશે. તેમના પ્યારા ઉંટને તે નકામું કરી દીધુ છે એ ઉંટ ઉપર પોતે સ્વાર થઇ હજજ કીધી હતી, એની ઉપર બેસી એમણે ઘણી વેળા કાફેરો સાથે લડાઇ કીધી હતી, અને ચારો–પાણી એને એઓ જાતેજ આપતા હતા એવા એક ઉંટને તે હલાક કર્યું છે તો આજે ત્હારી પુરી કમબખ્તી આવી છે એ સાભળી ગુલામ ઘણોજ ગભરાવા લાગ્યો અને ખોફથી બેબાકળો થઇ ગયો અબદુલ્લાહ ઈબ્ને ઓમ્રને એ ખબર થઇ તો ગુલામને પોતાની પાસે બોલાવ્યો અને હકીકત સાભળીને કહેવા લાગ્યા કે "બારકલ્લાહો અલૈક" અને કહુ કે હે લોકો, શાક્ષી રહો કે મે આ ગુલામને આઝાદ કરી દીધો છે એમ કહીને પછી પોતે જીવ્યા ત્યા સુધી રડતાજ રહ્યા કે પણ ખરે, મે એમ શા માટે કહુ કે "હે લોકો, સાક્ષી રહો કે મેં એ ગુલામને આઝાદ કીધો!" આ શબ્દોનો પોતે ઘણોજ પસતાવો કરતા રહ્યા અને રડતાજ રહ્યા હતા.

હીકાયત ૪૩ મી—

નકલ છે રબીઆ ઈબનેલ હશમાનીથી કે ત્રણ વરસની મુદતમા પોતે ફક્ત ત્રણજ વખત વાત કરી: પહેલી એક વખતે એ હતીકે એક દોસ્તને પુછયું કે તમારા મા સાહેબ જીવતાં છે કે નહિ? બીજી વાત એ કે કરબલામાં જ્યાદ શહીદ થયો કે અહલે બેત શહીદ થઈ ગયા? અને ત્રીજી વાત કે, બાકી રહેલી રસુલ (સ અ વ.) ની ઓલાદ ઉપર જાલીમોએ ઝુલમ શરૂ કીધો અને જમીન આસમાંન તથા જગલ અને પહાડોના દીલ પણ થરથર્યાં તથા તમામ દુનિયામાં હશ્રનો અલમ બરપા હતો, ત્યારે આપ જોશ-ખરોશ, મોહબ્બત ઓલાદે રસુલુલ્લાહ (સ. અ) માં ભરાઇ ગયા અને એકાએક જોશમા ઉભરાઈ ગયા. ત્યારે જનાબ બારીમાં અર્ઝ કરવા લાગ્યા કે "અએ માલેક બન્ને જહાનના, તું ખુબ જાણે છે કે તે ઝાલેમોએ ઝુલમ કરવામાં કઇ પણ બાકી રાખ્યું નથી. અહલે હકકોને નાહક ઇજાઓ પહોચવી છે, પણ ઈન્સાફને માટે ઈન્સાફનો દીવસ ત્હારેજ હાથ છે માટે તું જરૂર તેનેથી સમજી લેજો" એટલુ બોલી પછી આપ મરતા દમ તક કઇ પણ બોલ્યાજ નહિં અને તદન મુંગા રહ્યા રતા!

હીકાયત ૮૪ મી—

નકલ છે કે એક વખતે કેટલાક મશાએખો જમા થઈને કોઈ જગા પર દાવત ખાવાને માટે જતા હતા ત્યારે તેમની સાથે હઝરત ઈબ્રાહીમ અહમદને પણ લેતા ગયા. સઘળા સાહેબો આવી પુગ્યા હતા પણ તેઓમાંના એક હજી આવી પુગ્યા નહોતા, જેથી તેમની ઇંતેજારી થઇ રહી હતી એટલામા એકઠા થયલાઓ પૈકી એક કોઈ બોલ્યુ કે "અરે યાર એ માણુસ તો ઘણુાજ નાઝુક મીજાઝના છે એટલે તેમને આવતા ઘણી વાર લાગશે." એટલું જયારે ઈબ્રાહીમ અદહમે સાભળ્યુ, તો આપે કોઈને પણુ કઈ ખબર નહિ પડવા દેતાં છુપી રીતે પાછા પોતાને ઘર ચાલ્યા ગયા. કે અહીં તો ગીબત થઇ રહી છે! મુકામે જઈને પછી પોતાના નફસને બહુજ લાનત મલામત કરતા રહ્યા કે "તુએ ખાવાની લાલચે મુસલમાન ભાઈની ગીબત સાભળી?" તે પછી પોતે એવી રીતની દાવતો કદીબી નહિં કબુલ કીધી અને ખાવા જવાને માટે તોબાહ કીધી કે "જેમાં મોમીન મુસલમાનની ગીબત થતી હોય ત્યાં હરગેઝ હરગેઝ કદીબી જવુ જ નહી. તે પછી આપ કયારે દાવત ખાવા ગયાજ નહિ.

હીકાયત ૪૫ મી—

નકલ છે કે એક વખતે હઝરત ઈબ્રાહીમ અદહમ (ર. અ.) એક જગલમા ફરી રહ્યા હતા એટલામાં એક સ્વાર આવ્યો. તેણે આપથી વસ્તી કઈ તરફ છે? એમ પુછ્યુ, તો આપે કબ્રસ્તાનની તરફ ઈશારો કરી કહ્યુ કે એ તરફ! એથી આ સ્વાર ઘણોજ ગુસ્સે થયો અને નાખુશ થઈને કહ્યુ કે "તુ મ્હારેથી મજાક ઠઠ્ઠો કરે છે? હુ તો આબાદી અને મકાનોનુ પુછુ છુ અને તુ મ્હને બરબાદી અને કબ્રસ્તાનની નીશાની બતાવે છે?! પછી પેલા સ્વારે ગુસ્સામાં લાલ થઇને હઝરત ઈબ્રાહીમ અદહમને એટલા તો કોડા માર્યા કે આપ લોહી–લુહાણ થઇ ગયા! અને પેલા સ્વારે એટલો બધે જુલમ ગુસ્સામા કરીને શહેર તરફ ચાલતો થયો જ્યારે તે સ્વાર શહેરની નજદીક પહોચ્યો તો જુએ છે કે શહેરના સઘળા મરદ ઓરતોના ટોળે ટોળા સામા ચાલ્યા આવે છે! આ ભેદ ભરેલા બનાવથી અજાયબ થઈ સ્વારે લોકોને પુછ્યુ કે "ખેર તો છેની? સઘળા લોક શહેર છોડી શા કારણે કયા જઈ રહ્યા છે?" સ્વારનો એ સવાલ સાભળી લોકોમાંથી એક જણે કહ્યુ કે "હમોએ સાભળ્યુ છે કે હઝરત ઇબ્રાહીમ અદહમ

(ર અ) આ જગલમા તશરીફ લઇ આવ્યા છે જેથી હમો સઘળા તેમની ઝીયારતને માટે જઇએ છીએ." લોકોનુ એવુ બોલવુ સાભળી સ્વારે પોતાના દીલમા વિચાર્યું કે ખુદા ખેર કરે, રખે જેને મે બેસુતસ માર્યો છે તેજ આ શખ્સ હોય! પછી સ્વારે લોકોને આ શખ્સની શીકલ અને ચાલચલનની ઇધાની માગી ત્યારે લોકોએ, ઇબ્રાહીમ અદહમની પુરેપુરી નીશાની બતાવી. આથી સ્વારની ખાત્રી થઇ કે ખરેખર આ તેજ શખ્સ છે કે જેને મે માર્યો છે તે પછી આ સ્વાર પોતાને માટે લાનત મલામત કરતો પેલા ટોળા સાથે થઇ પાછો ગુનાહની માફી માટે ટોળા સાથે ચાલ્યો ને ત્યાં જઇને જુએ છે કે હઝરત ઇબ્રાહીમ અદહમ (ર અ) પોતાના બદનના ખુનથી કપડા ધોઇ રહ્યા છે! તુરતજ પેલો સ્વાર આપના કદમ ઉપર પડયો અને હાથ જોડીને કહ્યુ કે "હઝરત, મ્હારો કસુર માફ કરો, વલ્લાહ હુ આપને ઓળખતો ન હતો" આપે ફરમાવ્યું કે "શેખ, લીલ્લાહ મે માફ કીધુ હુ મ્હારા બદલામા કોઇને પણ પકડાવવા માગતો નથી મે કઇ જુઠું કહ્યુ ન હતુ કેમકે આબાદી તો હકીકતમા તેજ છે કે રાત દીવસ આબાદ થતી હોય જેમકે કબ્રસ્તાન

આપની ખુશી ફેહમીએ મને મુશીબતમાં અને તમને નદામતમાં નાખ્યા" એ પછી સ્વાર બહુજ પસ્તાવો કરતો રહ્યો.

હીકાયત ૪૬ મી—

નકલ છે કે હઝરત સીર્ર્ર્સ્સુકતી (ર અ) ઘણુાજ મોટા ઔલીયા અલ્લાહ કામેલ હતા. આપ, હઝરત પીરાન પીર દસ્તગીરના પેરોમાથી છે, અને હઝરત ઇમામ ઓલીયા અલ્લાહ આપનો લકબ હતો બગદાદ શરીફમાં આપ ખાસ કરી વાએઝ ફરમાવ્યા કરતા હતા. હઝારો માણુસો આપથી હીદાયત હાસલ કરતા હતા. એક વખતે અહમદ બીન યઝીદકે જેઓ ખલીફા વકતના મુસાહેબ હતા તેઓ પોતાના તુર્કી અને રૂમી સેંકડો ગુલામો સાથે અતી રોબ-દાબ સહીત આપની પાસે આવ્યા અને જયા આપ વાએઝ ફરમાવી રહ્યા હતા ત્યાં આવીને એક બાજુ ઉપર બેસી ગયા. એ વખતે હઝરત સીર્ર્ર્સ્સુકતી (ર. અ) ફરમાવી રહ્યા હતા કે હઝરત આદમ (અ સ) થી લઈને અત્યાર સુધીમા આઠેક હઝાર વર્ષ થયા હોવા જોઈએ કોઇ મખલુકમાં ઇન-સાનથી કમજોર અને નાફરમાની કરનાર જનાબ બારીઅં

દલેર અને દગાખોર, જુમલા કાએનાતથી મોઅજ્જતર જનાબ બારીએ બીજાઓને પેદા કીધા નથી જેમકે હજારો તરેહથી રબ્બુલ ઈજ્જતે આદમને નજાતને માટે સમજાવ્યા અને સેકડો તરેહથી અલ્લાહુવાલાએ પણ તેઓને સમજાવ્યા તે છતા તેને એક પણ નસીહત કાર ન આવી! જેમકે કલામ એલાહી મીસાલ અકસીર તાસીરથી ભરેલી છે એક દમમાજ ઈનસાનના દીલને ફેરવી દે છે અને હકીકતમા ઈનસાનને અનવાર રહમાનીથી હરાભરા પણ કરી દે છે" આવા વાકયો જ્યારે અહમદ બીન યઝીદે સાંભળ્યા તો પોતાના દીલમાં તે તીરની માફક આરપાર પુટી નીકળ્યા અને રડતા કકળતા બેહોશ થઈ ગયા! જયારે તેઓ સુધ્ધિકમાં આવ્યા ત્યારે પડતા લથડતા પોતાને ઘરે ગયા અને ત્યા કાંઈપણ બોલ્યા ચાલ્યા વીના ગુમસુમ સુઇ રહ્યા.

બીજે દીવસની વાએઝમાં, સઘળા લાહુ-લશ્કરને પડતું મુકી પોતે એકલા આવ્યા અને આવીને ચુપ ચાપ એક બાજુએ બેસી ગયા વાએઝ સાંભળતા રહ્યા અને જ્યારે વાએઝ પુરી થઈ ત્યારે બીજા સઘળા લોકો ચાલ્યા ગયા અને અહમદ બીન યઝીદ બેસી રહ્યા. સઘળુ શાંત થયા પછી પોતે હઝરત સીઈસ્સુકતી

(ર અ.) ની ખીદમતમા હાજર થઇ અને અર્જ કરવા લાગ્યા કે "જનાબ, આપની વાએઝ તો મને બહુ કારગર આવી અને તીરની માફક આર પાર નીકળી ગઈ! તેમજ દુનિયાની મોહબ્બત દીલમાથી બીલકુલ નાબુદ થતાજ, અજમત જાનમા સમાઇ ગઇ! એથી હવે મને દુનિયાથી અને તેના લોકોથી તેમજ તેની સુરતથી નફરત અને વેહશત માલમ પડવા લાગી છે" તે એટલે સુધી કે સર્વથી હવે મ્હારો જીવ માઇલો દુર ન્હાસવા લાગો છે સત્ય છે કે જયારે ઇમાનની લીઝઝત દીલમા ઘર કરે છે ત્યારે દીલ બીજી સઘળી વાતોથી થડુ થઇ જાય છે! તે પછી પોતે જગલ તરફ ચાલ્યા ગયા! થોડા દીવસ પછી હઝરત સીર્ફ રસુકનીની ખીદમતમા એક ઓરત ખુબ આહો પોકાર કરતી રડતી આવી ને કહેવા લાગી કે "ઓ! હઝરત, મ્હારો એક ઘણોજ ખુબસુરત અને સારી ખસલતનો છોકરો-પહેલા તો આપની વાએઝમા બહુજ દબદબાથી આવ્યો, અને ત્યાર પછી અહીયાથી તે ફકીર થઇને ગયો બીજી વખતે તેણે સઘળો શાહી ઠાઠ અને દબદબો દુર ફેંકી દીધો પણ ઘરે આવ્યો હતો. ત્રીજી વખત તે જ્યારે આપની વાએઝમા આવ્યો તો તે પછી તેની નીશાન

પણુ માલમ પડતી નથી કે ક્યાં છે?" એમ કહેતી હતી અને ઝાર ઝાર રડતી હતી તેમ પાસે બેઠેલાઓને પણુ રડાવતી હતી. તે એટલે સુધી કે ખુદ હઝરત સીર્કસ્સુક્તી (ર. અ.) ને પણ રેકકત આવી ગઈ! આપે એ સઘળા ઉપરથી જાણ્યુ કે અહમદ બીન યઝીદની મા એજ છે, ત્યારે ફરમાવ્યુ કે એ નેક બખ્ત ઓરત, સબર કર, જરા કરાર પકડ જે વખને તે અહી આવશે ત્યારે તમને જલ્દીથી ખબર કરવામા આવશે" હઝરતના એ પ્રમાણે કહેનાથી પેલી બીચારી દુખી બેચેનને પોતાના દીલ સાથે જરા કરાર થયો અને દીલ બેકરારે લગાર કરાર પકડયો તે પોતાને ઘરે ચાલી ગઈ પછી થોડા દીવસો વીત્યા બાદ એક રાત્રે કોઇ માણુસ આવીને હઝરતના દરવાજાની સાંકળ ખખડાવા લાગ્યો આપે અંદરથી ફરમાવ્યુ જે "એ કોણુ છે? તો જવાબ મળ્યો કે "એ તો હું અહમદ બીન યઝીદ છુ" ત્યારે આપે ખાદેમને હુકમ કર્યો કે "દરવાજો ખોલી દે અને એમના મા સાહેબને જલદીથી જઈને બોલાવી લાવ" અહમદ બીન યઝીદ ઘરમા ગયા સલામ અલૈક બાદ આપે ફરમાવ્યુ કે તમારો શુ હાલ છે? આવી રીતે ફકીર અને ખ્વાર ઝાર બની ગયા છો અને કમર પણુ વાંકી વળી ગઇ છે! સુરત પણુ

બદલાઈ ગઈ છે ! ! ત્યારે તેમણે કહ્યુ કે " એ ઈમામ, આવા વખતમાજ હુ ઘણો ખુશ છું કે આપે મને દુનિયામાથી છોડવી, ખુદા પાકથી મેળવ્યો, જેથી હુ મારા કયા દીલ અને જાનથી તમારો એહસાન માનું ? અલ્લાહ તઆલા આપને એનો બદલો જરૂર આપશે." આ વાતો ચાલતી હતી તે દરમ્યાન તેમના વાલેદ પોતાની વહુને લઈ સઘળા બાળકો સાથે રડતા પીટતાં અને બાલ નોંચતાં આવી પહોચ્યાં તેઓનો એવો હાલ જોઈને તેઓ ઘણુંજ પરેશાન થઈ ગયા અને એવા રડવા લાગ્યા કે સઘળાની આખોમા પાણી આવી ગયા! પછી માદર મહેરબાને કહ્યુ કે "હે મ્હારા જીગરના ટુકડા, શુ તમને આ બચ્ચાઓ ઉપરથી રહમ ન આવ્યો ? તમને શું થઇ ગયુ અને તમારા દીલમા શુ આવીને સમાઇ ગયુ ? આ એશ આરામને છોડી શા માટે આવો હાલ કર્યો છે ? ત્હારા બાલ બચ્ચા રખડી જશે, માટે બેટા, ચાલ, ઘરે ચાલ અને ત્હારી બાદ શાહી સભાળ!" વીગેરે માદર મહેરબાને ઘણોજ આગ્રહ કર્યો પણ તેમના ઉપર કઇ પણ અસર થવા પામી નહી ને હરગેજ કાંઇ માન્યુ નહિં. અને લાચાર થઈને તેમણે હઝરતની ખીદમતમાં અર્ઝ કીધી કે "હઝરત, આપે એ કેવી બલા મ્હારા પાછળ લગાવી

દીધી કે મ્હારો જાન છોડવવો પણ મુશ્કેલ થઈ પડયે છે!" આપે ફરમાવ્યુ કે "મે ફકત મ્હારો વાયદો પૂરો કર્યો છે." પછી તેમના ઓરત માયુસ થઇને કહેવા લાગ્યાં કે "હા એ, હવે મ્હારી જવાની કેમ ગાળીશ?" તો તેમણે કહ્યુ કે "હુ તો હવે ખુદીથી નીકળી ગયો છુ, માટે તુને અખત્યાર છે જેમ ત્હારો જીવ ચાહે તેમ કર અને મ્હારા ખ્યાલમા ના પડ! હવે હુ ખુદાની મોહબ્બતમા મળી ગયો છુ" એ સાભળી તે ઓરતે કહ્યુ કે "ત્યારે તો તમારા બેટાને પણ તમારી સાથેજ લઇ જાઓ" તો કહ્યું કે "ઘણુ સારૂ!" પછી પોતાના બેટાના બદન ઉપરથી રેશમી—જરરીન પોશાક ઉતારવા લાગ્યા. તે ઉતાર્યા પછી પોતાના બેટાના હાથમા એક જબીલ આપવાનો ઈરાદો કર્યો ત્યારે તેની મા મહેરબાનથી તે જોઈ શકાયુ નહિ, જેથી હાય વાવેલા કરી છોકરાને પાછો છીનવી લીધો. ત્યારે તેમણે કહ્યુ કે "હવેથી તમોને અખત્યાર છે મ્હારી પાસે તો મ્હારા જેવીજ સુરતે રહેશે." એવો હાલ જોઈ હાજર રહેલા સર્વે ન્હાના મોટાં ઝાર ઝાર રડવા લાગ્યાં અને તે વખતે જાણે કયામત બરપા થઈ હતી, એવો

ફેખાવ થઈ રહ્યા ! અને પોતે ત્યાજ સર્વેને છોડી જંગલ તરફ ચાલ્યા ગયા ! ! તથા ખુદાના અખત્યાર કીધેલા માર્ગને છોડયો નહિ

એ બનાવને બે વર્ષ વીત્યા બાદ એક માણસ હઝરત સર્રૂસ્સુકતી (ર અ)ની ખીદમતમા હાજર થયો અને કહ્યુ કે "હઝરત, આપને અહમદ બીન યઝીદે બોલાવ્યા છે, કેમકે હવે તેમનો વખત આખેર દમનો નજદીકમા છે !" એ સાભળી આપ તે માણસની સાથે તેમની પાસે ગયા ત્યા જઇને જુએ છે તો અહમદ બીન યઝીદ ત્યાના "સોનેજ્યા" નામના કબ્રસ્તાનમાં એક તરફ કમજોર હાલતમા પડેલા છે ! અને કહી રહ્યા છે કે "ભલાઈ ચાહવાવાળાઓ, તમો ભલાઇ કરજો !" હઝરત સર્રૂસ્સુકતી, (ર અ) સહવાર સુધી તેમની પાસે ત્યાજ રહ્યા તો આપે તેમનો એજ હાલ જોયો કે જનાબ બારીમા દુઆઓ ગુજારતા હતા, પઢતા હતા અને ઉપલી નસીહત જોરજોરથી કરતા રહ્યા હતા સહ- વારે તેમની રજામદીથી આપ પોતાના મકાનપર આવ્યા અને તેમને માટે તલકીનની ફીકરમાં મશગુલ થયા પણ પોતાની બારે અજાયબીથી આપે જોયુ કે શહેરમાથી હજારો માણુસ આ તરફ આવી રહ્યા છે એ જોઈ આપે લોકોને પુછ્યુ કે ' કેમ શુ છે ? ખેર તો છેની ?" તો

જવાબ મળ્યો કે "હઝરત, રાત્રે એક ગેબથી હમોએ એવી અવાજ સાભળી કે "જેઓને ઓલીયા અલ્લાહની નમાજ પઢવી હોય તેઓએ સહવારે પેલા મકબેરાહ "સોનેજ્યા"મા જવુ" અને તેથીજ હમો સઘળા ત્યા જઈ રહ્યા છીએ ગરજ કે અહમદ બીન યઝીદની તલ-કીનની ફીકરમા ખૌફેખુદાથી આપે રેહલત ફરમાવી અને આપની નમાજ અસરની નમાજ પહેલા એક મોટી જમાઅતે પઢી આપને દફનાવ્યા કાલુ ઇન્ના લીલ્લા હે વ ઇન્ના એલેહે રાજેઉન.

હીકાયત ૪૭ મી—

નકલ છે એક દીનદારની તેઓ કહે છે કે એક વખતે મ્હારી દીવાલ એકાએક પડી ગઈ તેને દુરસ્ત કરવાને માટે મજુરોના અડ્ડા ઉપર હુ મજુર લેવા ગયો ત્યા જઇને જોઉં છુ તો ફક્ત એકજ ખુશ કલામ અને નેક શીરત જવાન સીવાય બીજુ કોઈજ નહોતુ ! મે પુછયુ "હઝરત અહીંથી બીજા મજુરો કયાં ગયા ?" તો કહ્યુ કે "સઘળા કામપર ચાલ્યા ગયા ફક્ત બાકીમા હુ જ છુ" મે કહ્યું તમે મજુરી કરશો ?" તેમણે કહ્યુ કે "જનાબ, હુ ફક્ત ત્રણ શરતોથી મજુરી કરૂં છુ" તે શરતો શુ છે ?

તો કહ્યુ કે, "પહેલી શરત એ છે કે મજુરી ઠેરવે તેનાથી કમી કે જાસ્તી મલવી ન જોઈએ. બીજી એ છે કે તાકાતથી વધારે કામ લઇ શકે નહિં અને ત્રીજી એ કે નમાજને માટે પહેલાથીજ રજા મલવી જોઈએ" ત્યારે મે કહ્યુ કે "ભાઈ, ભલે એ શરતો કબુલ છે" પછી તેને મારે ઘરે સાથે લાવ્યો અને કામ બતાવી દઇને હુ મ્હારે કામે ચાલ્યો ગયો મ્હારે કામથી પરવારી હુ સાજે આવીને જોઉછું તો બે માણસના જેટલુ કામ થયેલું મે જોયુ ! હુ ઘણોજ ખુશ થયો ને ઠરાવ કરતા થોડુ વધારે દામ આપવાની મરજી દેખાડી, પણ તે તેણે ન લેતા ઠરાવેલીજ મજુરી લઈને ચાલ્યા ગયા પણ કાલે પાછા આવજો એમ કહેવાનું ભુલી ગયો ને બીજે દીવસે મે તેવણુની બહુ રાહ જોવા લાગ્યો મજુરોનો વખત થઈ જવા છતા તે આવ્યો નહિ તેથી હુ પાછો તે મજુરોના અડ્ડા પર ગયો, પણ ત્યા તેઓ મને મળ્યા નહિ તેથી મેં બીજાઓથી તેની તલાસ કરી, તો જણાયુ કે તેવણુ તો દરરોજ મજુરી કરતા નથી ! ફકત અઠવાડીયામાં એક દીવસ કામ કરે છે અને સાત દીવસ ચલાવે છે !! અને ત્યારેજ હુ સમજ્યો કે ત્યારે તો આ માણસ કોઈ કામેલ હોવા જોઇએ ત્યાર પછી મે તેમનો પતો

મેળવીને તેમના મકાન ઉપર ગયો અને જોઉ છુ તો તે
બીમાર પડેલા છે અને ઝમીન ઉપર અળોટી રહ્યા છે
તેમનો એવો હાલ જ્યારે મે જોયો તો હુ ઘણોજ
પસ્તાયો. મે તેમને પુછ્યુ કે "આપ મુસાફર બીમાર
છો અને વળી તનહા (એકલા) છો જેથી તમોને તકલીફ
બહુ થાય છે, માટે મ્હારા ઉપર મહેરબાની ફરનાવો
અને આ ગરીબના મકાન પર તશરીફ લઈ ચાલો"
ત્યારે તેમણે મને કહ્યુ કે 'ઘણુ સારૂ હુ આવુ છું,
પણ મને કઇ પણ ખવરાવવાનો આગ્રહ કરશો નહિ."
પછી હુ તેમને મ્હારે ઘરે લઇ આવ્યો હકીકતમાં
તેમણે ત્રણ દીવસ સુધી કઇ પણ ખાધુ પીધુ નહિ,
તેમ કઇ વાતચીત પણ કરી નહિ ચોથે દીવસે મને
પાસે બોલાવીને કહેવા લાગ્યા કે "આ વખત હવે
મ્હારો આખેર દમનો છે માટે હું તમને કેટલીક વસી-
યતો કરૂ છુ તેને બરાબર અદા કરશો પહેલી વાત એ
છે કે જ્યારે મારો પ્રાણ નીકળી જાય ત્યારે મ્હારા
ગળામાંથી એક રસ્સી બાધીને મને ખેચશો અને કહેશો
કે જે કોઇ પોતાના માલીકની નાફરમાની કરે ત્યારે
તેનો એવો હાલ થશે. કેમકે એમ કરવાથી કદાચ
રેહમત ઇલાહી જોશમાં આવે ને મ્હારી મગફેરત કરી
દીએ. બીજી વસીયત એ છે કે મને મ્હારાંજ કપડાંમ

દફનાવશો અને પછી આ મ્હારી વીંટી અને આ કુરબાન શરીફ છે તે હાલમા જે બાદશાહ છે તેમને આપી દેજો અને કહેજો કે "જહાંપનાહ, હવે જરા ઝવાબ અધૂ-લતથી બેદાર રહો તથા એશઆરામને દુનિયાઇ સ્વપ્નુ બલકે વબાલ સમજો કેમકે કદાચ એમ ન બને કે મોત એકાએક આવી જાય અને સઘળો અઝમતનો સામાન ખાકમા મલી જાય, કેમકે ત્યાર પછી કોઇ તદબીર મુફીદ થનાર નથી!" એટલી વસીયત કરી પછી જાન બહક તસલીમ કીધી પછી પેલા દીનદારે વસીયત મુજબ દફનાવ્યા અને વિચાર્યું કે વસીયત પ્રમાણે ગળામા રસ્સી નાખુ નહિ તો હુ ગુન્હેગાર થઇશ. એટલામાં મકાનના એક ખુણેથી ગેબી અવાઝ સંભળાયો કે, "ખબરદાર, અએ આબેદ, એ કામ હરગેઝ ન કરશો કેમકે એ શખ્સ ઓલીયા અહલે ઇઝઝત છે જેથી એ ઝીલ્લતને લાયક નથી." ત્યાર પછી ઘણીજ ઇઝઝત સાથે તેમને દફનાવ્યા.

તે પછી તેમની વીંટી અને કલામ એલ્લાહી લઇને પેલા પરહેઝગાર, બાદશાહની સ્વારી જતી હતી ત્યાં ઉભા રહ્યા તેઓ એમ સમજ્યા કે દરબારમાં મને કોઇ જવા દેશે નહીં, તેથી એ તક સાચવીને ઉભા રહ્યા. દુરથીજ આપે અર્ઝ કીધી, પણ કોઇએ તેપર ધ્યાન

ન હેવાથી માયુસ થયા ! પણ એટલામા તો એકાએક બાદશાહની નઝર એમના તરફ થઈ, બાદશાહે એમને પાસે બોલાવીને પુછયુ કે "આપ કોણ છો, શુ મતલબ છે અને કયા રહો છો? તો પછી એમણે કહ્યુ કે "હુઝુર, હુ આ શહેરનો રહીશ છુ અને એક માણુસનો પેગામ તથા આ વીંટી અને આ કલામે શરીફ લઈને ખીદમતમા હાજર થયો છુ" બાદશાહે તે બન્ને ચીઝો લઈને કહ્યુ કે "તે માણુસ કયા છે અને તે શુ હાલતમા છે?" એમણે કહ્યુ કે "તેવણુનો તો ઇંતેકાલ થયો છે!! તેવણુ દીવાલો બનાવવાનુ કામ કરતા હતા." એટલુ સાંભળતાજ બાદશાહ બદહવાશ થઈને રડવા અને પીટવા લાગ્યો તે અહીં સુધી કે બેહોશ થઈને પડયો' આવો હાલ જોઈને સર્વ અચરતજ પામ્યા કે યા ઈલાહી, એ શુ થઈ રહ્યુ છે.

ઘણીકવાર પછી જયારે બાદશાહ હોશમા આવ્યા અને પુછવા લાગ્યા કે "તેમણે કઇ વસીયતબી કરેલી છે? તો પછી એમણે કહ્યુ કે "હા" અને તે પછી ઉપર જણાવેલી વસીયત કહી સંભળાવી એ સાંભળી બાદશાહે પોતે પણ પોતાનાં કપડાં ફાડતા માથામા ધુળ ભરતા હાયપીટ મચાવી દીધી. અને કહેતા હતા કે "અએ નાસેહ મ્હારા, અએ શરીફ મ્હારા;"

એ પછી રાત્રે બાદશાહ ચાદર ઓઢીને મ્હારી સાથે તે-
મની કબર ઉપર આવ્યા અને તે કબર સાથે વળગીને
પોતે ઘણુાજ રડયા ! કહેવા લાગ્યા કે "હે લોકો, એ
મ્હારો બેટો હતો જે હમેશા શરાબ-કબાબમા લાગી
રહેતો અને કોઈ મુરશેદ કામેલના સબએ ગેબી હીદાયત
પામ્યો હતો. એક વખતે તે લહુ વ લોઆબમા મશગુલ
હતો અને સઘળો એશઅસરતનો સામાન પણ તે
વખતે મોજુદ હતો તે વખતે નીશામાં બેહોશ થઈ કોઈ
કયાં તો કોઈ કયા પડેલા હતા અને આ તોફાની
મેદની ત્યા જમા થઈ હતી કે જયા એક મકતબખાનુ
નજદીકમા હતુ. આ તોફાન સમયે એક તુલબા આં
આયાત કરીમા ૨૭ મા પારાની સુરા હદીદમાથી પઢી
રહ્યા હતા કે "અલમ યા તે લીલ્લઝીના આમનુ અન-
તખશ આકોલુબો. હુમ લે ઝીકરીલ્લાહે-યાને શુ ઈમાન
વાલાઓનો તે વખત નહી આવ્યો કે પોતાના દીલને
અલ્લાહની યાદમા મશગુલ કરી દે ?" આ અવાજે
તેના દીલ ઉપર ઘણીજ અસર કીધી અને પછી તે
તુલ્બાની પાસે આવી કહેવા લાગ્યો કે "હા, વખત
આવી લાગ્યો છે કે અલ્લાહની યાદથી દીલ થરથરાઈ
જાયુ છે અને પોતાનુ કામ કરી રહ્યુ છે. પછી પોતાનો
તે રાજવશી પોશાક ઉતારી નાખ્યો અને ત્યાંથીજ

ચાલ્યો ગયો! તે પછી મે તેની બહુ શોધ કરી પણ ક્યાંએ પતો મળ્યો નહિ અને જ્યારે પતો મળ્યો, ત્યારે કેવો મળ્યો કે દીલ ઉપર એક કારી જખમ સાથે મળ્યો!

હીકાયત ૪૮ મી--

બાઝ રીવાયતોમા છે કે એક વખતે હઝરત ઈબ્રાહીમ અદહમ (ર અ.) ગોરખરના શીકારને માટે ગયા હતા, પણ શીકારને બદલે પોતેજ શીકાર થઈ ગયા, અને દુન્યાની બાદશાહતને તરક કરીને ઉકબાની બાદશાહી સ્વીકારી

"તારેકે દુનિયા ગીરફ્તાર, સુલતાન શવી" ઉપર અમલ કીધો એટલે કે જ્યારે ગોરખરને પકડવાને માટે ઘોડો દોડાવ્યો અને પોતાના લશ્કરથી જુદા પડી ગયા ત્યારે ઘણેક દૂર નીકળી ગયા બાદ તે જાનવરે ફસીહ જબાનથી કહ્યુ કે "હે ઈબ્રાહીમ અદહમ (ર. અ), તું એ કામને માટે પેદા થયો નથી જા અને ત્હારૂ કામ કર! એ સાભળતાજ ઈબ્રાહીમ અદહમ (ર અ.) અતી હેરતમા પડયા અને ગશ આઇને ઘોડાના ઉપરથી પડી ગયા! આપ ત્યાજ પડી રહયા અને ઘોડો સીધો લશ્કરમા ચાલ્યો ગયો લશ્કરે એ ખાલી ઘોડો જોઇને કહ્યુ કે "ખુદા જાણે બાદશાહ સલામત ક્યાં

માર્યા ગયા હશે ? માટે ચાલો તેમની શોધ ચલાવ્યે" એમ કરી સર્વ બાદશાહની શોધમા નીકળ્યા, પણ એમનો કયાએ પ-નો લાગ્યો નહિ, જેથી સર્વ રડી પીટીને બેસી રહ્યા કલાકો બાદ જયારે હ ઈબ્રાહીમ અદહમ (૨ અ) હોશમા આવ્યા તો ત્યાથી ઉઠીને જગલ તરફ ચાલવા લાગ્યા જયા ઢોરોને ચરાવનાર એક ગોવાળ મળ્યો તેને આપે કહ્યુ કે "મ્હારા કપડા સાથે ત્હારા બદલી આપ" તો તેણે કહ્યુ કે "હમો તો બાદશાહના ગુલામ છીએ જેથી શાહી લેબાશને લાયક હમે કેમ થઇએ ?" તે પછી ઘણી રીકઝીકે બાદશાહે તે ગોવાળનો પોશાક લીધો અને પોતાનો તેને આપ્યો ગોવાળે કહ્યુ "હજુર બેઅદબી મોઆફ ! પરતુ એ શા માટે એમ કરવુ પડે છે. ? હરકત ન હોય તો ફરમાવવા કૃપા કરો" તો બાદશાહે ફરમાવ્યુ કે "હુ ગોરખરના શીકારને માટે નીકળ્યો હતો, પણ હું પોતેજ તેનો શીકાર થઈ ગયો છુ ?"

"શોદેકે લીયે બરસરે બાઝાર ગયે હમ,
હાથ ઉસ્કે બીકે જીસ્કે ખરીદાર હુવે હમ !"

અને કહ્યુ કે "ખબરદાર, એ હાલ કોઈને પણ કહેવો નહિ. અને કહેશો તો તમારે માટે તે બેહતર થશે નહિ. એ પછી સઘળા જંગલમાંથી રડવાની ચીખો

પોકારની અવાજો થતી સભળાઇ પણ હ ઇબ્રાહીમ (ર અ) આ મતલબની અશઆરો પઢતા હતા –"યા ઇલાહી ત્હારીજ મોહુબ્બત યતીમો અને ઔલાદ યતીમો ઉપર હોય છે અગર મ્હારા દીલના ટુકડેટુકડા ભી થઈ જાય, મગર ત્હારાંજ જમાલના ખીયાલ શીવાય બીજા કોઇનો ખ્યાલ મ્હારા દીલમા લાવુ નહિ! કેમકે ત્હારાજ ખ્યાલની બદોલત મ્હારા તમામ જીવમાં જાન માલામાલ છે? અને એ શીવાય સઘળુ ખ્વાબ અને ખ્યાલ બલકે વબાલજ છે "

હીકાયત ૪૯ મી--

નકલ છે કે હ ઇબ્રાહીમ અદહમ (ર અ) એક વખત નદીના કીનારા ઉપર બેઠા બેઠા પોતાનો અમ્મામો સીવી રહ્યા હતા આ વેળા એક મુસાફરે આપને તાનો મારીને કહ્યુ કે " બાદશાહી છોડી દીધી અને ફકીરી લઇ કમલી ઓઢી લીધી! એમા તમોને શુ સુખ મળી ગયુ ને તેમા શું દુઃખ હતુ ?!" ત્યારે આપે જવાબમાં ફરમાવ્યું કે –તે બાદશાહત ન હતી, બલકે જાન ઉપર વબાલ હતી! સારી જહાનનો વબાલ મ્હારી ગરદન ઉપરજ હતો. ખરી સલતનત તો હુ હમણાં સમજ્યો છું! કેમકે એમા મ્હારી પોતાની જાન અને મ્હારા માલની પણ મને ફીકર નથી!" એમ કહીને પોતે જે સોઇથી

સીવી રહ્યા હતા તે એકાએક નદીમા પડી ગઈ, જેથી આપે કહ્યુ કે "હે દરીયાવાલાઓ, મ્હારી સોઈને જલ્દીથી લાવી આપો." એમ કહેતાજ તે નદીનાં સર્વે જાનવરો કીનારે આવીને હાજર થયા તેમાથી એક મચ્છી પેલી સોઈને લઈ આપ પાસે આવી હાજર થઈ ગઈ! ત્યાર પછી હ ઈબ્રાહીમ અદહમ (ર અ.) એ પેલા તાનો મારનારને કહ્યુ કે "કુદરતનો આ ખેલ તમે જોયો? પહેલા તો ફ્કત ઈનશાનના ઉપરજ મ્હારી હકુમત હતી અને હવે તો સઘળાઓના ઉપરજ છે. હવે હુ ખુદાનો લાખ લાખ એહશાન કેમ ન માનુ?"

હીકાયત ૫૦ મી--

નકલ છે કે એક વખતે મનસુર બીન આદ બસરાહ જતા હતા ત્યા એક મકાન ઘણુજ ઉચુ .આલીશાન અને ખુશનુમા સોના-ચાદીની નકશીથી ભરેલુ જોયુ. આ મકાનની આસપાસ વીશાળ ચોગાન હતુ અને તે ચોગાનમા ઘોડેસ્વારોને પોતપોતાના મોકા ઉપર લેબાસ સજીને સફેસફ ઉભેલા જોયા તેમજ સેકડો દરવાને, પણ સફ સમારીને તૈયાર પહેરા ભરી રહ્યા હતા આ મકાનમા એક બાદશાહી તખ્ત ઘણુજ સણુગારીને ગોઠવેલો જણાતો હતો આ તખ્ત ઉપર એક નૌજવાન

ખુબસુરત ગબરૂ ઘણુાજ રૌબ અને દબદબા સહીત બી-
રાજેલો હતો. તેની ચારે તરફ ખુશ કલામ કરનાર ખુ-
બસુરત ગુલામો પણુ અદબ બાધીને ઉભા હતા એવો
હાલ જયારે મે જોયો તો મ્હારી અકકલ દગ થઈ ગઈ.
અને મે વિચાર્યું કે હુ અદર જાઉં, અને તેના હાલથી
વાકેફ થાઉ, પણુ દરવાનોએ મને અદર જવા દીધો
નહિ આથી કોઈબી કીસમે હુ અદર ચાલ્યા જવાની
યુકતીમા રહયો અને દરવાનોની નજર ચુકાવી હુ અંદર
ચાલ્યો ગયો અદર જઈને મે જોયુ તો પેલા અમીરે
એકાએક ઓરતોને બોલાવી અને સઘળા ગુલામોને બ-
હાર જવાનો હુકમ કર્યો પછી પેલી ઓરતો અદર
આવી તો મકાનમા પ્રકાશ થઇ રહયો ! તેણીઓ સાથે
બાંદીઓ અને લોડીઓ પણુ સોલે સણુગાર ખુશબો
લગાડી, કોઈ આઇનો બતાવતી તો કોઈ તેણીઓના
બાલ બરાબર સમારતી અને પેલી ઓરતોની ખુબસુરતી
તથા નઝાકત વધારતી અદર દાખલ થઇ !

આ વેળા પેલો અમીર અને મ્હારા સીવાય બીજો
કોઈ મર્દ ત્યા હતો નહિ હુ સઘળો તમાસો જોતો
હતો તેટલે તો બાદશાહની નીઘાહ મ્હારા તરફ ખેચાઈ
અને ઘણુાજ ગુસ્સામા આવી જઇ અગાર થઇ ગયો
અને મહને કહ્યુ કે "ત્હારા માથા ઉપર શુ મોત ભમે

છે ? કો'ની રજાથી તું અંદર દાખલ થયો ને તુ કોણ છે ? શુ તે આ જગ્યાને સાધારણ નાચ તમાશાની જ ગ્યા સમજી લીધી ? કે તુ મોતના પંજામા જાણી જોઈ સપડાયો ?" એ સાભળી મ્હારા તો આજાજ ગગડી ગયા ને હુ ધુજવા લાગી ગયો. તેમજ મે મ્હારી જી-દગીથી હાથ પણ ધોઈને દીલગીર થઈ ઉભો રહયો ! પછી મે વિચાર કર્યો કે છુટકારાને માટે વિનતી અને આજેજી સીવાય હવે બીજો કોઈજ ઉપાય નથી જેમકે ગુસ્સાની અગારને બુઝાવવા માટે નમનતાઈના પાણીની જરૂર છે તેમજ ગુનાહને માટે ગીરીયાઓ ઝારી અલ્લાહ પાકની દરગાહમા કબુલ થઈને સવાબને લાયક બનાવે છે અને કેહરે ઇલાહીને મહેરબાન બનાવે છે તેવી રીતે મે કાલાવાલા કીધા ત્યારે તેનો ગુસ્સો કઈક નરમ પડયો જણાયો તેણે મને કહ્યુ કે ' તું કોણ છે અને ક્યાથી આવ્યો છે ?" તો મે કહ્યુ કે "હુઝુર, ખતાવાર અને ગમે એવી સજાને લાયક છુ, પણ હકીમ કહેવ-રાવુ છુ અને કઈક ઇલાજ દીલના મરઝનો જાણુ છુ" ત્યારે તેણે ફરમાવ્યુ કે "અહી આવ અને કઈ વાતો હુક્કની કહી સભળાવ" ત્યારે તો મે બેખૌફ થઈને હુકમ હાકીમ હકીકીનો સાફ સાફ બ્યાન કરવો શરૂ કર્યો.

'હે બાદશાહ,' ત્હારી પાસે ઓરતોનો હુજુમ છે અને

મુલ્કમા ઝાલીમોનો ઝુલમ કરવાનો છેડો રૈયત ઉપર કમ નથી, એનુ કારણુ એ છે કે બાદશાહની બેખબરી અને ગફલત છે અને તેથી શહેનશાહતની બરબાદીની નીશાની છે સરકાર, ખુબ યાદ રહે કે એક ઈનસાફી કારકુનનો દરજ્જો એક ફકીરની ઈબાદતથી પણુ વધારે છે શુ શાહ, પોતે નથી જાણુતા કે એ વબાલથી ત્હારૂ આમાલનામુ ગુન્હાથી ભરપૂર થઇને માલામાલ થનાર છે? માટે હે શાહ, જરા તુ હોશ પકડ અને એવી હકુમતની મસ્તીથી હરગેઝ ન અકડ! ખુદાને ન ભૂલ અને ખુદીની નીશામા એવો ચકચુર ન થા, કેમકે ઈનસાફને દીવસે જબરદસ્ત પણુ જેરદસ્ત થનાર છે, દુધ પાણીથી અને પાણી દુધથી જુદુ થનાર છે, દોઝખ એવી રીતે હેબતનાક અવાજો કરશે કે તે વખતે પથ્થરનુ કાળજુ પણુ પાણી થઈ જશે! નેકકારો મોટા દરજ્જા ભોગવશે જયારે બદકારોના ચેહરા પીળા પડી જશે અને હકીકતમા એમ છે કે દુનીયાનો કારોબાર તો દીલને લાયક નહિજ હોવો જોઇએ, છતા તુ તો ઓરતોની મોહબ્બતમા ચૂર રહે છે અને જન્નતની હુરોથી કોસો દૂર રહે છે! અગર તુને જો જન્નતી નેઅમતોની મજાહનો ખ્યાલ હતે અને હુર પૂર નૂરને એક નજરે જોતે તો વલ્લાહ, આ દુનિયવી ચીઝતો અને આ ઓરતોને તુ બીલકુલજ

ભૂલી જતે ! બલકે આ નાશ પામનાર બીગઝતોમાં તું કોઇ વેળા પણ સપડાતે નહિ ન તો આ ઓરતોની ખુબ-સુરતી રહેવાની છે કે ન તો હુરોની માફક તેનો રંગ ઢંગ રહેવાનો છે એ સઘળુ દુનિયામાજ રહી જશે અને એ સઘળુ ત્યાં હુરોને જોતાજ ભૂલી જશે બલકે એ ઓરતોથી ત્યા તુને નફરત આવશે માટે હે શાહ, તું એની સોહબતથી દૂર રેહે, જન્નતી હુરોનો ઉમેદવાર રેહ કેમકે તેની ખુબસુરતી અને ચમક વીષે જેટલી તારીફ કરૂ તેટલી થોડીજ છે કેમકે તેની તારીફ માટે સુરા રહમાનમાં ઈર્શાદ છે કે –"લમયત મીસહુન્ના ઇનસુન કબલહુમ વલાજાન્નુન,–કાઅન્નહુન્નલ યાકુતો વલ મરજાન " આ વાતો સાંભળીને અમીર લોટપોટ થઇ ગયો અને કહ્યું કે " હે, તબીબ, આ ત્હારી વાતો તો મ્હારા દીલની આરપાર થઇ ગઇ છે માટે કહો ત્યારે કયા ઈલાજથી હુ નજાત પામી શકુ ? અને સીધા રસ્તા ઉપર આવી શકુ ? કેમકે હુ ઘણોજ મોટો ગુન્હેગાર છુ મગર શુ તઆજ્જુબ છે કે ગફુરૂર રહીમ પોતાનો ફઝલ અને રહમ મ્હારા ઉપર ઉતારે ?" ત્યારે મે કહુ કે "હકીકતમા તે ઘણોજ મોટો રહીમ અને કરીમ છે !"

પછી તે ઝાર ઝાર રડવા લાગ્યો અને પોતાનાં

કપડાઓ ફાડતો છેવટે ત્યાંથી નીકળી ચાલી નીકળ્યો. પછી જ્યારે પેલી ઓરતોએ જોયુ તો કહ્યુ કે "હમે સઘળી તમારા દરેક ફરમાન વેળા હાજર રહી અને આજે હમોને એકલી અટુલી છોડી કયા જાઓ છો? એ શુ ઈનસાફ અને મુરવ્વત છે?" તે પછી સઘળાઓએ બાદશાહી લેબાશને પોતાનાં શરીર ઉપરથી દૂર કીધા અને ફકીરી કફની પહેરી લીધી! રાતને રાતમાં સર્વને સાથે લઇ નીકળી ચાલ્યા

એ પછી ઘણી મુદતે મે તે મહેલને જોયો તો બીલકુલ ઉજ્જડ પડેલો જોયો! બલકે દીવસે પણ ત્યાં ડર લાગતો હતો. પછી એક વખત અલ્લાહનુ કરવું હતુ કે એકાએક હુ બેતુલ્લાહ શરીફ ગયો. જોઉ છું તો અબદુલમલક ત્યા મૌજુદ છે અને કઅબાનો તવાફ કરી રહ્યા છે. જ્યારે તેમને મે જોયા તો હુ ઘણોજ ખુશ થયો ત્યાર બાદ મે તેમને પુછયુ કે પેલી ઓરતો કયા છે? ત્યારે તેમણે જવાબ આપ્યો કે 'સઘળી હાજર છે" એટલુ કહેતા તે સર્વ ત્યા આવી રહી તે સઘળીઓને મે પછી આમીન-બંદગીમા જોઈ. તેણી મને જોઇ ઘણીજ ખુશી થઇ અને કહેવા લાગી કે "અલ્લાહતઆલાએ હમારા દીલની પણ મુરાદ પુરી

કીધી કે તમોને મેળવી દીધા." પછી મને પુછયું કે "હઝરત, હમો ગુન્હેગારોને પણ અલ્લાહ બક્ષી દેશે કે? હમોએ જાન માલ સર્વ તેની મોહબ્બતમાં ગુમાવી દીધું છે" તો મે કહ્યુ કે, "બેલાશક અલ્લાહ-તઆલા પોતાના તાબેદારોને જરૂર બક્ષી દેશે બલકે આ આયત કરીમા મુજબ "વલેમન ખાફા મકામા રબ્બેહી જન્નતાન" તે જન્નત બક્ષી દેશે એવુ કહેતાજ તેણીઓ પોતાના જીવ જાનોને ગુમાવી બેઠા અને જોશ ખરોશમાં આવી જઈ, એક નારો મારીને જાન બહક તસલીમ કીધી જ્યારે અબદુલ મલકે એ હાલ જોયો ત્યારે પોતે બહુજ ગમગીન થયા, કે અફસોસ! રાહે રાઝ્ન પર આવ્યા પછી તેણીઓ મ્હારાથી દૂર થઈ ગઈ!! પછી તે સર્વને ઘણીજ ખુબી સાથે કફનાવીને દફનાવી દેવામા આવી, તે પછી તેવણ પોતે પણ થોડા દીવસ બાદ રેહલત ફરમાવી ગયા જ્યારે લોકોએ એ કીસ્સો સાભળ્યો તો સૌ કોઈ બહુજ અફસોસમા પડયા પછી મેં તેઓની કબર ઉપર વાએજ કરી અને લોકોને કબરના અઝાબથી ડરાવ્યા અને જન્નતના આરામની મજાહો કહી સભળાવી.

હીકાયત ૫૧મી—

નકલ છે કે એક વખતે હઝરત જુન્નુન મીસરી (ર. અ) દરીયા કીનારા ઉપર બેફીકર રીતે ઉભા હતા એટલામા તેમણે જોયુ કે એક ઘણોજ મોટો વીછુ દોડતો દોડતો દરીયાના કીનારા ઉપર આવ્યો, કે લાગલુંજ એક દેડકુ દરીયામાથી નીકળી આવી પેલા વીછુને પોતાની પીઠ ઉપર સ્વાર કરી, કીનારે કીનારે ચાલવા લાગ્યુ ! આ અચબો જોઈ હુ પણ તેની પાછળ ચાલવા લાગ્યો. પછી કેટલેક છેટે સુધી તે દેડકું આગળ વધ્યું. થોડેક ગયા પછી ઉભુ રહ્યુ, અને પેલુ વીછુ પીઠ ઉપરથી નીચે ઉતર્યો ને જલદી જલદી દોડતો જઇને એક ઝાડ નીચે જઈ પહોચ્યો. હું પણ તેની સાથેજ થોડે છેટેથી ચાલતો હતો મે મ્હારી ભારે અજાયબી વચ્ચે જોયું કે તે ઝાડ નીચે એક માણસ સુતો છે અને તેની છાતી ઉપર એક જંગી સાંપ બેઠેલો છે ! તે ચાહતો હતો કે હવે એને ડખ મારૂં પણ એટલામાં તો પેલો વીંછુ ત્યા જઇ પહોચ્યો અને સાપને એક એવો તો ડખ માર્યો કે સાપના ત્યાંજ રામ રમી ગયા ! મુસાફર બચી ગયો. પછી પેલો વીછુ ત્યાથી દેડકા ઉપર સ્વાર થઇ પાછો પોતાને મુકામે જઈ પહોચ્યો.

આ અજીબ બનાવથી હું સમજ્યો કે આ માણસ કોઈ કામેલ શખ્સ હોવો જોઈએ અને તેથીજ ઈનાયત ઈલાહીએ એની હીફાજત કીધી તથા એક મુજીને બીજા મુજીથી દૂર કરાવ્યો માટે એવા શખ્સની ખીદમતમા રહેવુ ઠીક છે એમ સમજી હુ તેની પાસે ગયો અને તેમના પગ દાબવાને ઈરાદે પગ જરા ઉચો કર્યો તો તે તેની આખો ફાડીને જોવા લાગ્યો જે ઉપરથી સાફ માલમ પડયુ કે આ માણસ કોઈ શરાબી જેવો હતો! મે તઆજ્જુબ કર્યો કે અલ્લાહ-અલ્લાહ, આ માણસનો તો એવો હાલ છે ને તેના ઉપર ત્હારી રહેમત કેવી? એટલે તો ગેબથી મને અવાજ સભળાઈ કે, 'હે જુનનુન (ર અ), શુ તઆજ્જુબમા છે? એ પણ મ્હારો બદો છે અગર જો હુ ફકત પરહેજગારનીજ હીફાઝત કરૂ તો પછી એવા પરાગદાઓની કોણ હીફાજત કરે?" ત્યારે મે કહ્યુ કે "યા અરહમુર રાહેમીન! તુજ રહમ કરનાર છે" જનાબ બારીમા જે ઝારી કરે છે, ખુદાતાલા તેની દસ્તગીરી કરે છે જેવી રીતે કે જનાબ રીસાલત મઆબ (સ અ વ) ઈર્શાદ ફરમાવે છે" હ જુનનુન મીશરી (ર. અ.) એ જ્યારે ઉપલા શબ્દો સાંભળ્યા ત્યારે પોતે કુદરતની કરમબક્ષી ઉપર આફ્રીન કરતા હતા, ઘુમતા હતા, અને કહેતા

હના કે, "ગાફેલોના હાલ ઉપર અફસોસ છે!" માટે ગાફેલોએ સમજવુ જોઇએ કે, અલ્લાહની હજારો રહેમત છે તેમા વધારો કરે તે પછી ઘણીવારે તેને થડી હવા સતાવવા લાગી ઘેનમા ચુર થયેલા પેલા માણસની સહવાર થઇ ઉંઘમાથી તે જાગૃત થયો, અને પોતાની પાસે હું જુનનુન મીસરી (ર અ) ને જોયા તો હેરતમા પડી ગયો અને કહ્યુ કે, "હે જમાનાના ઈમામ! તમો અહીં કયાથી!" ત્યારે મે ફરમાવ્યુ કે, "પહેલા તું જ ત્હારો હાલ પુછ" પછી મે તેને પેલો સાપ બતાવ્યો ત્યારે તે સાપ જોઇનેજ ધ્રુજી ગયો. જયારે મે સઘળોજ હાલ તેમને કહ્યા તો તે પોતાના ઉપર હાયે-વાવેલા અને માથા ઉપર ખાક નાખતો, ચીખો પોકાર કરતો, કપડાઓ ફાડતો જગલ તરફ ચાલ્યો ગયો! મ્હારા મનમા પછી એવો વિચાર આવ્યો કે ખરાબ માણસો ઉપર એવી રીતે ખુદાની રહમત નાઝીલ થાય છે ત્યારે ભલા માણસો ઉપર કેવો તેનો રહમ હશે! પછી પેલો શરાબી માણસ મરણ પામ્યો, ત્યાં સુધી અલ્લાહતઆલાની એબાદતમા મશગુલ રહ્યો અને તોબાહ કરી લીધી આવી તેની જાનફેશાની થી તેનો મરતબો સાહેબે દાવાત સુધી પહોચી ગયો તે એટલે સુધી કે કોઇ ગમે એવા બીમાર ઉપર તેઓ

દમ કરતા તો તેજ વખતે તેની બીમારી નાબુદ થઈ જતી

હીકાયત ૫૨ મી—

નકલ છે કે બસરામા એક ઓરત ઘણીજ માલદાર અને ખુબસુરત પણ બદહવાસ શેઅવાન્યા નામની રહેતી હતી આ ઓરત ગાવા બજાવવામા અતી મશહુર હતી તેણીનું ગાવુ અને નઝાકત દીલને ખુશ કરનારૂ હોવાથી ખુશીના જલસામા પહેલા તેને તેડુ થતુ હતુ! અને જયા જતી ત્યાથી સરપાવ અને શાબાસી લઇને આવતી હતી. એક વખતે શહેરમા કોઇ જગ્યાએ જવાની હોવાથી સાથે લોડી અને બાદીઓને લીધી હતી આજે શહેરમા બીજી જગ્યાએ વાએઝ પણ થતી હતી વાએઝીન ઘણાજ ખુશકલામ અને પુર અસર હોવાથી સાંભળનારાઓની ત્યા એટલી ઠઠ જામી હતી કે ભાગ્યેજ શહેરમાં કોઇ પોતાને ઘરે રહ્યા હશે. વાએઝ એવી નસીહત અંગેજ થઇ રહી હતી કે સાંભળાઓની આંખોમાંથી ઈશ્કના આંસુ જારી હતાં! બલકે તે મજલીસના સર્વ માણસો ઉપર એક હાલત તારી થઈ ગઇ હતી! અને તેઓ રડતા અને ચીખો મારતાં સંભળાતા હતા એવુ જયારે પેલી ઓરતે જોયુ

તો આગના જેવી થઈ ગઈ અને કહ્યુ કે, "આ વાએઝ ગમની છે અને મને શા માટે ખબર ન કરી? એ તો ઘણો ગજબ થયો કે મ્હારી આવક ઉપર કાપ પડયો!" પછી એક લોડીને કહી મોકલી કે, "જા, ત્યા જઇને જો કે ત્યા શું થઈ રહ્યુ છે!" લોડી ત્યા ગઈ ને જોયું તો વાએઝ થઇ રહી છે અને કબર તથા હશ્રનુ બ્યાન એવી સખ્ત રીતે થઈ રહ્યું છે કે ગોયા હશ્રનો તેજ વખત તારી હતો! કોઈ કઇ બાજુએ પડયુ છે તો કોઈ કઈ બાજુએ રડી રહ્યુ છે! લોડીએ જયારે એવો હાલ મજલેસનો જોયો તો તે પણ હાલત મદહોશીમા ગુંચ-વાઇ પડી પેલી તરફ તેની બાઈએ ઘણી વાટ જોઇને એક લોડીને મોકલી. બીજી પણ ઈશ્ક હકીકીમા મશ-ગુલ બનીને ત્યાજ બેઠી! એની પણ પુષ્કળ રાહ જોઇને પેલી ગાવાવાળીએ ત્રીજી એક લોડીને મોકલી આપી ત્રીજી પણ પાછી નહિ ગઈને વાએઝની મજાહમાં સઘળું ભાન ભૂલી ત્યાજ ગોઠવાઇ બેઠી! ત્યારે તો પેલી ખુબ ખીજવાઇ ગઈને ચોથી લોડીને ત્યાં દોડવી. ચોથી તો ત્યા જતાજ એવી બેખબર બની ગઇ કે દુનિયાઈ કારરવાઈ તેને હેચ દેખાવા લાગી અને સર્વ વાત ભૂલીને ત્યાજ તે પણ અડ્ડો જમાવી બેઠી! જયારે ચારે લોડીમાથી એક પણ પાછી ગઈ નહિ તો

પેલી મદહોશ ઓરત ઘણુજ વિચારમા લીન અને બેખબર થઈને પડી થોડીવાર પછી પહેલે ગયેલી તે લોંડી આવી અને કહ્યુ કે "ત્યા કાઈ શાદી ગમીનો જલશો નથી પણ ત્યા વાએઝ થઇ રહી છે, હરેક સાંભળનારાઓ ખોફે ખુદાથી બેહોશ પડી રહેલા છે! કોઇ રડે છે તો કોઈ ચીખો પોકાર કરી રહ્યુ છે" લોંડીએ જયારે એ વાત કહી તો પેલી ઓરતે જરા હશી દીધુ. અને પોતે પણ ત્યા જઈ એ રાહઘાટ જોવા લલચાઈ! તેણી ત્યા જતા બરાબરજ મુકલબલ કુહુએ તેણીના દીલને ફેરવી દીધુ અને પોતે કરેલા ગુન્હાના ખોફનો ડર દીલમા ભરી દીધો, અને કહેવા લાગી કે "હાયે અફસોસ મ્હારી સઘળી ઉમર તો ગુનાહ કરવામા પસાર થઇ છે, માટે હે અલ્લાહ, મ્હારી નજાત કેવી રીતે થશે?" એમ કહી તેણી બેસુતમ રડવા લાગી, આસુઓની ધાર ચલાવવા લાગી! આ વખતે મૌલાના વાએઝ ફરમાવી ચુકયા હતા તેણીની એવી હાલત જોઇને કહ્યુ કે "અએ ઓરત અજનબી, અલ્લાહ તઆલાની જાતથી નાઉમેદ ન થા! તે ઘણોજ કરીમ અને રહીમ છે, માટે તું ત્હારા અંતકરણથી તોબાહ કર અને તેની દરગાહમા આજેઝી કર, ત્હારા સઘળા ગુનાહને તે બક્ષી દેશે ને તુ પાક થઇ જશે.

પછી ભલે તુ "શેઅવાન્યા" જેટલી ગુન્હેગાર હશે તો પણ તુ બક્ષાઇ જશે" એ સાભળી તણીએ એક મોટી ચીખ મારી કે " હાયે અફસોસ ! તે "શેઅવાન્યા" તો હુ જ અભાગણી છુ કે બુરાઇમા હુ બેમીશાલ છુ " તે પછી તેણીએ પોતાનો સઘળો ઉમદા લેબાશ ફાડી નાખ્યો, પોતાનો જે માલ હતો તેને ત્યાજ લુટાવી દીધો અને સઘળી લોડીઓને આઝાદ કરી દીધી અને પોતે એ કે મુદ્દાથી અલ્લાહની ઈબાદતમા એક ખુણો પકડી બેઠી આ રીતે તેણીએ પોતાના મરણની છેલ્લી ઘડી સુધી યાદે ઇલાહીમા એક પળ પણ નકામી નહિં જવા દેતા આઠે પહોર કાયમ રહી અને આખરે અલ્લાહના પાક કલામ સહીત પોતાનો જાન બહક તસલીમ કર્યો ! કાલુ ઇન્ના લીલ્લાહે વ ઇન્ના એલૈહે રાજેઉન"

હીકાયત ૫૩ મી—

નકલ છે બશર હાફીની કે એવણુ હમેશા શરાબની નીશામાજ ચકચુર રહેતા હતા અને આખો દીવસ શરાબખાનામાજ પડી રહેતા ! પછી ઇત્તેફાકન બન્યું એમ કે એક દીવસે પોતે રસ્તે રસ્તે જઈ રહ્યા હતા તો માર્ગમા કાગળનો એક કકડો પડેલો જોયો. આ કકડા ઉપર "બીસ્મીલ્લાહ" ના હરફો

લખેલા હતા તમણે તે કકડાને ઘણીજ તઆઝીમ સાથે ત્યાથી ઉઠાવી તેને ચુમ્યો અને પોતાની આખોથી લગાડયો અને કહ્યુ કે "એ નામ તો મ્હારા નામદાર ઇસ્મેગરામી માલેક કરીમ અને રહીમનુ છે" પછી તે કકડાને તેમણે અત્તર મૂશ્કમા મોઅત્તર કરીને એક સારી ઉચી જગ્યામા ઘણીજ હીફાઝનથી મુકી દીધો, અલ્લાહ પાકને એ નકામા માણસનુ આ કામ બહુજ પસદ પડયુ તો હઝરત હસન બસરી (ર અ) ને ઇલ્હામ થયો કે "તુ જલ્દી જા, અને બસર હાફીને મ્હારી કહેણ કહી દે કે મ્હારા નામની તે તઆઝીમ કીધી અને ધુળમા ભભૂત થઈ રહેલા કાગળના કકડાને સાફ કરી સારી જગ્યામા મુકયો છે માટે તેના બદલામા મે પણ તુને ગેર્દ ગુબ્બાર ગુનાહથી પાક સાફ કરીને ફર્શથી તે અર્શ સુધી ત્હારૂ નામ બુલદ કરી દીધુ છે" હસન બસરી (ર અ) જલ્દીથી આ કેહણ લાવીને બશર હાફીની પાસે આવ્યા તો બશર હાફી ઘણાજ ઘભરાઈ ઉઠયા કે ખુદા ખેર કરે! એવા ઓલીયા અલ્લાહનું અહીં આવવું કદાચ કેહરે ઇલાહીના નાઝીલ થવા બરાબર છે પણ જ્યારે હસન બશરીએ ઘણોજ અખલાક ફરમાવ્યો અને કમાલ મોહબ્બતથી તેમને બોલાવીને પેલી કેહણ કહી તો તે સાભળતાજ બસર

હાફી હર્ષમા આવી આળોટવા લાગ્યા અને હર્ષઘેલા થઈ ચીખો મારતા, પોતાના નફ્સને સેકડો લાનત મલામતો કરવા લાગ્યા કે હાએ અફ્સોસ! હુ ત્હારા હમમા રહીને આજ સુધી ગુનાહો કરતો રહ્યો અને આવા ઈનઆમની ખબરથી મે વાકેફ્ગાર રહેવાની ફીકર ન કરી! હે ખુદા, હુ કાળા મોવાળો સરથી પગ સુધી શરમાવુ છુ!" એમ કહી પસીનામા ગરક થઈ રહ્યા છે. અને ઝાર ઝાર રડતા શરમીદગીને લીધે હસન બસરી (ર અ) ને પણ ત્યાંજ મુકી બેહોશ થઈ પડયા થોડીવારે જ્યારે કંઈક હોશમા આવ્યા તો પોતે ત્યાથી ઉઠીને ચાલતા થયા!

તે પછી પોતે સઘળો સરસામાન લુટાવી દીધો, કપડાં ફાડીને ફેંકી દીધા, ફકીરી લઈ લીધી અને પગમાંથી જોડા પણ કહાડીને ફેંકી દીધા. એક જણે આપને પુછયુ કે "જનાબ, ઉઘાડા પગે શા માટે ફરો છો?" તો આપે જણાવ્યુ કે "અલ્લાહતઆલા ૨૯ મા પારામાં સુરા નુહમા ફરમાવે છે કે "વલ્લાહો જઅલા લકો મુલ અરદા બસાતન"–(યાને જમીનને મે બીછાનું બનાવ્યુ, તમારા આરામને માટે) ત્યારે હવે કહો કે અલ્લાહ પાકના બીછાના ઉપર હુ કેમ અને કેવી રીતે જોડા મુકી શકુ?" તે પછી આપ શહેરમા સઘળે

ઉઘાડા પગેજ ફરતા હતા અને એવી હાલતે આપ જીવતા અને પરદો પામેલા ઓલીયા અલ્લાહોની ઝીયારત કરતા રહેતા ત્યરે અલ્લાહ પાકના હુકમથી જાનવરોએ પણ રસ્તામા કેથે પણ ગદકી કરવી બધ કીધી! કેમકે રખેને બશર હાફી[1]ના પગો ગદકીથી નાપાક થાય! આપનું અસલ નામ બશર હતુ, પરતુ જયારથી આપ ઉઘાડા પગથી ફરવા લાગ્યા ત્યારથી બશર હાફી કહેવાયા

પછી કેટલીક મુદત બાદ કોઇએ એક ગલીમાં ગંદકી જોઇ, અને અજાયબ થઇ બીજા એક જણને પુછ્યુ કે "શુ બશર હાફીએ રેહલત ફરમાવી છે?" તે પછી તપાસ કરતા જણાયુ કે હકીકતમા બશર હાફીએ તેજ વખતે ઇતેકાલ કર્યો હતો!

આપે તોબાહ કર્યા બાદ ૪૦ વખત હજ્જો કરી હતી. તેમજ કુફ્ફારો સાથે ૪૦ લડાઇઓ લડયા હતા. એમના ઇતેકાલ પછી એમને એક જણે ખાબમાં જોયા તો આપ, હઝરત માઅરૂફ કરખી (ર અ) સાથે લીલા ઘોડા ઉપર સ્વાર થઇ હવામા ઉડતા હતા.

---

૧ હાફી—ઉઘાડા પગવાળા

હીકાયત ૫૪ મી—

નકલ છે કે હઝરત શકીક બલખી (ર અ.) હમેશા દજલા નદીના કીનારા ઉપર વાએઝ ફરમાવતા હતા એવા સમયે એક વખતે હજ્જને માટે જઈ રહેલો ઈરાકનો એક કાફલો ત્યાથી પસાર થઇ રહ્યા હતો આ કાફલામાથી એક ઉટવાળો, હઝરતની ખિદમતમા હાજર થઇને અર્ઝ કરવા લાગ્યો કે "હઝરત, મને કોઇ એવી વાત બતાવો કે જે હજ્જની સફરમા મને કામ આવે" આપે ફરમાવ્યુ કે "શેખ, આ ત્રણ વાતો યાદ રાખજો -(પહેલી) એ કે જે કાઇ પોતાને માટે ચાહે તેવુજ પોતાના માલેકને માટે ચાહજો (બીજી) એ કે જે કાંઈ ચીજ નફસને માટે જોઇએ તે માલીકનીજ પાસે માગજો અને (ત્રીજી) એ કે જે કાંઈ માલીકથી મળે તેના ઉપર રાજી રહેજો તેના ઉપર નાખુશ થશો નહી." પછી પેલો શખ્સ એ ત્રણ નસીહતો પોતાની દામન જાનમા બાંધીને ચાલ્યો ગયો. કેટલીક મુદત બાદ તેજ માણસનુ એજ રસ્તેથી પસાર થવુ થયુ હઝરત શકીક બલખી (ર અ) એ જોયું તો તેજ ઉટવાળો પાણી ઉપરથી પસાર થઇ રહ્યા છે. આપે તેને બોલાવ્યો અને કહ્યુ કે "હું ભૂલતો ન હોઉં તો શું તમો તેજ ઉટવાળા છો કે જે મ્હારેથી

ત્રણુ વાતો પુછી ગયા હતા?" ત્યારે તેણે કહ્યુ કે "હા, જનાબ, તે હુંજ નાચીઝ છુ! અને આપ પણુ તેજ આલીમ બાઅમલ છો કે જેમની જબાન મુબારકની તાસીરથી અને કલામ હકની બરકતથી મને આ રૂત્બો મળ્યો છે જો કે મેં ફકત બેજ વાતો ઉપર અમલ કર્યો હતો, એટલામા તો ફઝલે ઈલાહીથી પાણી ઉપર ચાલવાને શકિતવાન બનાવ્યો છે જો ત્રીજી વાત ઉપર મ્હારા માટે અમલ કરવો નસીબમા હતે તો ખુદા જાણે કે મ્હારો કેવો દરજ્જો થતે! પણ અફસોસ! કે તે પર અમલ કરવાની મારામા તાકાત નહોતી! જેથી લાચાર છુ.

હીદાયત ૫૫ મી—

નકલ છે એક પરહેજગારની તે કહે છે કે એક વખતે એક રાત્રે હું બસરાના એક કબ્રસ્તાનમા ગયો. ત્યાં હુ જોઉ છુ તો ચાર માણુસો એક જનાઝો લઈને આવી રહ્યા છે. હું સમજ્યો કે શાએદ એ ચોર લોક હશે અને કોઈને લુટી લઈ, મારી નાખીને લાવતા હશે કેમકે અત્યારે રાત્રીને સમયે એટલાજ માણુસો લઈને શા માટે આવે?" તે પછી નજદીક આવતા મેં તેઓને પુછયુ કે "તમો ખરેખરૂ કહો કે આ શખ્સને કોણે મારી નાખ્યો છે?" ત્યારે તે લોકે જવાબ

આપ્યો કે "એ પોતાના મોતથી મરી ગયો છે! અને હમો તો ચારે જણ મજુરીઆ છીએ અને આ એની માને સાથે લઈને આવ્યા છીએ!" તે પછી મેં તે ડોસીને પુછ્યું કે આ વખતે અને મજુરીઆથી એને દાટવાનો શો સબબ છે?" ત્યારે તે ડોસી માએ કહ્યુ કે "એ મ્હારો બેટો છે એ ઘણોજ ફાસેક અને બદ કામનો કરનારો જાણીતો હતો એણે મરતી વખતે ત્રણ વસીયતા કરી હતા ત આ છ" એમ કરી તે ડોસી માએ નીચે પ્રમાણે વસીયતો સંભળાવી —

(૧) "મ્હારા મરણ બાદ મ્હારા ગળામાં એક રસ્સી બાધજો અને ઘરની ચારે બાજુએ મને ખેચજો. અને મોટા અવાજે કરીને કહેજો કે જે કોઈ પોતાના હાકીમ હકીકીના હુકમથા ફરી જશે તો તે આવીજ રીતે ઝલીલ થશે"

(૨) "મને મધ્ય રાત્રીએ મજુરીયા કરીને દફના-વજો કે મ્હારો જનાઝો કોઈ જોવા ન પામે! કેમકે દીવસના મ્હારો જનાઝો જે કોઈ જોશે તે મ્હારા ઉપર લાનત-મલામત કરશે!!"

(૩) "પોતાના (માના) માથાનો એક સુફેદ બાલ જનાઝા સાથે લઈ કબરમા મુકી દેજો કે શાયદ ખુદાતાઆલા તેના સબબથી મ્હારી નજાત કરી દે!"

આ પ્રમાણેની વસીયતો કરી એ મરણ પામ્યો. મેં અતીસય ગમથી રડી પીટીને કફન-દફનનો સામાન તૈયાર કર્યો અને એની વસીયત મુજબ ચહ્યુ કે મે વ્યવસ્થા કરૂ, પરતુ એકાએક ગેબથી મને અવાજ સભળાઇ કે "હે ડોસી, ખબરદાર, એ કામથી તુ દૂર થા કેમકે મેં એને બક્ષી દીધો છે!" પછી જનાઝાની નમાઝ પઢી ઘણી ઇઝઝત સાથે તેને દફનાવી દીધો. અને એક સુફેદ બાલ પોતાની મા મહેરબાનના માથાનો સાથે મુકી દીધો, તો એકા એક તે મુર્દાએ આખો ખોલી, પોતાના હાથ ઉચા કરી કહેવા લાગ્યુ કે "અએ શેખ, અલ્લહતાલા દરેક સારા નઠાર ઓને બક્ષનાર રહેમાન છે" પછી તેણે તેની આંખ બધ કરી લીધી ત્યાર પછી કબરને મટોડાથી પુરી સઘળાઓ પોત પોતાને મુકામે ચાલ્યા ગયા

હીકાયત ૫૬ મી—

નકલ છે હઝરત અબદુલ્લાહ બીન તસ્તરી (ર અ) ની કે મે બે વરસ સુધી ઇલ્મ અદબ અને ઇલ્મ દીન હાસેલ કરવ ને હઝરત જુનનુન મીસરી (ર અ) પાસે રહ્યો તે પછી હઝરત જુનનુન મીસરી (ર. અ) પોતે મ્હારા મકાન ઉપર તશરીફ લાવ્યા અને લાબી મુદ્દત સુધી આપ રહ્યા એ દરમ્યાન હઝરત અબદુલ્લાહ બીન તસ્તરી

કોઈ પણ દીવસ પલાંઠી વાળીને કે તકીયો કરીને બેઠા ન હતા તેમ કોઇને ફતવો પણ આપતા નહોતા પછી કેટલીક મુદત બાદ એક શખ્સે આપને પલાઠી વાળીને તથા તકીયો કરીને બેઠેલા જોયા તો તેણે આપને પુછયું કે "હઝરત, આપને મે કોઈબી વખતે આવી રીતે બેઠેલા જોયા નહિ અને આજે કેમ એમ છે?" તો આપે ફરમાવ્યુ કે "મુરશદની હયાતીમાં એવી રીતે બેસવુ એ બેઅદબી હુ સમજતો હતો. હાલમા તેમનો ઇંતેકાલ થયો છે જેથી હવે મ્હારે માટે હુ છુટ સમજીને બેઠો છુ!" પછી પેલા માણસે તારીખ અને વારની નોધ લઈ લીધી અને તપાસ કરી તો જણાયુ કે ખરેખર હઝરત જુનનુન મીસરી (ર તુ અ.) તેજ તારીખ અને વારે રેહલત ફરમાવી ગયા હતા

હીકાયત ૫૭ મી—

નકલ છે ઇબ્રાહીમ ખ્વાસની કે આપના નફસે બાર વરસ સુધી દુધ અને ચપાતીની ખ્વાહેશ કીધી, પણ આપે નફસને કાબુમા રાખી તે જીવને એમજ આરઝુમંદ રહેવા દીધો તે પછી આપ એક દીવસે પોતાના એક દોસ્તની બીમાર પુર્શી માટે ગયા. તેમને

આપે પુછયુ કે "ભાઈજાન, કોઇ ચીજ ખાવાની તમારી મરજી છે?" ત્યારે તેમણે જવાબ દીધો કે "સુબહાને-લ્લાહ, હુ શુ સાંભળુ છુ? કેમકે બાર વરસથી તો આપ પોતાના દીલની આરજુ પુરી કરી શકયા નથી તો પછી બીજાના દીલની મુરાદ કેવી રીતે પુરી કરી શકશો?' ત્યારે ઈબ્રાહીમ ખવાસ (ર તુ અ) કહેવા લાગ્યા કે "ખરૂ છે કે અલ્લાહ વાલાઓને, અલ્લાહ સીવાય બીજો કોઇ જાણી શકતોજ નથી" તે પછી આપ પોતાને મુકામે ચાલ્યા આવ્યા

હીકાયત ૫૮ મી—

નકલ છે કે એક માણુસે બે દીરહમથી જોડો ખરીદયો અને તે પહેરીને હઝરત શીબલી (ર તુ અ)ની ખીદમતમાં હાજર થયો ને કહેવા લાગ્યો કે "હઝરત, મોહબ્બત ઈલાહી એ શુ ચીજ છે? અને તે કેવી રીતે હાંશેલ કરી શકાય?" ત્યારે આપે ફરમાવ્યું કે "જે શખ્સ બે દીરહમનો જોડો પહેરે અને ખ્વાહેશ નફસા-નીમા ફસેલો હોય તેમ લીઝઝત ખુદીમાં સપડાયેલો રહે તેવા માણુસને ખુદા અને તેની મોહબ્બત સાથે શું સરોકાર છે?" એ સાંભળતાંજ તેના ઉપર ઘણી

અસર થઇ અને ખૌફે ખુદાથી ડરી રફ્તે રફ્તે સઘળું ત્યાગતો ગયો ને છેવટે રાસ્તીના માર્ગે આવી ગયો

હીકાયત ૫૯ મી—

નકલ છે હઝરત હામેદ અસુદ (ર તુ અ) ની કે એક વખતે હું હ૦ ઈબ્રાહીમ ખ્વાસ સાથે સફરમાં હતો સંજોગ એવો બન્યો કે ચાલતા ચાલતા હમો એક સાપોના જંગલમાં જઇ પડયા! ત્યારે મેં કહ્યું કે "હઝરત, આપણે અહીથી જલદી ચાલો, એમ ન થાય કે રાત પડી જાય ને આપણે સાપોમાં ઘેરાઈ જઈએ!" આપે એ સાંભળતાંજ બીસ્તરો ત્યાં નાખી દીધો હું પણ લાચાર બનીને ત્યાંજ પડયો! પછી રાત્રે સાપોએ હમોને ચારે બાજુથી ઘેરી લીધા, એથી હું ઘણો ડરી ગયો ને ઘભરાટમાં કહેવા લાગ્યો કે "અરે, સાપ, સાપ" ત્યારે આપે કહ્યું કે "ચુપ રહો, અને ખુદાને યાદ કરવામાં મશગુલ થાવ" પછી મેં અલ્લાહનો ઝીકર શરૂ કર્યો તો સાપો પણ ત્યાંથી ન્હાસવા લાગ્યા! પછી ઉંઘની ગફલતથી હું જરા એક ગાફેલ થઈ ગયો તો સાંપો પાછા આવ્યા ને મને ઘેરી લીધો! મેં ચાહ્યું કે હવે તો અહીથી ન્હાસવા શીવાય બીજો ઇલાજ નથી. મ્હારો એ ઈરાદો જાણીને હ૦ ઇબ્રહીમ ખ્વાસે ફર-

આવ્યુ કે "અલ્લાહનો ઝીકર કેમ કરતા નથી?" ગરજ કે એવી રીતે સુખ દુખથી તે રાત પસાર કીધી પછી શેખ નમાઝ બાદ વઝીફો પઢી રહ્યા હતા, ત્યા જોઉ છું તો શેખના મુસલ્લા ઉપર એક કાળો મોટો સાપ પડી રહ્યો છે! મે ઘણીજ અજાયબી સાથે શેખને પુછ્યુ કે "જનાબ, આ શું?" તો આપે કહ્યુ કે "અજાયબી શુ છે? ન્હાનપણની બો હજી ત્હારામા બાકી છે? રાત્રે આટલા બધા સાપોથી ખુદાએ બચાવ્યા તે શુ અજાયબી ન હતી?"

હીકાયત ૬૦ મી—

નકલ છે કે એક વખતે હ૦ સુફયાન સોરી (ર તુ અ.) અને હ૦ શૈબાન (ર. તુ અ) બન્ને જણ સાથે સફર કરી રહ્યા હતા. જ્યારે તેઓ એક જગલમા જઇ પહોંચ્યા તો ત્યા જુએ છે કે એક વાઘ બરાડતો, ચીખો મારતો સામે ચાહયો આવે છે! આ જોઇ સુફયાન સોરીએ કહ્યુ કે "આપણે તો ખાલી હાથે છીએ આપણે કેવી રીતે એના હુમલાથી બચી શકીશુ?" તો શૈબાન (ર તુ અ) એ કહ્યું કે "અએ ઈમામે વકત! કંઈ ડરો નહિ શુ એનો માલેક ખુદા સીવાય કોઇ બીજો છે?" પછી શૈબાન (ર. અ) તે વાઘ પાસે ગયા

અને તેનો કાન પકડી લીધો ને પસવાર્યો ત્યારે તે વાઘ આજેઝીથી પુછડુ હીલાવા લાગ્યો એ અચંબો જોઈ હ૦ સુફ્યાન સોરી (૨ તુ અ) કહેવા લાગ્યા કે "આ વાત તો સઘળે ખબર કરવા લાયક છે" ત્યારે શૈબાન (૨ તુ અ) એ કહ્યુ કે 'હરગેઝ નહિ એ વાતની શોહરત કરશો નહિ આપણે આપણો સઘળો અસબાબ એના ઉપર લાધીને મકકા મોઅઝમા સુધી લઈ જઈશુ!'

હીકાયત ૬૧ મી—

નકલ છે કે એક વખતે કોઈ શહેરની એક બજારમા આગ લાગી આ આગમા એક બે અતી ખુબસુરત રૂમી ગુલામો સીવાય સઘળું બળીને ભસ્મ થઈ ગયુ! હવે પેલા ગુલામો પણ તેમા સપડાવાની તૈયારીમાં હતા એ બન્નેને બચાવવા માટે દલાલો બહુ કોશેશ કરતા હતા અને હજારો દીનારનુ ઈનામ તેને બચાવનારને આપવા કહેતા હતા એટલામા ત્યાથી હઝરત અબુલ હસન નૂરી (૨ તુ અ) જઈ રહ્યા હતા. આપના જોવામાં આ બેઉ ગુલામો આવ્યાથી પોતાના જાનના જોખમે આગમાંથી ખેંચી લાવવા તૈયાર થયા. અને આપ "બીસ્મીલ્લાહ" કરીને આગમાં કુદી પડયા અને તે બન્નેને સલામત રીતે બહાર લાવ્યા! એ વાતનો

શહેરમા અચબા સમાન શોર થઇ રહ્યા હલાહો આપના કદમને ચુમવા લાગ્યા અને પેલા હજાર સોનાના દીનાર આગળ કર્યા આપે ફરમાવ્યું કે "દીનારની લાલચે મે કંઇ કામ કર્યું નથી બલકે ખુદાની મરજી ચાહવાનેજ માટે કીધુ છે. અગર જો દુનિયાની લાલચને માટે એ કામ મે કર્યું હતે તો હુ પોતે પણ નહિ બચી શકતે તેમ બીજાઓને પણ હુ બચાવી નહિ શકત!" એમ કહી પોતે ત્યાથી ચાલતા થયા

હીકાયત ૬૨મી—

નકલ છે કે એક હુજરો હ. હબીબ અજમી (ર તુ અ)ના બસરાની બજારના ચોરા ઉપર પણ હતો કોઇ વખતે આપ કાઈ મસલેહત તથા હીકમતને અર્થે ત્યા પણ બેસતા હતા એક વખતે પોતાની પોસ્તીન ત્યાજ પડતી મુકીને પોતે વજુને માટે ચાલ્યા ગયા એટલામા ત્યા હ. હસન બસરી (ર. તુ અ) આવી લાગ્યા. પોસ્તીનને ત્યાં પડેલી જોઈ મન સાથે કહેવા લાગ્યા કે હબીબ અજમીને બાજે વખત કઈજ ખ્યાલ રહે તો નથી! જુઓને આ પોસ્તીન ચોરા ઉપરજ મુકીને ચાલ્યા ગયા ને એટલો પણ વિચાર ન કર્યો કે રખેને કોઇ ઉઠાવી જશે!" આ વીચારમાં તેવણ હતા તેટલે

તો સામેથી અચાનક તેવણુ પણ આવી પંહોચ્યા. સલામ અલૈક થયા બાદ તેમણે પુછયું કે "હે ઈમામે વકત, અહી કયાથી?" તો મેં કહ્યુ કે "તમારી પોસ્તીન અને હુજરાની નીગેહબાની કરી રહ્યો છુ, તમારાથી હું ઘણોજ અચબામા પડયો છુ કે ચોરામા સઘળો સામાન કો'ના ભરોશા ઉપર મુકીને ચાલ્યા ગયા હતા?" ત્યારે આપે ફરમાવ્યું કે "તેના ભરોશા ઉપર કે જેણે તમને નીગેહબાનીને માટે મોકલી આપ્યા!"

હીકાયત ૬ઠમી—

નકલ છે હ અલકમા બીન અસુદથી કે જે લુત્ફ નમાજમાં હ આમેર બીન કૈસ (ર તુ અ)ને હાસેલ હતો એવો ન કોઇને મળ્યો, મે સાભળ્યો છે કે ન તો જોયો છે! કેટલીક વખત શૈતાન અલેહીલ લઅનતા એક ઘણુજ મોટા કાળા સાપની સુરત લઈને મસ્જીદમાં આવતો! નમાઝીઓ ડરી ધ્રુજીને ન્હાશી પણ જતા હતા! ફકત હુ અને આમેર નમાઁજમા હમેશ માફક મશગુલ રહેતા અમે જરા પણુ ડરતા નહોતા. પછી એક વખતે તે પાછો આવ્યો. આવીને આજેઝ થઈને તે નાહીજાર, વાકો વળીને તેમના કુરતામાં ભરાયો! અને અસ્તીનમાથી પોતાનુ માથું કાઢીને

ખીવરાવતો. તેમ છતા આપ જાણે કાંઈ જાણતાજ ન હોય તેમ ઈબાદત ઈલાહીમા મશગુલ રહ્યા એથી તે મલઉન લાચાર થઈને ચાલ્યો ગયો તે પછી એક જણે આપને પુછયુ કે "હઝરત, શુ આપ તે કાળા સાપથી ડરતાજ નથી? તો આપે ફરમાવ્યુ કે "હમો તો ખુદા પાક શીવાય કોઈથી જરાબી ડરતા નથી!'

હીકાયત ૬૪મી—

નકલ છે કે જયારે હ અમીર મઆવીયા (રદી) સરદાર બન્યા તો હ આમેર બીન કેસ પહાડો ઉપર ચાલ્યા ગયા આપ ત્યા બેશીને કુરઆન મજીદ પઢવા લાગ્યા, એટલે ત્યાજ સાંજ પડી ગઈ અહી એક નસરાની આબેદ એમની પાસે આવ્યો અને એમને પુછયુ કે, "તમો કોણ છો?" આપે જવાબ વાળ્યો કે, "હું મુસાફર છુ" ત્યારે તેણે કહ્યુ કે, "આજની રાત તમો મ્હારી પાસેજ ન હો તો સારૂ નહિ તો જીવતા બચવા પામશો નહિ કેમકે આ જંગલ તમામ સાપનુ છે તે તમોને ફાડી ખાશે." ત્યારે આપે ફરમાવ્યુ કે "ખીલાફ મઝહબ પાસે મ્હારો ગુજર થવો મુશ્કેલ છે!" એવુ સાંભળી પેલો નસરાની ત્યાથી હટી ગયો પછી જયારે કેટલીક રાત વીતી તો પેલો આબેદ છત ઉપરથી જુએ

છે તો હઝરત આમેર (ર તુ અ) ઈબાદત ઇલાહીમાં મસરૂફ છે! અને એક વાઘ આપની ચારે તરફ સત્રી-ની માફક પેહેરો ભરી રહ્યો છે જયારે આપ નમા-ઝથી ફારેગ થઈ ચુકયા તો આપે તે વાઘને ફરમાવ્યું કે, "ત્હારે કઇ કહેવુ હોય તો કહી દે, નહિ તો ચાલ્યો જા નાહક ખલલ અન્દાજ ન થા!" પછી તે વાઘ ત્યાથી આજેજી કરતો અને દુમ હીલાવતો ચાલ્યો ગયો!! નસરાની આબેહ એ હાલત જોઈને ઘણોજ અજબ થયો જલદીથી તે આપની પાસે આવ્યો અને આપના કદમો ચુમવા લાગ્યો. અને ઘણીજ અદબથી અર્જ કરવા લાગો કે "હુઝુર આપ કોણ છો તેમજ કયો મઝહબ પાળો છો?' આપે ફરમાવ્યુ કે, "હું એક ગરીબ મુસલમાન છુ, કે જે શહેરમા રહેવા લાયક ન હતો જેથી ત્યાથી નીકળી આવ્યો છુ!" એ સાભળતાજ પેલો નસરાની "અલ્લાહો અકબર" પાકારી ઉઠયો અને કહેવા લાગો કે "જયારે એક ગરીબ ગુન્હેગાર એ મઝહબમા એવા સાહેબે કરામત હોય છે તો, વલ્લાહો આલમ, નેક લોકો તો કેવાક બાકમાલ હોવા જોઈએ?" કહી તેજ વખતે આપના દસ્ત મુબારક પર મુસલમાન થઈ ગયો.

હીકાયત ૬૫મી—

નકલ છે કે એક વખતે હજ્જાજ બીન યુસુફે હ હસન બસરી (ર તુ અ)ને શહીદ કરવાનો ઈરાદો કર્યો ! એ બાબતની આપને ખબર થઈ એટલે આપ ત્યાંથી હબીબ અજમી પાસે ચાલ્યા ગયા, અને એ હકીકત બ્યાન કીધી. ત્યારે તેમણે કહ્યુ કે, આપ આ ઈબાદત ખાનામા ચાલ્યા જાઓ જેથી ખુદાના ફઝલથી બચી જશો" આપ ઈબાદતખાનામા ચાલ્યા ગયા અને ઈબાદત ઈલાહીમાં મસરૂફ થયા. પછી કોઈએ હજ્જાજ બીન યુસુફને ખબર આપી કે હસન બસરી ફલાણી જગો ઉપર છે. એટલે પેલા ખુખાર દીલ આઝારે વીસ સીપાઈઓને મોકલ્યા કે, "જલ્દીથી જાઓ અને હસન બસરીને પકડી લાવો!" સીપાઈઓ પેલી ઈબાદતગાહમાં આવ્યા અને હબીબ અજમીને પુછ્યુ કે "બતાઓ, હસન બસરી કયા છે?" તો તેમણે કહ્યુ કે, "એબાદતખાનામા!" સીપાઈઓ ત્યાં ગયા જોયુ તો હુકમ ખુદાથી તેઓએ ત્યા હઝરત હસન બસરી (ર તુ અ.) દેખાયાજ નહિ! ત્યારે તેઓ પાછા બહાર આવ્યા અને હબીબ અજમીથી કહેવા લાગા કે, "હે, આબેદ! ઝાહેદ થઈને જુઠુ બોલો છો? હસન બસરી ત્યા કયાં છે?" તો તેમણે કહ્યુ કે, "હું જુઠુ બોલ્યો નથી,

પણ અલ્લાહુતઆલાએ તમો સર્વને આંધળા બનાવી દીધા તેથી તેવણ તમોને દેખાયા નહિ" એટલે તે સઘળા પાછા તેમને જોવા ગયા. પણ વળી તેઓ દેખાયા નહિ! એટલે ફીકકે ચેહરે તેઓ ત્યાંથી ચાલ્યા ગયા થોડીવાર પછી હ હસન બસરી (ર તુ અ) બાહેર આવ્યા અને આપને કહ્યુ કે, "તમોએ શા માટે મ્હારા કાતેલોને મ્હારો પત્તો બતાવ્યો? તો આપે કહ્યું કે, "હઝરત, સાચાએજ બચાવી લીધા છે નહી. તો તમો અને હુ બન્ને માર્યા જતે!"

હીકાયત ૬૬મી—

નકલ છે તુસ બૈમાનીથી તેઓ કહે છે કે એક વખતે હુ હરમ મોહતરમમા હાજર હતો તે વેળાએ જોઉ છુ કે એક ગામડીઓ ઊંટ ઉપર બેસીને આવી રહ્યો છે આવીને પોતાના તે ઊંટને બેસાડયુ અને ત્યા પગો બાંધી દીધા અને કહ્યુ કે "યા ખુદા! આ ઊંટ અને એના ઉપર લાદેલો સઘળો સામાન તુંને સોંપુ છુ, કેમકે હુ ત્હારી હઝુરીમા જાન અને માલથી હાજર થાઉ છુ" એમ કહી તે હરમ મોહતરમ શરીફમા જઈ નમાઝ પઢીને પાછો બાહેર આવ્યો ઊંટને જોયુ તો તે ત્યા નહિં મળે! તપાસ કરતાં જણાયું કે

તે તો ચોર લોકો ચોરી ગયા છે! પેલા ઊંટ વાલાએ જનાબ બારીમા અર્જ કીધી કે, "ખુદાવદા! એ ઊંટ ત્હારૂ ગયુ છે એમા મ્હારૂ કાંઇજ ગયુ નથી કેમકે હુ તો તુને સોપીને ગયો હતો, એટલે જેની નીગેહબાનીમાથી જાય તેણેજ શોધી આપવુ જોઇએ!" એટલામા તો એક માણુસ પહાડ "અબુ કૈસ" ઉપરથી ઉતરી રહ્યો છે અને તેના હાથમા ઊંટને અછોડો ને પાછળ ઊંટ આવી રહ્યુ છે! પાસે આવતા વધુ અજાયબી ભર્યું એ દેખાયુ કે તે માણુસનો જમણો હાથ કપાઇને ડાબી બગલમા ભેરવાયલો છે!! તે છેક મ્હારી નજદીક આવ્યો ને કહેવ લાગો કે "એ શેખ, લે આ ત્હારૂ ઊંટ અને સઘળો અસબાબ" મે અતી અજાયબી પામ્યો ને તેને પુછયુ કે, ત્હારો આવો હાલ કેમ થયો? ત્યારે તેણે કહ્યુ કે, "જ્યારે હુ એ ઊંટ ચોરીને લઈ આ પહાડ ઉપર ચઢતો હતો, તેટલામાં જોઉ છુ કે એક સ્વાર ઘોડો દોડાવતો મ્હારી પાસે આવ્યો અને તેણે આ મ્હારો હાથ કાપી નાખ્યો ને મ્હારા ગળામાં લટકાવી દીધો અને કહ્યુ કે, "જલદીથી જા અને ઊંટ તથા તેનો તમામ અસબાબ તેના માલીકને પહોંચાડી દે!" એમ કહી તે સ્વાર પાછો

હવાની માફક ગાયેબ થઈ ગયો અને તેથી આ તમામ માલ લઈ આવ્યો છુ ”

હીકાયત ૬૭મી—

નકલ છે કે હઝરત ઉમર (રદી) એક વખતે લડાયક લશ્કરને તપાસી રહ્યા હતા આ વખતે આપે બે આદમીઓને એકજ સુરત અને સીરતના જોયા આ બન્ને એક બીજાથી એટલા તો મલતા જુલતા હતા કે બન્નેમા એક બાલ જેટલો પણ ફરક જણાતો ન હતો ! આપે ઘણીજ અજાયેબીથી ફરમાવ્યુ કે શુ તમો બન્ને જોડીયા ભાઈઓછે ? તેમાથી એકે મુખાતેબ થઈ અર્જ કીધી કે “ યા અમીરૂલ મુમેનીન ! હુ બાપ છુ અને એ મ્હારો બેટો છે ! મગર એ કીસ્સો ઘણોજ નવાઈ જેવો છે હુકમ થતા હુ પુરશદે સભળાવીશ ” આપે ફરમાવ્યુ “ ત્યારે તો હાલજ પુરશદ અને હુકમ છે સમજી બ્યાન કર. ” આથી પેલાએ કહયુ :— “ હુઝુર એક વખતે જનાબ રેસાલત મુઆબ રસુલ (સ. અ વ) સાથે હુ જેહાદમા ગયો તે વખતે એ બાળક એની માના પેટમાં હતો. એને હુ ખુદાને હવાલે સોપીને ગયો. પછી

ફ઼ઝલે ઈલાહીથી થોડી મુદ્દત બાદ ફતેહ કરી હુ ઘરે આવ્યો તો જણાયું કે એની મા મરણ પામી હતી! રાત્રે હુ કબ્રસ્તાનમા શું જોઉ છુ કે એકાએક તેણીની કબરમાથી એક નૂર નીકળ્યુ અને આસમાન તરફ ચાલ્યુ ગયુ!! આ જોઈ મને કમાલ તઆજ્જુબ ઉપજ્યો મુજાવરો અને રખેવાળોથી મે પુછ્યુ કે "એ શું મામલો છે?" ત્યારે તેઓએ જવાબ આપ્યો કે "જ્યારથી એમને દફનાવવામા આવ્યા છે ત્યારથી હમો હરરોજ રાત્રે એમજ જોઇએ છીએ!" તે પછી હુ ત્યા ગયો ને મે તે કબરને ખોલીને જોયુ તો એક છોકરો દુધ પીતો પીતો રડી રહ્યો છે! પણ તે ઓરત મરેલી છે!! એથી મે તે છોકરાને ઉચકી લીધો તો ગેબથી એક અવાજ આવી કે "તુંને ત્હારી અમાનત મલી! અગર જો તુ એની માને પણ અમાનત તરીકે છોડી જતે અને મ્હારા હવાલામા સોંપી જતે તો તેને પણ તુ મેળવતે!" તે પછી આપથી અર્જ કરી કે "હુઝુર પૂર નુર, તે એજ બંદોજાદો છે કે જેને હાલમા ખીદ મતમા હાજર ઉભેલો જોઈ રહ્યા છો!" આપ ઘણાજ ખુશ થયા.

———

હીકાયત ૬૮ મી—

નકલ છે જનાબ અબુ મતીઅ (ર હુ અ.) ની તેવણુ કહે છે કે મે એક વખતે હુતીમ અસમ (ર હુ અ)ને કહ્યુ કે "વાત એમ મશહુર છે કે આપ કંઈ પણ આધાર વીના મુસાફરીની સફર કરો છો, માટે મનેબી તો બતાવો કે હુ પણ અમલ કરૂ અને સઘળી સફરની ફીકરથી નિર્ભય થઈ જાઉ." ત્યારે તેમણે કહ્યુ કે "હકીકતમા ફઝલે ઈલાહીથી મ્હારો હાલ તેમજ છે પણ ચાર વાતોના ઉપર મ્હારો અમલ છે —પહેલી એ કે હુ બરોબર રીતે સમજુ છુ કે સારી દુનિયાનો માલેક અલ્લાહુતઆલાજ છે. બીજી વાત એ છે કે સારી જહા અલ્લાહુનાજ હુકમમા છે ત્રીજી/વાત એ છે કે સર્વને રોજીનો પહોચાડનાર તેજ છે અને હર જગો ઉપર રીઝક પહોચાવે છે. અને ચોથી વાત એ છે કે દુનિયામા જ્યા સુધી રહીશ ત્યા સુધી તે ખુદાના હુકમથી બહાર હોઈશ નહિ આ સબબોના લીધે હુ બેપરવાહ અને જ્યા મ્હારો જીવ ચાહે છે ત્યા ફરૂ છુ અને કોઈ તરેહની મુસીબત ભોગવતો નથી" એ સાભળી અબુ મતીએ કહ્યુ કે "એ તે હાલ એ છે કે જેનેથી બન્ને જહાનની સફર કમાલ આસાની અને રાહત જાનીથી થઈ શકે છે."

હીકાયત ૬૯ મી—

હઝરત અવેશ કરની (ર તુ અ) થી નકલ છે કે આપ ઘણાજ કામેલ ઔલીયા અલ્લાહ હતા આપના દરજ્જાને માટે હુકમ મહકુમ રસુલ (સ અ વ) થી સારી રીતે જાહેર છે કે એક સમયે આ હઝરત રસુલ (સ અ વ) એ અસહાબોથી ઈર્શાદ ફરમાવ્યો કે, "કરન નામના શહેરમા અવેશ નામના એક શખ્સ ઘણાજ ઈમાનદાર છે અને તેઓ હમારી ખીદમતમાં એ કારણથી નહી આવી શકયા કે તેઓ પોતાના માદર મહેરબાનનીજ ખિદમતમા રોકાયેલા છે જેથી મજબુર છે માટે "ઐ ઉમર, અને અએ અલી, મ્હારી વફાત પછી તમો બન્ને જણ જબલ અરફાત ઉપર જઈને તેમની મુલાકાત લેશો અને હમારા તરફથી તેમને સલામ અલૈયક ફરમાવી, દુઆ કરાવશો" એ સાભળી આ બન્ને સાહેબો ઘણુંજ હેરાન થયા અને અર્જ કરી કે "યા રસુલુલ્લાહ, એવો મોટો દરજ્જો તેઓ રાખે છે?" તો આપે ફરમાવ્યુ કે "હા, અલ્લાહ પાક તેમની દુઆની બરકતથી મ્હારી ઉમ્મતના એટલા બધા લોકોને બખશશે કે જેનુ પ્રમાણ બની કલબની બકરી*ઓના જેટલુ હશે"

---

* બની કલબની બકરીઓ એટલી સખ્યામા હોવાનુ જણાવવામાં આવે છે કે તેની ગણત્રી બે હીસાબ હતી

હીકાયત ૭૦ મી—

નકલ છે કે એક વખતે હઝરત અવેશ કરની (ર તુ અ) ત્રણ દીવસ અને ત્રણ રાતના ભૂખ્યા હતા. જ્યારે ભૂખ ઘણીજ જોરમા લાગી ત્યારે આપ એક પહાડ ઉપર ચાલ્યા ગયા અને ત્યા જઈને ઝાડનાં પાહડાઓ ખાવા લાગ્યા! આપની નીગાહ જમીન તરફ ગઇ તો જમીન ઉપર બેશુમાર સોનાના દીનારો પડેલા જણાયા, પરતુ તે લેવા તરફ આપે જર્રા જેટલી પણ લાલચ ન કરી! પછી થોડી વારે એક બકરી પોતાનાં મોમા ગરમ રોટલી લઇને આવી, આપ પાસે ઉભી રહી; પરતુ તે રોટલી વલ્લાહો આલમ કો'ની હશે એવો ખીયાલ કરી તે તરફ પણ આપે લાલચ ન કરી જ્યારે બકરીએ પોતાના મુખથી ફશીહ રીતે કહ્યુ કે, "ઓ અવેશ કરની (ર. તુ અ), આ રજક તમારેજ માટે રાઝેક હકીકીએ મ્હારી સાથે મોકલ્યુ છે." બકરીના મુખથી આ વાચા વાણી સાભળી પછીજ આપે તે રોટલી લીધી! પછી બકરી ત્યાથી ગાયબ થઈ ગઈ!

હીકાયત ૭૧ મી.—

નકલ છે ઈબ્ને અકરમાથી કે એક માણસ ઘણોજ કરજદાર બની ગયો તે કરજ અદા કરવાની તેણે ઘણી કોશેશ કીધી અને જાનતોડ મહેનતમા મશગુલ રહેવા લાગ્યો તોપણ કરજ અદા કરી શકયો નહી, માગનારાઓ હવે તેની આબરૂ લેવાને આમાદા થયા આખરે તે લાચાર થઇ પોતાના એક દોસ્તને ત્યા ગયો પેલા દોસ્તે એને ઘણી તવાજોથી એસ્તેકબાલ ઘરમા લીધો અને પુછયુ કે "કેમ હમણા કેવી રીતે દીવસો ગુજરે છે?" ત્યારે એણે કહ્યુ કે "મ્હારી હાલતનુ શુ વર્ણન કરૂ? ખેર, ખુદાનો શુકર છે! પણ હાલમા મને ૪૦૦ દીરહમની ઘણીજ ફીકર પડી છે માગનારાઓ રાત દીવસ મને બીલકુલ ચેન લેવા દેતા નથી! માટેજ જાનથી આજેજ થઈને તમોને દોસ્ત સમજીને તમારી પાસે આવ્યો છુ" દોસ્તની આ આજેજી સાભળી પેલો શખ્સ એકદમ ગેરતના જોશમા મકાનમા ચાલ્યો ગયો અને જલદીથી ૪૦૦ દીરહમ લઇ આવી, આજેજ થયેલા પોતાના મીત્રને આપ્યા અને કહ્યુ કે "લ્યો આ ૪૦૦ દીરહમ જલદી જાઓ અને તે માગનારાને પતાવીને પછી નીરાતે આવો" એમ કહી તે પાછો મકાનમા ચાલ્યો ગયો અને ઝાર ઝાર પોકારીને રડવા

લાગ્યો. એ જાણી તેની ઓરતે કહ્યું "શું છે? શા માટે એટલા બધા રડો છો? આ વખત રડવાનો છે કે અલ્લાહુતઆલાનો શુકર અદા કરવાનો છે કે એક દીલી દોસ્તની તમારેથી હાજત પુર્ણ થવા પામી છે. શું તમોને દીરહમ ગયાનો ગમ પેદા થયો છે? માટે ખુદાને ખાતર મને ખરેખરૂ કહો કે તમો શા માટે રૂડો છો?' એ સાભળી તેણે કહ્યુ કે "ઓ મ્હારી દાનેશમદ બીબી! શુ તુ નથી જાણી શકતી કે ગમે દીરહમ, બદા દીરહમને રડાવી રહી છે અને તાલેબે દુનિયાને બેકરાર બનાવે છે! હુ એટલા માટે રડી રહ્યો છુ કે એ મ્હારા દોસ્તના એવા હાલથી હુ એટલો બધો બેખબર કેમ રહ્યો કે તે બીચારો આટલી મોટી બલામા ગીરફતાર થઈને હાજતમદ ફકીરની માફક મ્હારી પાસે આવ્યો, ત્યારેજ મ્હારેથી તેને મદદ થઈ શકી! ત્યારે હજી પણ હુ માનુ છુ કે મારાથી દોસ્તીનો હક્ક બરાબર રીતે અદા થઇ શકયોજ નહી જો કદાચ મારેથી તેમનો હક્ક અદા થયો હોય તો ફક્ત મોહતાજોના જેટલોજ અદા થયો છે માટે ખરેખર એ જીલ્લત તેમની ન હતી પણ તે મ્હારી પોતાનીજ હતી! એવી જીદગીના ઉપર અફસોસ છે કે, હું પેતે મજાહ ઉડાવુ અને દોસ્ત મ્હારો તકલીફ ભોગવે! બસ એજ વિચારમા હુ

રડી રહ્યો છુ," એ સાભળી તેની દાનેશમંદ ઓરતે કેટ-
લોક દીલાસો દઇ ખામોશી અખત્યાર કરાવી

હીકાયત ૭૨ મી--

નકલ છે કે એક વખતે હ૦ અમીર મઆવીયા (ર તુ અ) એ હઝરત આઇશા સીદ્દીકા (ર દી અ) ની ખીદમતમા એક હજાર દીરહમ નઝરની તોરપર મોકલ્યા આપે તે લઈને તેજ વખતે મીશકીનોમા વ્હેચાવી દીધા સર્વ દીરહમો વ્હેચાઇ ગયેલા જોઈને એક આદીમાએ અર્જ કરી કે "યા અમ્મુલ મુઅમેનીન! શુ કાઇ રોજો ઇફતાર કરવા જેટલુ બી રહેવા દીધુ છે યા નહિ?" ત્યારે આપે ફરમાવ્યુ કે "હવે તો કાંઇ રહ્યુ નથી! જો અગર આગળથી કહેતે તો શાયેદ કઈ પણ રાખવામાં આવતે!"

હીકાયત ૭૩ મી--

નકલ છે ઈબ્ને અકરમાથી તેઓ કહે છે કે એક શહેરનો હાકેમ બહુ જુલમગાર હતો. તે પોતાની જીદ્દ પુરી કરવાને માણસના ખુન કરવાથી પણ કમકમતો ન હતો એક વખતે તેણે પોતાના શહેરમા એલાન કરાવી દીધુ કે "જે કોઇ ફકીર પુકરાઓને કાઇ પણ

આપશે તો તેમના હાથ કાપી નખાવી, શહેર બહાર કરી દેવામા આવશે ' એ એલાન પછી થોડા દીવસે એક ફકીર કે જે ઘણોજ ભુખ્યો તેમજ પીયાસો હતો, તે એક ઓરત પાસે ગયો અને ઘણીજ દયામણી રીત કાલાવાલા કરવા લાગ્યો. બાદશાહના હુકમની તેને ખબર હતી છતા તે ફકીરે ઘણીજ આજેજી કરવાથી, પેલી બાઇએ પુછ્યુ કે " શુ તમોને હાલના હાકેમના હુકમની ખબર નથી કે પોતે મરવા માગે છે અને બીજાને પણ એજાન કરાવવા ઇચ્છે છે ? તો પણ પેલા ફકીરે પોતાની આજેજી જારીજ રાખી, આથી પેલી બાઇને રહમ આવવાથી ઘરમા ગઇ અને બે રોટલીઓ લઈ આવી કહ્યુ કે " ફકીર બાવા, હાકેમને જે ફાવે તે કરી લેશે; પરતુ લો, તમો તો ખાવ મારાથી આવી દયાજનક હાલત દેખી શકાતી નથી ! " ફકીર તે રોટલીઓ લઇ ચાલતો થયો પછી એ વાતની બાદશાહને ખબર થતાજ પેલી બાઇને બોલાવી મગાવી તેના હાથ કાપી નખાવી તેને શહેર બહાર કરી દીધી. બગલમા નહાના બાળકને લઈ આ બાઇ જગલની રાહે પડી! તડકો અને ભૂખ બન્ને આ બાપડી ઉપર સ્વાર થતાજ પીયાસે જોર કીધુ ! પાણીની તપાસ કરતા તેને જગ-

ળમાં એક ન્હાની ખાડી મળી આવી. લાગલીજ તે ખાડીમા ઉતરી અને પોતાનાં બાળકને ગોદમા રાખી, પાણી પીવાને માટે જેવી તે વાકી વળવા જાય છે તેવુજ ગોદમાથી બાળક મુકાઇ ગયુ અને પાણીમા જઈ પડયુ ! બાળકને બચાવવા તેણે પુષ્કળ પ્રયત્ન કર્યો પણ તે નિષ્ફળ ગયો જેથી તે ઝાર ઝાર રડવા અને ચીખો પુકાર કરવા લાગી ગઇ, કે ખરેખર આ પીયાસ ન હતી પણ મ્હારા વ્હાલા ફરજદના ખુનની તરસ હતી ! એટલામા બન્ને બાજુથી બે ઈનશાની સુરતના ઘણાજ દેખાવડા પુરૂષો જાહેર થયા અને તેને પુછવા લાગ્યા કે "શા માટે તુ આટલી બધી વાવેલા મચાવી રહી છે?" ત્યારે તેણે સર્વ હકીકત તેઓને કહી સભળાવી તુરતજ બન્ને જણ ગાયેબ થઇ ગયા એક ક્ષણમાજ એક જણ પેલા બાળકને સલામત રીતે લાવ્યો અને બીજાએ પેલી બાઈના કપાયલા હાથ ઉપર ઇશારો કરતાજ તે પહેલાની માફક બની ગયા તે પછી એ બન્નેએ પેલી બાઇને પુછયુ કે "શુ તમો હમને ઓળખો છો?" ત્યારે તેણીએ કહ્યુ કે "નહી !" તો તેઓએ કહ્યુ કે "હમો બીજા કોઇ નથી પણ પેલી બે રોટલીઓ છીએ કે જેના આપવાથી તુ આ શખ્તીમા ગીરફતાર થઇ હતી, પરતુ જા ત્હારી નજાત થઈ ગઈ.'

તે પછી એ બાઈ પાછી શહેરમાં ગઈ બાદશાહને ખબર થતા તેને ફરી પાછી બોલાવી મગાવી, એ શાથી એમ થવા પામ્યુ તેનો ખુલાસો મગાયો બાઈએ સર્વ હકીકત જાહેર કરી એ ઉપરથી તે બાદશાહ બરાબર ઇમન લાવ્યો અને પોતે કરાવેલા એલાનને રદ્દ કરાવ્યો

હીકાયત ૭૪ મી--

નકલ છે કે એક વખતે અબદુલ્લાહ બીન જાફર (ર દુ અ) પોતાને ખેતરે તશરીફ લઇ ગયા હતા. આપની પડોસમા એક હબસી ગુલામ પણ ખેતર ખેડતો હતો બપોરનો વખત થતાં હબસી ગુલામ માટે એક છોકરો બે ત્રણ રોટલીઓ લઇને આવ્યો તેણે વિચાર્યું કે હવે પરવારીને પછીજ ખાઇશ એટલામા એક ભૂખ્યો કુતરો ત્યા આવી ચઢયો એટલે તુર્તજ તેણે એક રોટલી પેલા કુતરાને આપી દીધી, પણ તે જલદી જલદી ખાઇ ગયો અને પછો પુછડી હલાવતો હલાવતો આવી, જાણે આજેજી કરતો હોય તેમ ઉભો પેલાએ પછી બીજી રોટલી કુતરાને આપી દીધી કુતરો તે પણ બહુ ઝડપથી હબાવી ગયો ને પાછો આવ્યો ત્યારે પેલા હબસી ગુલામે ત્રીજી રોટલી પણ આપી દીધી અને પોતે ભૂખ્યો રહ્યો. આ સર્વ હાલાત હ૦ અબદુલ્લાહ

બીન જાફર (ર તુ અ) જોઈ રહ્યા હતા, તેથી આખરે હુબસી ગુલામને પોતાની પાસે બોલાવી આપે ફરમાવ્યુ કે "તમારી પાસે ફકત તમારા જોગોજ ખોરાક હતો તે સઘળો તમે પેલા કુતરાને ખવાડી દીધો ત્યારે હવે તમે પોતે શુ ખાશો?" ત્યારે તેણે કહ્યુ કે "હઝરત! સબર કરવી અને રોઝો રાખવો તેના કરતા એક ભૂખ્યાની આતરડી તૃપ્ત કરવી એ બહેતર છે" આપે જ્યારે પેલા હુબસી ગુલામનો એ હાલ જોયો તો તેપો ઘણુજ તઅજ્જુબ કરવા લાગી ગયા અને ખુશ થઇને પેલુ ખેતર તેને વેચાતુ લઈ આપ્યુ, આપની પાસે એક કીંમતી લોડી હતી તેને આઝાદ કરી તેની સાથે નીકાહ પઢાવી દીધા અને રોકડ બસો સોનાના દીનાર આપી દીધા

હીકાયત ૭૫મી—

નકલ છે કે અહમદ બીન અસકાફ દમશ્કી ઘણુજ મોટા મુત્તકી પરહેજગારોમાથી હતા ઘણા વખતથી પોતે હજ્જ પઢવા જવાને ઈરાદે પુષ્કળ મહેનત કરીને સારો જેવો માલ જમા કર્યો હતો નજદીકમા હજ્જ માટે સફરની તૈયારીજ હતી કે એક દીવસે એમનો એક છોકરો પડોસમા ગયો હતો ત્યાથી રડતો રડતો

ઘરમા આવ્યો તો આપે પુછયુ કે "શા માટે રડે છે? શું થયુ?" ત્યારે તે છોકરાએ કહ્યુ કે "પેદર! તે ઘર વાલાઓ ગોસ્ત ને રોટલીઓ ખાઈ રહ્યા હતા ને હુ ત્યા પહોચ્યો, પણુ તે લોકે ન તો મને જુઠે મોઢે ખાવા બોલાવ્યો કે ન તો મને એક એક બોટી કે ટુકડો રોટી આપી જેથી હુ મોહુ જોતોજ રહી ગયો" એ સાભળી અહમદ બીન અસકાફ દમશ્કી જરા નાખુશ થયા અને પડોશીના ઘરે ગયા અને ત્યા જઈને કહ્યુ કે, "સુબહાનેલ્લાહ! પડોશીનો હકક શું એવોજ હતો જેયો કે તમોએ અદા કીધો? મ્હારો છોકરો રડતી સુરતે તમારૂ મ્હો જોતોજ રહ્યા ને તમો ગોશ્ત-રોટી ખાતા રહ્યા, પણુ તમારામાથી કોઈએ જરા રોટી કે રજ બોટી પણુ આપી નહી! બલકે જુઠે મ્હોડે ખાવા પણુ બોલાવ્યો નહીં" અહમદ બીન અસકાફ દમશ્કીની ઉપલી વાત સાભળી ને પડોશી ઝાર ઝાર રડવા લાગ્યો અને કહ્યુ કે "અફસોસ! આજ સુધી મેં ઘણુ છુપાવ્યુ પણુ આખરે આ વાત જાહેર કર-વીજ પડવાની! એ હકીકત આપને ન કહુ તોબી મુશ્કેલ છે અને કહુ તો પણુ મુશ્કેલ છે વલ્લાહ, આજે પાચ પાંચ દીવસ થયા ઘરવાલાઓના મ્હોમાં એક પણુ દાણો અનાજ ગયુ નહોતુ બલકે સઘળાં

મરણ તુલ્ય સ્થીતીએ આવી ગયાં, મુફલેશી એટલી બધી વારેદ થઈ ગઈ કે રોજગાર પણ મળી શકયો નહી. જેથી લાચાર થઈ હુ જગલ તરફ ચાલવા લાગ્યો તો ત્યા મારી નજરે એક મરણ પામેલી બકરી જણાઇ આ બકરીમાથી હાજત જોગુ ગોશ્ત કાપી લાવ્યો અને તેને જરા કાચુ પાકુ ભુજીને હમો સઘળા જરા જરા વ્હેચી ખાવા બેઠા હતા ને આપનો સાહેબજાદો પણ આવી રહ્યો મે વિચાર કર્યો કે બફજલે તઆલા આ ગોશ્ત એ છોકરાને દરૂસ્ત નથી માટે આપવામા ગુનાહ લાઝીમ થશે માટે મે તેને ન આપ્યુ દર અસલ સત્ય હકીકત એજ છે શેખ સાહેબ" આપ એ વાત સાભળી ઘણાજ મુતઆજજુબ થયા. અને પોતાના મન સાથે કહેવા લાગ્યા કે "હકીકતમા આવા માણુસને લીલ્લાહ આપવુ તે હજ્જ જવા કરતા પણ બેહતર છે." પછી અહમદ બીન અસકાફ દમરકી પોતાને ઘરે આવ્યા અને કેટલીક મુદતથી હજ્જ જવાને માટે જે દીનારો જમા કર્યા હતા તે સઘળા લાવીને પેલા પાડોશીને ચુપકીથી આપી દીધા અને પોતે પોતાના ઘરમાજ બેસીને યાદે ઇલાહીમા મશગુલ રહ્યા

પછી જયારે સૌ હાજીઓ હજજથી ફારેગ થઇ પાછા ફર્યા ત્યારે હઝરત જુન્નુન મીસરીએ જબલ

અરફાત ઉપરથી એવો અવાજ સાભળ્યો કે "અએ જુન્નુન મીસરી! આ વખને કોઈની પણ હજજ કબુલ થઈ નથી" એ સાભળી હઝરત જુન્નુન મીસરી ઘણુાજ હેરતમાં પડયા કે હજજમાં નવ લાખ, નવ હઝારને નવસો માણુસો હાજરી આપે છે અને એનો શુ સબબ હશે કે કોઇનીજ હજજ કબુલ ન થઇ? હઝરત જુન્નુન મીસરી એજ ફીકરમા હતા કે પાછી એક અવાજ આવી કે "હજજ તો આ વખને કોઇનીજ કબુલ ન હતી પણ અહમદ બીન અસકાફ દમશ્કીના સબબથીજ સર્વની હજજ' કબુલ થઈ છે 'જો કે તેઓએ આવવાની નૈયત કરી હતી પણ આવ્યા નહી!" આ ભેદ ભરેલા અવાજથી વધારે તઆજ્જુબ થયો કે વલ્લાહો આલમ એ શુ ભેદ છે કે એમ છતાં સર્વની હજજ તેમના સબબથી કબુલ થઇ? હજ્જથી બીલકુલ ફારેગ થય, બાદ હઝરત જુન્નુન મીસરી (ર તુ અ.) એ વાતની તપાસને માટે દમીશ્કમા આવ્યા અને અહમદ બીન અસરાફ દમશ્કીથી મુલાકાત લીધી, અને કહયુ કે "આ વખતે આપે હજજ પઢવા જવાનો મજબુત ઈરાદો કર્યો હતો છતા શા સબબથી આપ હજજ પઢવા ન ગયા?" એ સાભળી આપે પોતાનો તુલોતવીલ હાલ તેમને સભળાવ્યો. ત્યારે હઝરત

ઝુન્નુન મીસરીએ એમને કહયુ કે 'મુબારક થાઓ તમોને તમારી હજજ ! આ વરસે અલ્લાહતઆલાએ તમારી હજજ કબુલ કરી છે અને મે એવોજ અવાજ જબલ અરફાત ઉપર જયારે સાભળ્યો ત્યારે એ વાતની જાતે તપાસ કરવાને માટે મને કુદરતી જોશ પેદા થયો કે આપે એવુ તે શુ કામ કર્યું કે જેને લીધે સર્વની હજજ કબુલ થઇ ! ખરેખર ખુદાપાક અજબ શાન શૌકતનો ધણી છે ' રીવાયત છે કે અલ્લાહતઆલાએ બીજે વરસે અહમદ બીન અસકાફ દમસ્કીને એટલો બધો માલ એનાયત કર્યો કે બીજે વરસે પછી પોતે પણ હજજ પઢવાને માટે જઈ શકયા

હીકાયત ૭૬મી—

નકલ છે અબદુલ્લાહ ઈબ્ને ઉમ્રથી. આપ કહે છે કે એક સમયે બની ઇશરાઇલમા સખ્ત દુકાળ પડયો. માણુસોની મોટી સખ્યા ભુખમરાથી મરણ પામવા લાગી આ વખતે એક મજુર માણુસનો એવો હાલ હતો કે તે આખો દીવસ મજુરી કરતો અને સાજે જવની બે રોટીઓ વેચાતી લેતો આવતો એક સાજે તે હમેશ મુજબ રોટીઓ લઈને આવી રહયો હતો કે એક ભુખ્યા માણુસે તેને સવાલ કર્યો કે "હું ભુખ-

મરાથી મરણ તુલ્ય થઈ ગયો છુ, લીલ્લાહ મને કાંઈ ખાવાનુ આપો" એ સાભળી પેલા મજુર માણસે વિચાર કર્યો કે 'મ્હારી પાસે ફકત બેજ રોટલીઓ છે જો એક એને આપુ તો નહી મારૂ' પેટ ભરાય કે એક રોટલીમા નહી એનુ પેટ ભરાય અને એવી હાલતમા એ બાપડો મરણ પામશે તો મ્હારે માથે એનો વબાલ ચોટશે માટે બન્ને રોટલી એનેજ આપવી ઠીક છે."

એમ કહી તે બેઉ રોટલી પેલા સવાલીને આપી દીધી અને પોતે એમજ ભુખ્યો ઘરે આવી સુઈ રહયો આ માણસને રાત્રે ખ્વાબ આવ્યો તે જુવે છે કે એક ફીરસ્તો આશમાન ઉપરથી નીચે ઉતર્યો અને મ્હારી પાસે આવીને મને પુછયુ કે "ત્હારે કઈ ચીજની આરજુ છે ? કેમકે રહમત ઈલાહી ન્જતમ હોની હાજત રવા કરવાને માટે મુન્તેજર છે" ત્યારે તેણે કહયુ કે "હા, બક્ષીશની દરકાર છે" ત્યારે પેલા ફરીસ્તાએ જવાબ આપ્યો કે 'જા ત્હારી મગફેરત થઈ ચુકી, બીજુ પણ કાંઈ માગવાની ઈચ્છા હોય તો કહી દે" ત્યારે તેણે કહયુ કે "હાલ જે સખ્ત દુકાળ પડયો છે તે દફે થવો જોઇએ કેમકે હજારો જાન બેજાન થઈ રહ્યા છે" ત્યારે સવારે ગેબથી તેને અવાજ સભળાયો

કે "અએ નેક શખ્સ, દુકાળ દુર થયો છે, મોઘવારી મટી ગઈ છે માટે બેફીકર રહે" થોડાજ અરસામા સારો જેવો વરસાદ થયો અને ઘાસ ચારો, અનાજ વીગેરેની આબાદીની નીશાની જણાતા અનાજ વીગેરે સર્વ સસ્તુ ગઈ ગયુ

હીકાયત ૭૭ મી—

નકલ છે કે હઝરત ઉમર ફારૂક (ર ત અ.)ની ખીલાફતમા એક સહાબી મુલ્ક શામના હાકીમ બનીને ત્યા ગયા જતી વેળા પોતાની સ્વારીમા ફકત એક ઊંટ અને એક હબશીને સાથે લીધો હતો જ્યારે તે સહાબી દારૂલ હકુમતની નજદીક જઇ પહોચ્યા તો, આપની સ્વારી પધારે છે એ જાણી ત્યાના સરદારો આપની સલામી માટે એસ્તેકબાલ સામે આવ્યા જ્યારે આપને એવા હાલમા જોયા તો એક મામુલી માણુસ સમજીને સરદારોએ પુછયુ કે 'આપ લાબી મુસાફરી કરીને આવી રહ્યા છો ભલા એ તો બતાવો કે અહી જે નવા અમીર સાહેબ આવનાર છે તેમની કાંઇ આપને ખબર છે? તેઓ કેટલેક રસ્તે આવી પુગ્યા છે?" એ સાભળી આપની પાશે જે ખીદમતગાર ગુલામ હતો તેણે કહ્યુ કે "ભલા માણુસો, શુ તમો

નથી જાણતા કે તે નવા અમીર સાહેબ એવણુ પોતેજ છે ?" એ સાભળી સઘળા સરદારોએ પોતાની ચાલતી આવેલી જુની રૂઢી પ્રમાણે જહાલતથી આપને સીજદાઓ કરવા લાગ્યા. એથી આપ ઘણાજ મુતઆજ્જુબ થઇને કહેવા લાગ્યા કે "તમોને એ શુ થઇ ગયુ છે? તમો ઈનશાનને સીજદો શા માટે કરો છો ?" ત્યારે તેઓએ કહ્યુ કે હમારા મુલ્કનો એજ દસ્તુર છે કે હમો હાકીમે વકતની એવીજ રીતે તાજીમ કરીએ છીએ" એ સાભળી આપ ઘણા ગુસ્સે થયા અને કહ્યું કે "અલ્લા હો અકબર! ફકત અલ્લાહના શીવાય કોઇને માટે સીજદો રવા નથી અને તમો એ શીરક કેમ કરો છો ?" તો પણ તેઓ પોતાની રૂઢીથી બાજ આવ્યા નહી, ત્યારે આપે એક ચીખ મારી અને ત્યાથી ફોરન પાછા વળીને ચાલ્યા આવ્યા અને હુકુમતની સનદ, અમીરૂલ મુઅમેનીન હઝરત ઉમર (ર. ત. અ.) ની પાસે લાવી મુકી દીધી અને ત્યાનો સઘળો કીસ્સો આપની સામે બયાન કર્યો. આપે તે સર્વ સાભળીને ચેલા સરદારો તરફ હુકમ લખી મોકલ્યો કે "ખબરદાર, અલ્લાહ તઆલાના શીવાય કોઇને પણ સીઝદો કરવો દુરસ્ત નથી માટે હવે પછી એવા શીરક કદી પણ કરશો નહી જહાલતની રીતોને બધ કરી દેશો" આ

હુકમ રવાના કરવા સાથેજ આપે એક બીજા સહાબીને હાકીમની સનદ આપીને ત્યા મોકલ્યા નવા હાકીમ જ્યારે શહેરની નજદીક જઇ પહોચ્યા ત્યારે આગળથી એક માણસને સરદારોની પાસે મોકલ્યો અને કહેરાવ્યુ કે "ખબરદાર, મ્હારી •તાજીમ–પેશવાઈ–કરવાને માટે કોઈપણ આગળ આવશો નહી" જ્યારે આપ દારૂલ હકુમતમા દાખલ થયા તો સઘળા સરદારો સામે આવ્યા અને જાત જાતની ભેટ સોગાતો, મીઠાઈ, મેવા ઈત્યાદી લેતા આવ્યા જ્યારે તે સર્વ આપની સામે લાવીને મુકી દીધુ, ત્યારે આપે કહ્યુ કે શુ અમીરૂલ મુઅમેનીને મને એટલા માટે અહી મોકલ્યો છે કે હું દુનીયાની લીજ્જતોમા પકડાઈ જાઉ અને જન્નતની નેઅમતોથી દુર થઇ જાઉ ?" બસ એટલુ કહી આપ પણ તે સઘળુ પડતુ મુકીને ત્યાથી પાછા ચાલ્યા આવ્યા અને અમીરૂલ મુઅમેનીન હઝરત ઉમર ફારૂક (ર ત અ) ની ખીદમતમા હાજર થઇ તે સઘળો હાલ કહી સભળાવ્યો અને હકુમતની સનદ આપને હવાલે કરી દીધી. ત્યારે આપે ફરમાવ્યુ કે "નમો સઘળા તો ગોશેનશીન થઇ બેઠા ત્યારે હવે હુ એકલો

કેમ કરીને ખીલાફતના લવાજમને અંજામ દઈ સકીશ ?" એમ કહી આપે એક ત્રીજા સહાબીને હાકીમ મુકરર કરી સનદ આપી પાછા ત્યાં રવાના કર્યા આ નવા હાકીમ ત્યા જઈને તે શહેરની પડોસમા એક ગામમાં જઈને મુકામ કર્યો સરદારોને ખબર થતા તે સર્વ આપની પાસે હાજર થયા અને જોયુ તો ફકત આપ એકલાજ અને સાથે સ્વારીમા એક ઊંટ જણાયુ પછી તે સરદારોએ ઘણુએ ઈચ્છીયુ કે આપની કંઈ ખીદમત કરીએ પણ તે આપે કંઈજ કબુલવાને ના પાડી અને કહ્યુ કે અલ્લાહના ફજલથી મને કોઈપણ ચીજની હાજત નથી ! ફકત જર સરકારનુજ મને જોઈએ છે. માટે જેટલુ જમા થયું હોય તે લાવો" પછી આપ કેટલાક દીવસ ત્યા રહ્યા અને સરકારનુ જે જર જમા થયુ હતુ તે લઈને આપ, અમીરૂલ મુઅમેનીનની ખીદમતમા પાછા ચાલ્યા આવ્યા ને સર્વ કેફીયત આપને સંભળાવી દીધી.

હીકાયત ૭૮ મી—

નકલ છે કે સલમાન ફારસી (ર. તુ. અ.) ને એક શહેરના હાકીમ બનાવવામા આવ્યા હતા. બેયતુલ

માલમાથી એમને પાચ હજાર દીરહમનો પગાર આપ-
વામા આવતો હતો આપ તે સઘળો પગાર અલ્લાહ
નામ ઉપર ખેરાત કરી દેતા હતા. ખજુરીનાં
છટીયાના જબીલો બનાવીને પોતાનું ગુજરાન ચલાવતા
હતા. જ્યારે ઊટના વાળોનો લીબાસ પહેરતા હતા
વળી બૈયતુલ માલમાં જેટલી બકરીઓ હીસ્સે
આવતી તે સર્વને જુબ્હ કરી લીલ્લાહ ગરીબોમા
વહેંચી દેતા હતા જ્યારે તે ચામડાથી પાણી પીવાની
મશક અને જબીલો બનાવતા અને તેને જેહાદમા પોતે
વાપરતા હતા આપનો એવો મેલો સાદો પોશાક
જોઇને એક માણુસ આપને મજુરીયો સમજીને કેટલોક
માલનો બોજો આપને માથે મુકાવી પોતાને ઘરે લઇ
જઈ રહ્યા હતો રસ્તામા આપને ઓળખીતો એક
માણુસ મળ્યો તેણે આપને સલામ અલૈક કરીને ઘણીજ
તાજુબીથી પુછયું કે "અએ અમીર કેમ ? ખેર તો
છેની ?" એ સાંભળી પેલો માલ ધણી સમજી ગયો કે
જેને હું મજુર સમજીને લાવ્યો છુ તે તો સુબ્હાનેલ્લાહ,
એક સરદાર છે. એમ સમજી તે માલ ધણી આપના
કદમો ઉપર પડી ગયો અને ઘણીજ આજેજી કરવા
લાગ્યો કે "હઝરત, મેં ખરેખર આપની મોટી ખતા
કરી છે માટે લીલ્લાહ મને માફ કરો અને આ માલનો

બોજ આપના માથા ઉપરથી નીચે ઉતારી દો!" પણ તુર્તજ આપે ફરમાવ્યુ કે "હરગેઝ એ નહી બનશે. મારા વાયદા મુજબ એ તમારો માલ મ્હારે તમારા ઘરે પહોંચાડવોજ જોઈએ" પેલાએ ઘણીજ આજેજી કરી, ખુશામદ વીગેરે કરી પણ આપે તે કાંઈજ માન્યું નહિ ને પેલાનો માલ બરાબર તેને ઘરે પહોચવી દીધો તે પછી પેલાએ કસમ લીધી કે હવેથી એ પ્રમાણે કોઇની પણ પાસે મજુરી લઉ નહિં જ્યારે હ. સલમાન ફારશી ઇંતેકાલને કરીબ થયા ત્યારે ઝાર ઝાર રડતા અને લોકોને કહેતા કે હુ કાંઇ મરવાથી ડરતા નથી, પણ એટલા માટે ડરીને રડી રહયો છુ કે કદાચ દુનીયાઇ લીઝઝતોમાં ગીરફ્તાર થઈ જવાય તો દોલતે દીદાર જનાબ રસુલુલ્લાહ (સ. અ. વ) થી માહરૂમ થઇ જવાય! સબબ હ૦ રસુલ સલ્અમે ઈર્શાદ ફરમાવ્યો છે કે, "અએ મુસલમાનો! અગર કયામતને દીવસે જેન મારી પાસે આવવાની આરજુ હશે તે દુનીયા અને દુનીયાઇ માલથી દૂર રહેશે અને મરવાને સમયે પાક હશે." તેથી હું ડરૂં છું કે મ્હારી પાસે દુનીયાનો થોડોએક માલ છે તો જો કદાચ તેવું કાંઈ થઇ જાય તો હું સદાનો હાથ મસળતો રહી જાઉ! તે પછી લોકોએ એમની પાસેના માલ અસબાબની તપાસ

ફરી તો તેમા ફ્રકત તીરો, કમાન, પોસ્તીન, તથા એક દસ્તરખાન શીવાય બીજી કાંઇ કીમતી વસ્તુ હતી નહી આટલી નજીવી મીલ્કત રહી જવા છતા આપ મરતા દમ સુધી ખોફે ખુદામા રડતા રહ્યા હતા!

હીકાયત ૭૯ મી—

નકલ છે કે હઝરત ઉમર (ર ત અ) એ ખલીફા બીનલ ઐમાનને એક શહેરના હાકીમ બનાવીને રવાના કર્યા એમના રવાના થવા પહેલા તે શહેરના લોકો ઉપર હુકમ લખી મોકલ્યો કે, "એમને તમારા હાકીમ બનાવીને મોકલ્યા છે માટે તમો સર્વ એમની તાબેદારી સદક દીલ વ જાનથી બજા લાવશો" જ્યારે એઓ દારૂલ હકુમતની નજદીક જઇ પહોચ્યા તો સઘળા સરદારો એમના એસ્તેકબાલને માટે આગળ આવી રહ્યા છે. તે લોકોએ જોયુ કે હાકીમ સાહેબ એક ખચ્ચરના ઉપર સ્વાર થઇને ઊંટના વાળોનો પોશાક પહેરીને પધાર્યા છે પછી એમને તે લોકો શહેરમા લઈ ગયા અને ત્યા ઘણા સારા સારા મકાનો જોવાડ્યા. તે પછી દરેક રીતના તોહફાઓ એમની સામે રજુ કર્યા, ઘણુાક કીંમતી મોતીઓ, હીરા, ઝવાહેર વીગેરે નજર કર્યું, પણ તે પૈકી રજ પણ આપે લીધુ નહિં

અને કહ્યુ કે મને કોઈ ચીજની તલબ નથી માત્ર તમો આ ખચ્ચરની દેખરેખ રાખશો અને એને હલાલ માલનો દાણો ઘાસ વીગેરે આપશો એ બેજબાન જાનવર છે." પછી કેટલીક મુદત વીત્યા બાદ આપ પાછા વતનમા આવવા તૈયાર થયા હઝરત ઉમર (ર ત અ)ને એ વાતની ખબર થતાજ, માર્ગમાં આવીને એક જગ્યાએ છુપી રીતે બેસી રહ્યા કે જોઈએ તો ખરા કે ખલીફા ઇબ્ને ઐમાન દારૂલ હકુમતથી કેવાક દબદબા સાથે આવે છે ? જયારે એઓ નજદીક આવ્યા તો જણાયુ કે જેવી રીતે અહીથી ગયા હતા તેવીજ રીતે પાછા આવી રહ્યા છે એમનો અસલી હાલ જોઈને હઝરત ઉમર ફારૂક (ર. ત. અ.) બહુજ ખુશ થયા અને નજદીક જઈને એમને ગળે વળગી પડયા. અને કહ્યું કે "હમો પણ તમારા ભાઇ છીએ, તમો હમારા ભાઇ છો! હકીકતમા ઈસ્લામ એનુજ નામ છે હકુમત અને દબદબો એ મટી જવાવાળા છે માટે તેનાં ઉપર માણસે ઈતરાવુ કે અકડવુ જોઇએ નહિ ત્યારે ખલીફા ઐમાને કહ્યું કે "યા અમીરૂલ મોમેનીન, જે દીવસે કોઈ ચીજ મ્હારી પાસે ન હોય ને દીવસે હુ બહુજ ખુશ રહું છું. સબબ રસુલ સલ્અમે ફરમાવ્યું છે કે "અલ્લાહતઆલાએ પોતાના ખાસ બંદાઓને માલ

શફકકત અને એનાયતથી આરાએશ અને આસાએશ કે જે મગરૂર બનાવનારી વસ્તુઓ છે તેનાથી બચાવ્યા છે જેવી રીતે કે હકીમો બીમારોને નુકશાન કરનારી ચીજોને ખાવા માટે પરહેજ કરાવે છે બલકે તેવી ચીજોની પાસે પણ જવા દેવાની મના કરે છે તો પછી ખાવાની તો વાતજ કયાં રહી ? " હઝરત ઉમર ફારૂક (ર. ત અ) એ સાંભળી બહુજ ખુશ થયા

હીકાયત ૮૦ મી—

નકલ છે કે હઝરત ઉમર ફારૂક (ર ત અ) આખો દીવસ દાદ સાભળતા અને મઝલુમોની ફરીયાદ ઉપર ખુબ ધ્યાન દેતા હતા અને તે પછી દેશ પરદેશના સર્વ કામો તરફ પુરતુ લક્ષ આપવામા આખો દીવસ સરફ કરતા હતા અને રાત્રે શહેરની ગલીએ ગલીએ ફરી વળી લોકોના ભુલચુકથી ખુલ્લા રહી જતા બારણા બધ કરાવતા, તો કોઈના છુટી ગયેલા જાનવરો ગુમ ન થઇ જાય કિવા ચોકીદારો ગાફેલ ન રહે વીગેરેની આપ જાતેજ તકેદારી રાખતા હતા એવી રીતે મખલુક ઈલાહીની આપ પોતે હીફાઝત કરતા હતા આવી હાલ-તમાં જોઈને એક સમયે મદીના મુનવ્વરાના રહેવાશીઓ આપથી અરજ કરવા લાગ્યા કે "યા અમીરૂલ મોઅ-

મેનીન, આપના પછી શહેરમાં ઘણીજ ખરાબીઓ થશે કેમકે પછી એવી રીતે જાન કાહીથી કોણ મખલુક ઇલાહીની હીફાઝત કરશે? આપ સરદારો અને તાબેદારો.થી એ કામ કેમ લેતા નથી કે આપને રાહત અને આરામ મળી શકે?! ત્યારે આપે ફરમાવ્યુ કે "હીસાબને દીવસે જે પરપુછ થશે તે કોને થશે? મનેજ પુછશે કે કોઇ બીજાને?" તે પછી મનકુલ છે કે આપની વફાત પછી આપના સાહેબજાદાએ આપને ખ્વાબમા જોયા તો આપ કમર બાંધીને તૈયાર ઉભેલા છે. તેમણે આપને પુછયુ કે "યા હઝરત, ખેર તો છે? કોની ઈન્તેજારીમા મુન્તેજર છો?" તો આપે ફરમાવ્યુ કે "આ વખતનો હાલ મને કઈ પણ પુછોજ નહિ! કેમકે હીસાબ કીતાબ રોજે હશરથી હુ ડરી રહ્યા છુ અહકમુલ હાકેમીનની સામે દુધ પાણીથી અને પાણી દુધથી જુદુ થનાર છે! અને મારા મુકાબલામા ખીલાફતનો સઘળો ઝઘડો રજુ થનાર છે. અને તે અહીં સુધી કે એક ગાય પણ કહી શકશે કે પેલી ડોશી ઘણુાજ જોરથી મ્હારૂ દુધ દોહતી હતી અને મને ઇજા પહોચવતી હતી શુ દુધ આશાનીથી નથી નીકળી શકતુ? પછી મને પુછવામા આવશે કે "તુ એવી રીતે કેમ ગાફેલ રહ્યો કે પેલી ડોશી વગર જબાનના

જાનવર ઉપર જુલમ કરી રહી હતી ને તેં તેની ખબર વટીક લીધી નહિ ! એવી એવી કયામતની જવાબ-દારીથી હુ ડરી રહ્યો છું" પછી આપ ખ્વાબથી બેદાર થયા તો દરૂદ શરીફ પઢીને બક્ષી દીધુ.

હીકાયત ૮૧મી—

નકલ છે કે હઝરત ઉમર (રદી) એ એક વખતે ઉમેર બીન સઇદ (રહે) રહેવાશી હબસ-એમને એક શહેરના હાકેમ બનાવીને મોકલ્યા જ્યારે એમની હકુમતની મુદ્દત પુરી થઈ તો આપે એક હુકમ લખી મોકલ્યો કે "બયતુલ માલમાના સઘળા અમબાબો સહીત જલદીથી અહીં ચાલ્યા આવો" એવો હુકમ મેળવી તેઓ હુકમના ફરમાન મુજબ આવી આપની ખીદમતમાં હાજર થયા એ વખતે તેમની પાસે એક લાકડી, એક લોટો અને એક પ્યાલો એટલે અસબાબ હતો એવો ફાટો તુટો હાલ જોઈને અમીરૂલ મુમેનીન હઝરત ઉમર ફારૂક (રદી. અ) એ ફરમાવ્યુ કે "શુ આપ બીમાર છો? શાયેદ ત્યાની આબો હવા આપને માફક આવી ન હોય!" ત્યારે તેમણે અર્જ કરી કે "યા હઝરત અમારૂલ મુમેનીન ! હુ તો બફઝલેતઆલા સલામત છુ અને અસબાબ જરૂરી પણ સાથે રાખુ છુ." તો આપે ફરમાવ્યુ કે "અત્યારે તમારી પાસે

શું અસબાબ છે ?" એ સાંભળી તેમણે લાકડી, લોટો 'ને પેલો પ્યાલો સામે મુકી દીધો ! એ જોઈ હઝરત ઉમર (ર ત અ) ઘણાજ અચરત પામ્યા અને ફરમાવ્યુ કે "ત્યાની રૈયતે શુ તમારી સામે સરકશી કરી અને તમારી તાબેદારી નહી કરી !" તો તેમણે કહ્યુ કે નહી તેવુ કાંઈજ નથી" એ પછી આપે એક બીજો હાકીમ મુકર્રર કરીને ત્યા મોકલ્યો અને હુકમ આપ્યો કે "સરકારનુ મહેસુલ તાકીદે વસુલ કરીને મોકલાવો અને કોઈનુ પણ કોઇ રીતનુ બહાનુ સાભળવુ નહિ" તે પછી ઉમેર બીન સઇદ (રહે)ને ફરમાવ્યુ કે "હુ તમોને પાછી એક નવી સનદ આપીને મોકલવા ધારૂ છુ" તો તેમને અર્જ કરી કે "યા અમીરૂલ મુમેનીન ! મને એવી ખીદમતથી લીલ્લાહ માફ કરો કારણકે હકુમતમા ઘણીક આફતો રહેલી છે અને તેથી હુ ડરૂ છુ કે રખેને કોઈ મોવાખેજાહ હલાકીમા ગીરફતાર થઈ જાઉ તો જનાબ રેસાલત મોઆબની સામે શરમીદા થઈ જાઉ" એ સાભળી અમીરૂલ મુમેનીન ઘણાજ રડયા પછી હ. ઉમેર બીન સઈદ ત્યાથી ઉઠીને ચાલ્યા ગયા તે પછી અમીરૂલ મોમેનીને એક ખાદીમને સોનાના સો દીનારો આપીને હ ઉમેર બીન સઇદ (રહે)ની પાસે મોકલ્યો અને કહ્યુ કે "તેમને શોધીને

ચુપકીથી આપી આવ" ખાદીમ તે લઇને ગયો અને ત્રણ રાત અને ત્રણ દીવસ સુધી તેમની શોધ ચલાવા પણ તેમનો પત્તો મળ્યો નહીં જ્યારે ખાદીમ બીલકુલ માયુસ થઇ ગયો ત્યારે તેઓ એકાએક મળી ગયા. ખાદીમને માલમ પડયુ કે તેઓ આખો દીવસ રોજો રાખે છે અને આખી રાત ઇબાદત ઇલાહીમા સરફ કરે છે પછી ખાદીમે સલામ અને પેગામ કહી પેલા સો દીનારો તેમની સનમુખ મુકી દીધા અને કહયુ કે "હાલના ખલીફાએ આપને ઇનાયત ફરમાવ્યા છ" પણ આપ તે જોતાજ ઝાર ઝાર રડવા લાગ્યા ત્યારે ખાદીમે મુતઆજ્જુબ થઇને અર્જ કરી કે "જનાબ! કેમ ખેરતો છે? શા માટે એ પ્રમાણે આપ રડી રહયા છો?" ત્યારે આપે ફરમાવ્યુ કે "મે હ૦ રસુલ સલ્લઅમની દોલતે દાયમીની મજાહ ચાખી છે માટે ડરૂ છુ કે આ દોલત નાપાયદારની મજાહની બદોલતથી પેલી પાયા દાર મજાહથી માહરૂમ રહી ન જાઉ!" તે પછી તે દીનારોમાથી પાચ કે છ દીનારા પોતે રાખી લઇ. બાકીના સઘળાને ખુદા રાહમા ગરીબોને વહેચી દીધા! પછી કેટલીક મુદત વીત્યા બાદ જયારે અમીરૂલ મુમેનીનથી એમની મુલાકાત થઇ તો આપે ફરમાવ્યુ કે "પેલા એકસો દીનારોનુ શુ કર્યું?" તો તેમણે અર્જ

કરી કે "તે તો અલ્લાહુતઆલાને હવાલે કર્યા કયામતને રોજ લઇ લઇશ"

હીકાયત ૮૨મી—

અબુ અબદુલ્લાહ મુઅત્તક સદ્દાદ (રહે)થી નકલ છે કે, હ ઉસમાન ઇબ્ને અફ્ફાન (રદી અ) હમેશાં તકલીફ પહોચાવનારો પોશાક પહેરતા ન હતા પણ જયારે આપ ખુત્બો પઢવાને માટે મીમ્બર ઉપર ચઢતા ત્યારે અલબત ચાર પાચ દીરહમનો પોશાક પહેરી જતા હતા જો કે ખુદા પાકના ફઝલથી આપ સાહેબ માલ હતા આપ હમેશા ઘણાક ગુલામ-બાદીઓ રાખતા હતા વળી આપ દરરોજ તહુજ્જદની નમાજને માટે ઉઠતા હતા લેકીન પોતાના કામ માટે કોઇને ઉઘમાથી ઉઠાડતા ન હતા અને આખી રાત આપ ઇબાદત ઇલાહી તથા તીલાવને કુરઆન મજીદમા મશગુલ રહેતા હતા દર જુમ્માને દીવસે આપ રોજો રાખતા હતા વળી આપ હમેશા કુરઆન શરીફ જોઇને પઢતા હતા એ જોઇ એક જણે આપને અર્જ કરી કે "યા અમીરૂલ મુમેનીન! આપ એક પકકા હાફેઝ છો છતા કુરઆન શરીફ જોઇન શા માટે પઢો છો?" ત્યારે આપે ફરમાવ્યુ કે "એ ફરમાન શહેનશાહી છે,

માટેજ જોતો જાઉં છું કે કયી ચીજ કરવી રવા છે અને કયી નારવા છે. તેમજ જોઈને પઢવાથી જાન, જબાન અને આખો તેની લીજ્જતથી મજાહ ઉઠાવી શકે જો વગર જુએ તીલાવત કરૂ તો આખો, દોલતે હકકથી માહરૂમ રહી જાય છે” મનકુલ છે કે આપની શહાદત બાદ જમીન આસમાન અને અને પહાડ-ઝાડ સર્વ રડતા હતા'

હીકાયત ૮૩મી—

હ અબદુલ્લાહ બીન ઓરવાહ (રહે)થી નકલ છે આપ કહે છે કે જયા સુધ્રી ઉમર બીન અબદુલ અજીઝ હાકીમ થયા ન હતા ત્યા સુધી ઉમદામા ઉમદા ખોરાક ખાતા હતા, મન પસંદ પોશાકો સજજતા હતા અને સ્વારીને માટે કીમતીમા કીમતી ઘોડાઓ ખરીદી સ્વારી કરતા હતા આપ દીલના પણ તેવાજ ગની હતા તેમ દબદબો પણ તેવોજ રોબદાર રાખતા હતા. એક સમયે આપે પોતાનો સઘળો અસબાબ ૨૦૦૦૦ દીરહમે વેચી નાખ્યો અને તે સઘળા પૈસા ત્યાજ ઉભા ઉભા ગરીબોને તકસીમ કરી દીધા આપની એ હાલત અમીર થયા પહેલાની હતી પણ જયારે આપને અમી-રનો ખેતાબ મળ્યો તો ખુત્બાનેજ વખતે ફકત ત્રણ

દીરહમનો પોશાક ધારણ કરીને આવતા અને આડા દીવસોમાં ફકત પોસ્તીન પહેરીનેજ ગાળતા હતા. આપના મકાનનો એવો હાલ હતો કે ફકત ત્રણ લાકડીઓ બાધી તે ઉપર કપડુ ચઢાવી તેમાજ ચીરાગ રોશન રાખીને રહેતા હતા. અને સારી સારી રોશની કે ફાનુસ વીગેરેનો ઝઘડો આપ રાખતા ન હતા. પોતે બહુજ સાદુ જીવન કરી દીધુ હતુ. આપનો એ હાલ જોઈ એક જણે આપને અર્જ કરી કે "યા અમીરૂલ મુમેનીન! પહેલા તો આપ ઇમારતોનો બહુજ શોખ રાખતા હતા અને ઘણુજ દબદબા સહીત રહેતા હતા અજાયબી લાગે છે કે હવે જયારે આપ અમીર બન્યા છો એટલે જેવુ ચાહો તેવુ મળી શકે છે. છતા હવે આવો હાલ શા માટે ધારણ કર્યો?" ત્યારે આપે ફરમાવ્યુ કે "જયારે ઇનશાનની પોતાની દીલી ઉમેદો પુરી થાય છે, ત્યારે તે પાછી તેનેથી વધારે મળવાની ઉમેદ રાખે છે, જયારે તે પણ પુરી થાય છે ત્યારે વળી તેનેથી પણ વધારે મળવાની આરજુ રાખે છે એ રીતે દીલી આરજુ મેહદુદ રહેતી નથી. જેમકે 'જયારે હું અમીર ન હતો ત્યારે ફજલે ઇલાહીથી મનપસદ ઇમારતો ઉપર બેહદ મોહ હતો, જયારે ફજલે ઇલાહીથી મન પસદ ઇમારતો થઇ ત્યારે ખીલાફત મળ-

વાની ઉમેદમા હુ રહયો, જ્યારે મને ખીલાફત મળી ત્યારે બાદશાહત આખેરીની તમન્ના થઇ. જુઓ ત્યારે હવે એનાથી પણ આગળ વધવાનો કોઇજ દરજ્જો બાકી રહયો નથી અને તેજ સબબથી આરાએશ જીસ્માનીને છોડવી પડી છે અને ઝેબાએશ રૂહાનીને એખત્યાર કરવી પડી છે ! તે પછી પેલા સવાલ કરનારના મન ઉપર ઘણીજ ઉંડી અસર થઇ અને કીમતી શબક શીખી ત્યાથી તેણે રૂખશદ લીધી

હીકાયત ૮૪મી—

નકલ છે માલેક ઇબને દીનારથી કે જ્યારે હ૦ રાબેઆ બસરી (ર. ત અ) મરણ પથારીએ પડયાં હતા ત્યારે માલેક ઇબ્ને દીનાર બીમાર પુર્શીને માટે ગયા. અને પુછયું કે "તમોને કોણે કોણે તકલીફ આપી ?" તો આપે જવાબ આપ્યો કે "મઆશીયતે !" તો વળી પાછુ માલેક ઇબ્ને દીનારે પુછયુ કે "તમારૂં દીલ કોઇ કંઇ ચીજ ઉપર છે ?" તો આપે જણાવ્યું કે "હા, મગફેરત ઉપર !" તે પછી માલેક ઇબ્ને દીનારે કહ્યુ કે "તમોને દુનીયાની કોઇ ચીજની ખાહેશ છે ?" ત્યારે આપે કહ્યુ કે "હાં આજ ત્રણ વરસ થયા તાજી ખારેકની ખાહેશ રાખુ છું પરતુ તે હજી સુધી મને

મળી નથી !' તે પછી માલેક ઇબ્ને દીનારે જોયું કે હવે એ બીચારી ઘડી તાલની મહેમાન છે, એટલા વખતમા તાજી ખારેક કયાથી મળશે ? એજ વીચારમાં હતા એટલામા આપ જુએ છે કે એક પક્ષી ઉડતું ઉડતુ આવ્યુ અને મે કોઇ વખને નહી જોયલી તેવી ખારેક મ્હારી આગળ મુકીને ઉડી ગયુ ! આ ખારેક લઇ માલેક ઇબ્ને દીનાર હઝરત રાબેઆ (ર ત અ) ની પાસે આવ્યા અને કહુ કે "હયો, જે ખારેકની તમો આરજુ રાખતા હતા તે !" ત્યારે આપે મને પુછયું કે "એ તમો કયાથી લાવ્યા ?" ત્યારે મે તે સઘળો હાલ તેમને કહી સભળાવ્યો ત્યારે આપે જવાબ આપ્યો કે "વલ્લાહો આલમ, તે જાનવર કોના બગીચામાથી લઇ આવ્યુ હશે માટે હું ખાઈશ નહી. હવે તો હું મ્હારા વ્હાલા ખુદાની પાસેજ જઇને ખાઈશ" એટલુ કહી આપે ફરમાવ્યુ કે "હવે મ્હને એક એકાંત મકાનમા મુકી દો હું મ્હારા ખુદા સાથે વાત કર્યા કરીશ" એ સાભળી સઘળા ગમગીન થઈ ગયા અને ચાલતા થઈ ગયા

હીકાયત ૮૫ મી—

બન્ને જહાના સરદાર હઝરત રસુલે કરીમ સલલ્લાહો અલૈહે વ આલી હી વસલ્લમ ખુદ પોતે ખુદાનો ખોફ રાખતા હતા! આપને એમ કરવાની જરૂરજ શી હતી? ખુદા અને ખુદાઈ એ બન્ને તેમનાજ છે. તો પણ એક વખતે હઝરત ફાતેમા (રદી૦) ના ગળામા તલાઈનો ગલેબદ જોયો તો આપે જોતાજ ફરમાવ્યુ કે "બેટા ફાતેમા! શુ લોકો એમ નહિ કહે કે મોહમદ (સલ્લઅમ) ની પુત્રી પણ મગરૂર અમીરો જેવા ઘરેણા પહેરે છે?" એ સાભળતાજ હઝરત ફાતેમા (રદી૦) એ તે દુર કરી નાખ્યો અને તે વેચી એક ગુલામ ખરીદી તેને આઝાદ કરી દીધો અને તેથી હઝરત રસુલ સઅઅમ ઘણાજ ખુશ થયા.

હીકાયત ૮૬ મી—

હઝરત બીબી ફાતેમા (રદી૦) પોતાના ઘરનું દરેક કામ પોતેજ કરતા હતા. અને તેથી આપનાં કપડા કાળાં પડી જતા તથા હાથોમા ગઠ્ઠા પડી ગયા હતા. એ વીગેરે કારણે હઝરત અલી (ક૦) એ એક દીવસે હઝરત સઅઅમની પાસે મદદ લેવા આપને મોકલ્યાં. હ૦ ફાતેમા (રદી૦) હઝરત સઅઅમની હજુરમા આવ્યાં.

આપની પાસે બીજાઓ વાતમા બેઠેલા હતા તેથી આ વખને આપ કઇ કહી શકયા નહિ અને પોતાને ઘરે પાછા ગયાં અને હ૦ અલી (રદી૦) થી કેફીયત કહી સંભળાવી

બીજે દીવસે હુઝુર સલઅમ પોતે એમના ઘરે તશરીફ લઈ ગયા ફરમાવ્યુ "બેટા! તમો કાલે આવ્યા હતા અને કઈ પણ કહ્યા વીના પાછા કેમ આવતા રહ્યા?" ત્યારે હ૦ ફાતમા (રદી૦) એ સવ હકીકતથી આપને વાકેફ કર્યાં એ સાભળી લઈ હઝરત સલઅમે ફરમાવ્યું કે "બેટા! તમોને એક બાદેમા જોઈએ છે પણ તે બાદેમા કરતા હું ઉત્તમ માગ બતાવું છુ કે તમે ૩૩ વખત સુબ્હાનલ્લાહ, ૩૩ વખત અલહમ્દો લીલ્લાહ અને ૪૪ વખત અલ્લાહો અકબર પઢયા કરો."

હીકાયત ૮૭ મી—

હઝરત સલઅમનો રીવાજ હતો કે જ્યારે પણ આપ સફરે પધારતા ત્યારે બીજા સર્વેને મળીને પછી હ૦ ફાતેમા (રદી૦) ને મળતા. પણ સફરથી પાછા આવતા ત્યારે સૌથી પહેલાં હ૦ ફાતેમા (રદી૦) ને

મળતા ! એક વખતે હઝરત સલ્લઅમના સફર હોવા દરમ્યાન હઝરત અલી (ક૦) એ હ૦ બીબી ફાતેમા (રદી) માટે બે ચાંદીની ચુડી તથા એક કીમતી પરદો મોકલ્યો હતો. હઝરત સલ્લઅમના સફરથી પાછા આવવા બાદ હઝરત સલ્લઅમે એ બન્ને ચીજો જોઈ, હઝરત નારાજ થયા અને કંઈ પણ વાતચીત કર્યા વીના પાછા ચાલ્યા ગયા આથી હઝરત ફાતેમા (રદી) બહુ રડવા લાગ્યા અને પોતાનો અપરાધ તપાસવા લાગ્યા તો જણાયુ કે જરૂર આ બન્ને વસ્તુઓએ આપને નારાજ કર્યા છે ! તે પછી હ૦ ફાતેમા (રદી.) એ તે બન્ને બાગડી ઓ હ૦ હસન (રદી) ને અને પરદો હ૦ હુસેન (રદી) ને આપીને હઝરત સલ્લઅમની પાસે મોકલ્યા અને કહેવરાવ્યું કે આ વસ્તુઓ આપની સેવામાં મોકલી છે તેનો ઉપયોગ આપની મરજી માફક કરો." આપે એ બન્ને વસ્તુઓ લઈને, બન્ને સાહેબજાદાઓના કપાળ ઉપર અતી મોહબ્બતથી ચુમ્બન લીધાં અને પોતાનાં ખોળા પર બેસાડયા, પછી પેલી બે બાંગડીઓને ભાંગી નાખી ગરીબોને વ્હેચી દીધી તથા પરદાના કપડાંને ફાડી જેની પાસે કપડા ન હતાં એવાં માણસોને વ્હેંચી દીધું !" આથી એમ ઠરતું નથી કે હઝરત સલ્લઅમ પરદાના કે બાંગડીના વીરોધી હતા પણ આ બાંગડીઓ,

તથા પરદા ઘણુજ દેખાવદાર હતા. અને તેવું મીથ્યા અભીમાન હઝરત સલ્અમને બીલકુલજ પસંદ ન હતું જેથી આપે તેની ઉપર પ્રમાણે વ્યવસ્થા કરી હતી.

હીકાયત ૮૮ મી—

હઝરત રસુલ સલ્અમ ઉપર હઝરત અવેશ કરની (રદી) નો અખુટ પ્યાર હતો તે એટલી બધી હદે હતો કે હઝરત રસુલ સલ્અમને કઈ તકલીફ થતી તો તેમને ઘણુજ દુખ થતુ હતુ ! ઓહદની લડાઇમા આં હઝરત સલ્અમના દાત મુબારક શહીદ થવાની ખબર હ૦ અવેશ (રદી) ને પહોચી તો તેઓ તે સાંભળી બેહદ બેચેન થઈ ગયા ખોફે ખુદા તથા હઝરતની મોહબ્બતમા પોતાનો પણ એક દાંત પાડી નાખ્યો ! પછી વિચાર્યું કે મે જે દાંત તોડી નાખ્યો તેજ જગ્યા નો હઝરત સલ્અમનો દાંત નહિ હોય પણ અહીંનો હશે એમ કરી બીજો પણ તોડી નાખ્યો ! ! પણ એમજ વિચાર આવતાં એક પછી એક આખી બત્રીસી આપે કહાડી નાખી !

હઝરત રસુલ સલ્અમે ફરમાવ્યું છે કે "કયામત ના દીવસે અવેશ કરની એવી શાન શૌકત સાથે જન્નતમાં જશે કે જ્યારે ૭૦ હજાર ફીરસ્તાઓ અવેશનાજ

ચેહરા સાથે મલતા જુલતા હશે અને તેઓની વચમાં અવેશ કરની (રહી) હશે એટલે ખુદા શીવાય અવેશને કોઈ ઓળખી શકશે નહિ"

હીકાયત ૮૯ મી—

હઝરત હસન બસરી (ર. તુ અ.) એ ફરમાવ્યુ કે એક દીવસે હમે એક જુવાન આબેદ સાથે બસરાની ગલીઓ તથા બજારમા ફરતા અચાનક એક તબીબ પાસે જઇ ચઢયા. તબીબ એક ખુરસી ઉપર બેઠા હતા અને દર્દીઓ હાથમાં શીશીઓ લઈને બેઠેલાં હતા, અને એક પછી એક દર્દીઓ પોતાના રોગની પરીક્ષા કરાવતા હતા આ સમયે એક જવાન તે તબીબ પાસે આવ્યો અને કહ્યું "ઓ તબીબ સાહેબ, તમારી પાસે ગુનાહ ધોવાની કાંઈ દવા છે? જે મનોવિકારને નાબુદ કરનારી હોય!" એ સાંભળી હકીમ સાહેબે ફરમાવ્યું કે "હા, એની દવા છે!" ત્યારે તે જવાને કહ્યું કે "તે મને આપો." હકીમ સાહેબે કહ્યુ કે "તે દવા દશ છે અને ત બરાબર અમલમાં લાવશો તો ઇન્શા અલ્લાહ તમારી મુરાદ બર આવશે. તે દવા આ પ્રમાણે છે — "ફક્ર" ના ઝાડના મૂળ સાથે "તવાજો" ના ઝાડનાં મૂળ મેળવી, તેમાં "તોબાહ" ની હરડે નાખી તેને "રજા"

ના ઇમામ દસ્તામાં "સબર" ના પાર વડે ખાંડી, "પરહેજી" હાંડીમાં મુકી તેની ઉપર "હયા" નું પાણી રેડ અને "સોહબત" ના અગ્નીથી ઉકાળ અને પછી શકકરના પ્યાલામાં કાઢી "ઉમેદી" પખા વડે તેને ઠંડુ કર અને પછી "વખાણુ" ના ચમચાથી પી લે!" હરગેઝ તમને "મનોવિકાર" સતાવશે નહિં.

હીકાયત ૯૦ મી--

હ૦ હસન બસરી (ર. તુ અ.) પોતાને એટલા બધા તો હકીર સમજતા હતા કે જેને જોતા તેને પોતાના કરતા બેહતર સમજતા હતા, તે એટલે સુધી કે એક વખતે એક કુતરાને જોઇને આપે કહ્યું કે "યા ખુદા-વદા, આ કુતરાના તુફેલથી મને કબુલ કરી લે!" ત્યારે એક સખશે આપને પુછ્યુ કે "હઝરત, આપ બેહતર છો કે આ કુતરો?" ત્યારે 'આપે ફરમાવ્યુ જે "જો હુ ખુદાના અઝાબથી છુટી જઇશ તો હુંજ બહેતર છું અને જો હું ખુદાના અઝાબમાં ગીરફતાર થઇશ તો કસમ છે, ખુદા પાકની કે મ્હારા જેવા એક સો કરતાં પણ આ કુતરો બેહતર છે!"

હીકાયત ૯૧ મી—

નકલ છે કે એક વખતે હ૦ હસન બસરી (ર અ.) ને કોઈએ પુછ્યુ કે "ફલાણા સખ્શે તમારી ગીબત કીધી છે" એ સાંભળતાંજ, આપે તાજી ખજુરનો એક ભરેલો થાળ લઈને ગીબત કરનાર સખ્શને ભેટ તરીકે મોકલ્યો પેલા શખ્સે તાજુબીથી પુછ્યું કે એ શું છે? તો આપે કહેવરાવ્યુ કે "મેં સાંભળ્યું છે કે તમે તમારી નેકીઓ મ્હારા હીસાબમા જમે કરાવી છે, જેથી તેનો બદલો વાળી આપવા આ ખજુરનો થાળ મોકલ્યો છે. જો કે તે કામના બદલામાં આ ઇનામ કાંઇ પણ બીસાદમાં નથી છતાં મને માફ ફરમાવીને તે કબુલ કરવા મેહેરબાની કરશો"

હીકાયત ૯ર મી—

નકલ છે કે હ૦ ખ્વાજા હસન બસરી (રહે)ને કોઇ વખતે કોઇએ પણ હસતા જોયા નહિ ! પણ વફાત વખતે આપ જરા હસ્યા અને કહ્યુ "કયો ગુનાહ? કઈ તકશીર?" એટલુ કહી, આપ આ દારે ફાનીથી રેહલત ફરમાવી ગયા! તે પછી એક બુઝરગ શખ્સે આપને ખ્વાબમા પુછ્યું કે "જીદગી ભર આપ કદી હંસ્યા નહિ, અને વફાત વખતેજ આપ હસી પડયા,

એનું શું કારણ?" તો આપે ફરમાવ્યું કે "તે વખતે મેં એક અવાજ સાંભળ્યો કે, અય મલેકુલ મૌત, સખ્તી કર કે હજી એનો એક ગુનોહ બાકી છે! મને તેથી ખુશી પેદા થઈ અને મેં પુછયુ કે "કયા ગુનાહથી?" અને રૂહ કબજ થઇ. તેજ રાત્રે એક બીજા શખ્સને ખ્વાબમાં આશમાનથી મુનાદી સભળાઈ કે "હસન ખુદાની પાસે પહોંચ્યા છે અને ખુદા તેમનાથી રાજી છે!"

હીકાયત ૯૩ મી—

નકલ છે કે એક વખતે હઝરત ખ્વાજા હસન બસરી (રહે) કોઈ એક જનાઝાની નમાઝ માટે ગયા. જ્યારે લોકોએ મૈયતને દફનાવી કબર દુરૂસ્ત કરી દીધી ત્યારે આપ તે કબર આગળ બેસી એટલા તો રડયા કે મટ્ટી પીગળીને કીચડ બની ગઈ! આથી કેટલાકે આપને અરજ કરી કે "હઝરત, એ શુ માજરો છે?" તો આપે ફરમાવ્યું કે "સાહેબો, અવ્વલ અને આખર કબર છે, દુનીયાની ખલાસી બાદ કબર છે! ત્યારે આ દુનીયા નાપાયદાર ઉપર હુ શું ફખર કરી શકુ? આ કબર છે અને હું ખૌફ ખુદાનો કેમ ન કરૂ? આ ઈબ્રતનાક રૂદન સાભળી, મૈયત દફનાવવા આવેલાઓ એટલા તો રડયા કે બેહોશ થઇ ગયા અને થયલી અસરથી તેઓ ખુદાનો ખૌફ કરવા લાગ્યા

હીકાયત ૯૪મી—

એક સખ્શ હઝરત ખ્વાજા બહાઉદ્દીન (ક સી.) ની સેવામા હાઝીર થયો અને અરઝ કરી કે, હુ હુઝુરનો મુરીદ થવા ચાહું છુ. હઝરત ખ્વાજા (ર અ.) એ ફરમાવ્યું કે, "મુરીદ થવુ એ તારૂં કામ નથી. તું મુરીદ થઈ શકતો નથી." તેણે ફરીથી અરઝ કરી કે ખચી-તજ મારી એજ ખાહેશ છે કે હુ આપનો તાબેદાર ગુલામ થઇ જાઉ" હઝરતે તેને હુકમ આપ્યો કે, "ઠીક શહેરના ફલાણા દરવાજા પર જાઓ અને જ્યારે બપોરનો વખત થશે તો એક સખ્શ જગલ તરફથી આવનો દેખાશે અને તેના માથા ઉપર લાકડાનો ભારો હશે તે હજારો સખ્તાઇ અને મુસીબતો સાથે આવશે અને ભૂખ તથા પીયાસને લીધે મરવાની અણી ઉપર હશે જ્યારે તમે તેને જુઓ તો તેની પાસે જજો અને તેના દાંતોપર એવો એક મુક્કો લગાવજો કે તે તુટી પડે આ કામ કરવા પછી તમે જ્યારે મ્હારી પાસે આવશો તો હુ તમને મ્હારો મુરીદ બનાવીશ"

હઝરતના ફરમાન મુજબ તે સખ્શ રૂખશત થઇ જે દરવાજા તરફ હઝરતે ફરમાવ્યું હતુ, ત્યા આવીને ઉભો રહો. જયારે બપોરનો વખત થયો તો જગલ તરફથી

તેજ સખ્શ જેના સબંધમા હઝરતે ખબર કરી હતી તે જાહેર થયો તેને જોવાથી માલુમ પડયુ કે તે પરસેવાથી ભીજાયલો હતો. અને ભૂખ તથા તરસની ભારે સખ્તીમાં મહા મુશીબતે પગલાં ભરી શકતો હતો. મજકુર સખ્શ તેની પાશે ગયો અને એક એવો મુકકો તેના દાતો ઉપર માર્યો કે તેના થોડા દાત તુટી ગયા અને તે બેભાન થઈ પડી ગયો હવે આ શખ્સ વિચારમા પડયો કે રખેને કોઈ સીપાઇ મને જોઈ લે અને બદીખાનામા પુરી દે તો હું ત્યાંજ મરી જઈશ. માટે અહીથી નહાસવુ જોઈએ, એવી વાતો મનમાં લાવીને ત્યાથી ચાલતો થયો

જ્યારે તે લાકડા ફાડનાર શુધ્ધિમા આવ્યો તો તે સખ્શની પુઠે દોડયો અને તેની પાસે જઇ તેના પગ પર પડી ગયો અને તેના હાથને ચુબન કર્યું. ઘણીજ આજેઝી અને નમનતાઇ વાપરી અને ઉઝરખ્વાહી કરવા લાગ્યો કે હે સખ્શ ! અલ્લાહને વાસ્તે મુજ ફકીરના ગુનાહો માફ કર કેમકે તમને ઘણીજ તકલીફ ઉઠાવવી પડી છે આ શખ્સે જ્યારે એવી આઝેઝી જોઈ તો ઘણોજ શરમીન્દો ને હેરાન થયો અને પોતાના દિલમાં કહેવા લાગ્યો સુબહાનેઅલ્લાહ મે એની સાથે કેવો સલુક વાપર્યો અને એ મ્હારેથી કેવો રવૈયો ધારણ કરે છે.'

જ્યારે તે તેનાથી છુટો પડયો અને હઝરત ખ્વાજા બહાઉદ્દીન (ક. સી.) ની ખીદમતમાં હાજર થઈ અરજ કરી કે, "હઝરત, જે કંઈ આપનો હુકમ હતો તે હું બજાવી લાવ્યો છું. હવે આ બંદાને આપનો મુરીદ બનાવો" હઝરતે ફરમાવ્યું જે "તમે જે લાકડાવાલાને જોયો હતો તે અમારો મુરીદ છે. અગર તુ પણ એજ પ્રકારની સહનશિલતા ધરાવી શકતો હોય તો ભલે અમારો મુરીદ બન. નહિ તો પોતાનો રસ્તો પકડ." તેણે જવાબ આપ્યો કે "હુઝુર મારામાં આ તાકાત નથી.

હીકાયત ૯૫મી—

હઝરત ઈબ્રાહીમ અદહમ (ર. અ.) ફરમાવે છે કે હું દુનીયામાં અમુક વખતેજ ખુશી થયો (૧) વખત હુ હોડીમાં બેઠો હતો ખલાસીઓએ મને ઓળખ્યો નહીં. મારાં કપડા અને ઝુબ્બો ફાટેલો હતો. મારા બાલ વધેલા હતા. મારી આ હાલતને હોડીવાલાએ ધીક્કારને પાત્ર સમજતા હતા તેઓ મારી આ હાલત પર હસતા હતા. અને અફસોસ કરતા હતા. હું હોડીમાં તેઓનો મશખરો બનેલો હતો. વારાફરતી હરેક સખ્શ તેઓમાથી મારી પાસે આવતો અને મારા માથાના બાલ પકડીને ઉખાડતો હતો હું આ અપમાન

મળવાથી હમેશા હસ્તોજ હતો. એકાએક મોજાંઓ ઉઠવા લાગ્યા અને મરવાની બીક જાહેર થવા લાગી ખલાસીઓએ કહ્યું કે હોડીનો ભાર ઓછો કરવો જોઇએ. તેઓમાથી એકે સૂચના કરી કે આ દુરવેશને દરીયામા ફેંકી દો. જેથી હોડી હલકી થઈ જાય. તેઓ-માંથી એકે આવીને મારા કાન પકડયા. એટલે મોજાઓ ઠરી ગયા અને હોડી શાન્ત થઈ જ્યારે તેઓએ મને પાણીમાં ઢકેલવા માટે મારા કાન પકડયા તો મે મારા આત્માને ખામુરાદ જોયો અને ખુશ થયો

(૨) એક વખતે હુ મસ્જીદમા સુઈ જવાના ઇરાદાથી ગયો ત્યાંના લોકોએ મને પકડયો અને કાઢી મુકતા હતા. મસ્જીદની ત્રણ સીઢીઓ હતી. જે સીઢી ઉપર મારૂં માથું અફળાતુ અને માર લાગતો તેમં લોહી નીકળતું ત્યારેજ હુ મારા સફળ આત્મા (નફસે ખામુરાદ) તરફ જોતો અને ખુશ થતો. જ્યારે તેઓએ મને ત્રણે સીઢીઓથી નીચે ફેંકી દીધો તો દરેક પગથીયાં પર દુનીયાના છુપા ભેદો મારી ઉપર જાહેર થતા ગયા. મેં મારા દીલમાં કહ્યુ કે કેવું સારૂ થાત અગર મસ્જીદની સીઢીઓ વધારે હોત, તો આ દોલત મેળવવાનું મને વધારે માન મળત.

(૩) પછી એક વખત એવો બનાવ બન્યો કે હુ એક જગા ઉપર બેઠો હતો ત્યારે એક મશખરાએ મારી ઉપર પીશાબ કરી દીધો. ત્યા પણ મેં મારૂ આત્માને સફળ જોયો, અને ખુશ થયો એકાએક મને તે મગરૂરીના લીબાસની યાદ આવી ગઇ કે જે હું ઘરમા પહેરતો હતો. મારો આત્મા ફરીયાદ કરવા લાગ્યો. અહીં પણ મે આત્માને સફળ જોયો અને ખુશ થયો.

હીકાયત ૯૯ મી—

અલ્લાહની દરગાહના તે મતવાલા, ખુદાની બલાને બોજો ઉઠાવવાવાળા હઝરત ગઉસુસ સકલેન (કુ. સી) પહેલી સફરમા સફળતા મેળવી શકયા નહિ. અને કોઇને પણ તેઓના શરીફ હાલની ખબર હતી નહિં. એક દીવસે મસ્જીદની છત ઉપર મોહબ્બતના જુસ્સામાં બેશુધ્ધ હતા જયારે રાત ખતમ થઇ ગઇ, બાંગી આવ્યો અને બારણું ઉઘાડયુ તે વખતે એક માણસે મસ્જીદનુ આગણુ નાપાક કરી દીધું હતું અને નહાસ-વાની તકજ શોધતો હતો. તક મલતાજ તે ત્યાથી ન્હાસ્યો જયારે બાંગીના નાકમા ખરાબ વાસ આવી તો તેણે વિચાર કર્યો કે કદાચ કોઇ મસ્જીદમા સુતેલો

પડેલો હશે જ્યારે મસ્જીદની ઉપર ચઢયો તો ત્યાં ચઢીને જોયુ કે હુઝુર ગઉસુલ (ક૦) સકલૈન મુકાશીફાના દરીયામા ગરક છે. પણ બેખબર બાગીને આ વાતની ખબર હતી નહીં કે તે હઝરત કોણ છે? તે તેઓ ઉપર બદગુમાન થયો અને હુઝુરનો મુબારક પગ પકડીને ગુસ્સાથી ખેંચતો ખેચતો સીઢી તરફ લઇ ગયો, જ્યારે પહેલી સીઢી પર પહોચ્યા તો ઝખ્મી થયા. પણ હુઝુર ચુપ રહ્યા બલ્કે ખુશ થયા અલ્લાહુતઆલાની મહેરબાની થઇ અને આ અવાજ આવ્યો "મીરાં મોહૈયુદ્દીન અબદુલ કાદીર જીલાની" જ્યારે બીજી સીઢી ઉપર હુઝુરનુ પાક માથુ અથડાયું છતાં ખામોશ રહ્યા તે વખતે ફરીશ્તાનો અવાઝ આવ્યો "મખદુમ મોહીયુદ્દીન અબદુલ કાદીર જીલાની" જ્યારે ત્રીજી સીઢી પર અથડાતાં અથડાતા પહોચ્યા તો પણ ખામોશજ રહ્યા ત્યારે ફરીશ્તાનો અવાઝ આવ્યો કે "મઉલાના મોહીયુદ્દીન અબદુલ કાદીર જીલાની." ચોથી સીઢી પર પણ કાંઇ ફરીયાદ કરી નહીં. ત્યારે અવાઝ સભળાયો કે "સુલતાન મોહીયુદ્દીન અબદુલ કાદીર જીલાની" પાંચમી સીઢી પર એવો અવાજ સંભળાયો કે "શાહ મોહીયુદ્દીન અબદુલ કાદીર જીલાની." છઠ્ઠી સીઢી પર અવાઝ સભળાયો કે "સૈયદ મોહીયુદ્દીન અબદુલ કાદીર

જીલાની." સાતમી પર "કુતુબ મોહીયુદ્દીન અબ્દુલ કાદીર જીલાની." નો ખીતાબ મળ્યો. આઠમી સીઢી પર "મોહીયુદ્દીન અબ્દુલ કાદીર જીલાની" નો ખીતાબ મળ્યો નવમી સીઢી ઉપર "દરવેશ મોહીયુદ્દીન અબ-દુલ કાદીર જીલાની" થયા અને દશમી સીઢી ઉપર "ગૌસ મોહીયુદ્દીન અબ્દુલ કાદીર જીલાની" નો આપને ખીતાબ મળ્યો.

સીઢીથી નીચે લાવીને બાગીએ પેલી નાપાકી હુઝુરના દામનમાં નાખી દીધી અને આપને મસ્જીદમાંથી બહાર કાઢી મુકયા.

જ્યારે હઝરત ગઉસુલ સકલૈને (ક૦) પોતા તરફ નઝર કરી તો કોઈ પરદો બાકી રહ્યો હતો નહીં. તે વખતે હુઝુરે ખુદાના શુક્રાના અદા કર્યા અને આપ દરીયા તરફ ચાલ્યા. ત્યા જઈ કપડાઓ પાક કર્યા અને ધોયાં. અને પાછા આપ તેજ મસ્જીદમા આવ્યા. અને બાગીની સામે ઉઝર ખ્વાહી કરી તેને દુઆ આપી અને તેનો ઉપકાર માન્યો. કહ્યું કે અગર તમે મદદ નહી કરતે તો સઈયદ મોહીયુદ્દીન આ મરતબા પર પહોચતે નહીં.

હીકાયત ૯૭ મી—

હીકાયત છે કે એક દીવસે ઉલમાઓના પેશવા સરદાર હઝરત ઈમામે આઝમ (ર દી.) રસ્તા પરથી પસાર થતા હતા, તે વખતે એક શખ્સે કાંઈ પણ કારણ વગર છાણનો ભરેલો ટોપલો આપના માથા પર ઉંધો વાળ્યો. આપે બરદાસ્તથી કામ લીધું અને ફરમાવ્યુ કે અય શખ્સ, તે જે કામ કર્યું છે તેનો બદલો લેવાની હુ પણ તાકાત ધરાવુ છું. હુ તુને હલાલ પણ કરી શકું છું. પણ હું તેમ કરવા માગતો નથી. વળી એમ પણ કરી શકુ છુ કે તમને હાકીમ પાસે લઇ જાઉ અને તે તુને વાજબી સજા કરે. પણ હું તેમ પણ કરવા માગતો નથી અને વળી એમ થઇ શકે છે કે અલ્લાહથી ઈન્સાફ માગુ જેથી તું હલાક થઈ જાય પણ હુ તેમ પણ કરીશ નહીં. જ્યારે તે આ કામ કર્યું તો દોજખને લાયક થઈ ગયો અને મને સબુરીથી જન્નત મળી પણ કયામતમાં અલ્લાહપાક તુને આ ગુનાહના સબબથી દોજખનો હુકમ આપશે અને મને બહેસ્તમાં જવાનો. માટે તેજ ખુદાના કસમ છે કે જેણે મને અને તુને પયદા કર્યા છે, હુ બહેસ્ત તરફ પગ પણ ઉઠાવવાનો નથી જ્યાં સુધી તુને પણ પોતાની સાથેજ લઈ જાઉ નહીં. મુનાસીબ નથી કે તુને દોજખમા છોડી જાઉં.

હીકાયત ૯૮ મી—

હઝરત હાતમ અસમ (ર અ.) જેઓ કે હઝરત શકીક બલખી (ર અ.) ના શાગીર્દ અને મુરીદ હતા એક દીવસે તેઓથી હઝરત શકીકે (ર. અ.) પુછ્યું કે અય હાતમ, તુ કેટલી મુદતથી મારી પાસે છે? તેઓએ જવાબ આપ્યો કે ૩૩ વર્સથી ત્યારે આપે સવાલ કર્યો કે એટલી મુદતમાં તમે શું મેળવ્યુ? હાતમે (ર. અ.) જવાબ આપ્યો કે આઠ ફાયદા. અને એથી વધારે મે કાંઇ મેળવ્યું નથી. હઝરત શકીકે (ર. અ.) ફરમાવ્યુ "ઇન્ના લીલ્લાહે વઇન્ના ઇલયહે રાજેઉન" હે હાતમ! તમે તમામ જીંદગી મારી સાથે ગુજારી; પરંતુ તમને આઠ વાતોથી વધારે કંઈ મળ્યુ નહી હાતમે (ર. અ.) કહ્યુ કે અગર ખરૂં પુછો તો એજ વાત છે અને એથી વધારે હુ મેળવવા માગતોએ નથી. કેમકે હું મારો છુટકારો અને મુક્તિ એજ આઠ વાતોમાં સમજું છું. ત્યારે હઝરત શકીક બલખી (ર. અ) એ ફરમાવ્યું કે ભલા મારી પાસે આવીને કહો તો ખરા કે તે આઠ ફાયદાઓ કયા છે? ત્યારે હાતમ (ર અ) એ કહ્યુ કે:—

પહેલો ફાયદો--

એ કે મે માણુસોને જોયા કે દરેકે એક પ્રીયા અને માશુકને પસંદ કર્યા છે કેટલાક એઓમાથી કબર સુધી, ત્યારે કેટલાક મુફલીશીની હાલત સુધી સાથે રહે છે તે પછી છુટા પડી જાય છે કોઈપણ કોઇની કબરની અંદર જતુ નથી અને ત્યા કોઈ મદદ કરતુ નથી ત્યારે મે વિચાર કર્યો કે કોઇ એવા માશુકની શોધ કરવી જોઇએ કે જે કબ્રમા મારો મિત્ર અને હમદર્દ બને અને કબરના અઝાબ વખતે સ્નેહી અને મદદગાર થાય વિચાર કરતા જણાયુ કે તે નેક કામ છે જેથી પહેલા મે તેજ ધારણુ કર્યું અને તેને પોતાનો સ્નેહી તથા માશુક બનાવ્યો કે તે કબરમા મારો દોસ્ત અને મદદગાર બને આથી હઝરત શકીક (ર અ) એ ફરમાવ્યુ કે આફ્રિન છે, અય હાતમ (ર અ) તમે ઘણુજ સારૂ કર્યું

બીજો ફાયદો—

હાતમ (ર અ) કહ્યુ કે બીજો ફાયદો એ છે કે મે દુનીયાદારોને જોયા કે ઘણાઓ પોતાના નફસના તાબેદાર અને લાલચ તથા હવસના બંદાઓ છે એટલે દુનીયાઈ લઝઝતોના ઇચ્છનારાઓ છે તથા આઈયાશીમાં ગીરફતાર છે. ત્યારે મે આ બાબત સંબધી વિચાર

ચલાવ્યો –(બ દો અલ્લાહ પાકથી બીધો અને નફસાની ખાહેશને કાબુમા રાખી શકયો તો બેશક બહેશ્ત તેના આરામનું ઘર છે.) ત્યારે મારી ખાત્રી થઇ કે કુરાને પાક હક (સત્ય) છે માટે મે મારા તુફાની આત્મા વિરૂદ્ધ પ્રયત્ન કરવાની કોશીશ પર કમર બાંધી અને તેની એક પણ ઇચ્છાં પુરી થવા દીધી નહી. અહી સુધી કે હુ અલ્લાહ પાકની બદગી પર રાજી થઇ ગયો શકીક (ર અ.) એ ફરમાવ્યુ કે અલ્લાહ તુને બરકત દે આપે ઘણુંજ સારૂ કર્યું.

ત્રીજો ફાયદો—

હાતમ (ર. અ) એ કહ્યુ કે તમામ લોકો ઘણી મહેનત અને દુખ વેઠવા પછી દુન્યાના માલ દોલત-માથી થોડુ પેદા કરે છે અને તેથી ખુશ તથા રાજી રહે છે અને (મગરૂરી સાથે) કહે છે કે અમે પૈસા-વાલા છીયે. એટલે મેં આ આયત પર વિચાર કર્યો:– અલ્લાહ ફરમાવે છે કે, (જે તમારી પાસે છે તે ખરચ છે. અને અલ્લાહની પાસે છે તે બાકી અને જમા છે) ત્યારે મે એટલા વરસોની કમાણી જે મહેનતથી એકઠી કરી હતી, તે અલ્લાહના રસ્તામાં ખર્ચી નાખી અને ફકીરોને આપી દીધી. જેથી તે ખુદાની પાસે જમા રહે અને આખેરતનુ સાધન બને. શકીક (ર અ. એ) ફરમાવ્યું કે·– ઘણું સારૂં કર્યું.

ચોથો ફાયદો—

હઝરત હાતમે (ર. અ) કહ્યુ કે હુ દુનીયા-વાલાઓને જોઉ છું કે કેટલાકો એમ સમજે છે કે ઇનશાનનો મરતબો અને માન કુટુંબ અને કબીલાને સબબે છે અને તેનીજ ઉપર તેઓ મગરૂર રહે છે. ત્યારે બીજી કોમ સમજે છે કે ઇનશાનનું માન દોલત અને ઓલાદના વધારાને લીધે છે. અને તેઓની મગરૂરી એજ માટે છે. ત્યારે કોઈ શખ્શ એવો ગુમાન કરે છે કે માણુસનું માન ગુસ્સો, ખાવા-ઉડાવવામાં અને માર-વામા છે અને તેઓ એજ વાતને માન સમજે છે. પણ કલામે મજીદમા માન પરહેજગાર માટે જોવામાં આવે છે (જે તમારામા વધારે પરહેજગાર છે, તેજ ખુદાની નજરમા વધારે બુઝુર્ગ છે) ત્યારે મેં જાણ્યું કે કુરઆન પાક બરહક છે અને આ લોકો જે સમજ્યા તે ખોટું છે માટે મે પરહેજગારી ધારણ કરી કે અલ્લાહ પાકની સામે મોટા લોકોમાં ગણત્રી થાય હ૦ શકીક (ર અ.) એ કહ્યુ કે ઘણુ સારૂં કર્યું.

પાંચમો ફાયદો—

દુનીયાના લોકો એક બીજાની નીંદા કરે છે અને એનું મુળ કારણુ એ છે કે એક બીજાની અદેખાઈ કરે છે, ઇલ્મ અને મરતબાના સબબથી એનો ચુકાદો પણ

કલામે મજીદમા એવી રીતે આપે છે કે (મે લોકોની જીદગીની રોજી તેઓ વચ્ચે વહેચી આપી) ત્યારે મે સમજ્યો કે આ વહેચણી તો પહેલાંથીજ થઈ ગયેલી છે અને કોઈની એમા સત્તા નથી માટે મે કોઈની અદેખાઈ કરી નથી અને અલ્લાહે જે તકદીરમા લખ્યુ તે માટે રાજી થઈ ગયો અને દુન્યાના લોકોથી મેળાપ કર્યો શકીક (ર અ) એ ફરમાવ્યુ કે "ઠીક છે."

છઠ્ઠો ફાયદો—

તે એ છે કે દુન્યાદારો એક બીજાને પોતાનો દુશ્મન ગણે છે પછી તે કોઇ કારણથી હોય કે ગરજને લીધે આ મામલા સબધી પણ કુરઆન શરીફમા એવો હુકમ આપવામા આવ્યો છે કે -(શયતન બેશક ખુલ્લો દુશ્મન છે માટે તેનેજ તમારો દુશ્મન સમજજો) માટે અલ્લાહના હુકમ મુજબ મે શયતાન અને તેના તાબેદારો સીવાય કોઇને દુશ્મન સમજ્યોજ નહિ. અને એજ અલ્લાહની પરસતીશ અને ઈબાદત છે. એજ માર્ગ મે સીધો સમજ્યો વળી અલ્લાહ ફરમાવે છે કે, (હે આદમના બેટાઓ! શુ તમે કોલ અને કરાર નથી કર્યો કે શયતાનનુ કહ્યુ માનીશુ નહિ ? કેમકે તે તમારો ખુલ્લે ખુલ્લો દુશ્મન છે અને મારી ઈબાદત કરો એજ સીધો રસ્તો ધારેલા મુકામ પર પહોંચવા માટેનો છે) શકીકે (ર. અ.) એ ફરમાવ્યું કે "શાબાશ તમે ઘણુ સારૂ કર્યુ."

સાતમો ફાયદો—

તે એ છે કે હરેક સખ્શ રોજી મેળવવા માટે ઘણી કોશીશ કરે છે એજ માટે હરામ અને શકાઓમા સપડાઈ જાય છે અને પોતાને રૂશવા અને ખુવાર કરે છે મે આ આયત જોઇ જેના માયના એ છે કે – (જમીન પર ચાલવાવાલો કોઇ કીડા અને પ્રાણી એવુ નથી કે અલ્લાહ પાક તેની રોજી માટે જોખમદાર નહિ હોય) ત્યારે મે જાણ્યુ કે હુ પણ એક પ્રાણી છુ ત્યારે મે ખુદાનુંજ ધ્યાન કર્યું. અને રોજીની ફીકર તજી દીધી કેમકે અલ્લાહ પાક રોજીની ખુદ જામીનગીરી આપે છે. કોઈ રીતે પણ તે પહોચાડશે ખરો. " હ૦ શકીક (ર અ.) એ ફરમાવ્યું કે "સુબહાન અલ્લાહ, ઘણુજ બહેતર કર્યું "

આઠમો ફાયદો—

હરેક સખ્શને ભરોસો કોઈ બીજા માણસ અથવા ચીજની ઉપર હોય છે અથવા તો તે માલ યા દેશ યા તો કોઈ ધધા અથવા હુન્નર પર આધાર રાખે છે. ત્યારે એ લોકોનો ભરોસો દુનીયની ચીજો પર છે. મેં આયત શરીફ ઉપર વિચાર ચલાવી અલ્લાહની ઉપર ભરોસો કર્યો. અલ્લાહ ફરમાવે છે કે— (જે ખુદાપર ભરોસો કરે છે તેજ ખુદા તેને માટે બસ છે. અને

ખુબ કામ કરનારો છે) હ. શકીક (ર. અ) એ ફર-માવ્યુ કે "હાતમ, તમે ઘણુ સારૂ કર્યું, અલ્લાહ પાક તમને સારી તવફીક અતા ફરમાવે હાતમ, મે તૌરૈત, ઝબુર, ઇન્જીલ અને કુરઆન શરીફમાં જોયું તો એ ચારે કીતાબોમા એજ આઠ ફાયદાઓ પર દલીલો આપવામાં આવી છે. જેણે આ આઠ ફાયદાઓ પ્રમાણે કામ કર્યું તેણે ગોયા ચારે કીતાબોના હુકમ પ્રમાણે કામ કર્યું." [1]

હીકાયત ૯૯મી—

હઝરત સૈયદના ઈબ્ને ઉમર (ર અ)નો એક દુશ્મન જે હમેશા આપને રસ્તે ઘાટે સતાવતો હતો. અહી સુધી કે આપને ગુસ્સો પેદા કરાવવા ખાતર અબદુલ્લા બીન અમીરને મીરાઈ તથા મુનાફીક-દુશ્મન-પણ કહેતો હતો એ સઘળાને આપ અપમાન બીલકુલ ન માનતાં શાન્ત રીતે સાભળી ચાલ્યા જતા હતા એક દીવસ આપ નમાઝમા મશગુલ હતા. તેનો લાભ લઈ દુશ્મનોએ આપના માથા ઉપર ધગધગતુ ગરમ પાણી

ઉપલી ૯૪થી ૯૮ સુધીની હીકાયાતો મૌલાના સુરી સૈયદ મોહમ્મદ આબેદમીયા બીન હબીબુલ્લાહ ઉર્ફે બડામીયા સાહેબ ઉસ્માની નકશબન્દી ડાભેલી એમણે બનાવેલી "શરાબે તહુર" નામની કીતાબ ઉપરથી લેવામા આવી છે કર્તા.

રેડી દીધુ. આથી આપના માથા તથા ચેહરા મુબારકની ચામડી નીકળી પડી પણ આપને નીમાઝમાં તે બીલકુલ જણાયું નહીં આપે જયારે સલામ ફેરવ્યો ત્યારે જણાયું તો ફરમાવ્યુ કે "મને આ તકલીફ કોણે અને શા માટે પહોચવી ?" ત્યારે બીજા લોકોએ સર્વ હાલત નું વર્ણન કર્યુ. આપે જવાબમા ફરમાવ્યુ કે "હસબુનલ્લાહે વનેઅમલ વકીલ" તે પછી આપ કેટલી લાંબી મુદત સુધી પેલા દુઃખ દેનાર માટે ઉફ વટીક કરી નહી !

હીકાયત ૧૦૦ મી—

હઝરત ઈમામ અબુ હનીફા (રહે.)ની લોકોએ એટલી બધી હલકાઈ કીધી કે જે કારણે આપ ૨૫ વરસ સુધી દુશ્મનોના ડરથી જુમાઅ અને જમાઅતમા હાજરી આપી શકયા નહિ હઝરત ઈમામ શાફી (રહે.)ની પણ લોકોએ એવીજ ગત કરી જ્યારે હઝરત ઈમામ અહમદ બીન હમ્બલ (રહે.) ને દુશ્મનોએ એવી રીતનો રંજ પહોંચાડયો કે લાબી મુદત સુધી આપને કેદ રહેવુ પડયુ. અને હઝરત ઈમામ બુખારી (રહે) ને લોકોએ શહેર બહાર કાઢી મુકવાની ઈજા પહોંચવી હતી. હઝરત અબુ યઝીદ બુસ્તામીને સત્તર વખત

મુસ્તામથી કાઢો મુકયા હતા. હઝરત ઝીન નુરેન મીસરીને લોકોએ હાથ પગ બાંધીને મીસરની ગલીઓમા ફેરવ્યા અને ઝીન્દીક ઝીન્દીક કહીને લોકોના ટોળા આપની પુઠે ચાલતા હતાં. હઝરત શહેલ બીન તસ્તરીને લોકોએ તેમના શહેરથી બસરામા કાઢી મુકયા અને કાફરનો કલંક લગાડયો હઝરત મોહમદ બીનુલ ફઝલ બલ્ખીને પણ શહેર બલખથી લોકોએ આરોપ મુકી કાઢી મુકયા. હઝરત અબુ ઉસ્માન મગરેબીને લોકોએ શહેર મક્કા શરીફથી ફટકાઓ મારીને બગદાદ શરીફ તરફ કાઢો મુકયા હતા હઝરત અબુ મદયનને પણ લોકોએ બદનામ કરીને 'શહેર તલસમાન 'તરફ કાઢી મુકયા હતા. હઝરત અબુલ હસન સાઝલીને લોકોએ મુલ્ક મગરેબથી શહેર મીસરમા બદનામી આપી કાઢયા હતા એ સર્વ છતા, લોકોના ઉપર કહેરે ઈલાહી નામીલ ન થઇ જાય એ બીકથી તેઓએ પોતાના ઉપરની મુશીબતોને સહન કરી ઉફતકની અવાજ કાઢી ન હતી

(જુઓ તારીખે જલાલુદ્દીન શીવતી ઈબ્ને અરબી)[1]

સમાપ્ત.

---

૧ એ ઉપરાંત હઝરત શેખ નશીમી તથા હઝરત ઇમામ અબુબકર નાબીલસીની લોકોએ અદેખાઇની આગથી બળીને ખાલ ખેંચાવી હતી તે વીગેરે જાણવા લાયક હકીકતો વાચક ઉપલી કીતાબમાંથી મળી શકશે. કર્તા

ચિશ્તીયા બુક ડેપોની મહઝબી કીતાબો.

શહીહ બુખારી— (ભાગ ૧ લો કીમત રૂ૦ ૧–૦–૦) આ કીતાબની તારીફ માટે નવીન શબ્દોજ મળતા નથી કેમકે એ કીતાબ કલામે ઇલાહીથી બીજો દરજ્જો રાખે છે ૨૩૬ હદીસોનો આ કીતાબમા સમાવેશ કર્યો છે.

મસાઈલે ઈસલામ—(કી રૂ૦ ૧–૮–૦ પોસ્ટેજ જુદુ) આ કીતાબથી બેખબર રહેનારાઓથી ઇસ્લામી હોવાનો દાવોજ કરી શકાતો નથી કેમ કે —

નહિ ઇનકો કુચ્છ અપની મકેન-સ લેહના,
બનાને હય નહિ વોહ ઘર જીસમે હય રેહેના

કેમકે ઇસલામના મસઅલાઓ જાણવાની દરેક મુસલમાન ઉપર ફરજે એન છે આ જરૂરી મઝહબી કીતાબની પહેલી આવૃતી હાથો હાથ ખપી જવાથી, ભારે માગણીના સબબે આ બીજી આવૃતી ઘણાક સુધારા અને બીજા બે નવા પ્રકરણોના જાણવા જોગ મસલાઓના વધારા સહીત પ્રગટ કરવાની ફરજ પડી છે એકંદર ૧૩ પ્રકરણોવાળી લગભગ ૨૫૦ પાનાની આ કીમતી મઝહબી કીતાબની કીમત રૂ૦ ૨–૮–૦ કાંઇ વીશેષ નથી.

નીરાશ થશો નહી.

માથાનો દુખાવો, કમરનો દુખાવો, હાથ પગની કળતર, સુળ, લચક, સાધાનુ જકડાઈ જવું, સધીવા, ખાંશી કફ, ઠંડી કે શરીરના કોઈપણ ભાગના દુઃખાવાથી પીડાઈ નીરાશ થયેલાઓ માટે છેલ્લામા છેલ્લી શોધ મુજબ બનાવેલો —

જેન્ટલમેન, રૂમેટીક બામ. (રજીસ્ટર્ડ)

તમારો જાહેર ખબરોપરથી ઈતબાર ઉઠી ગયો હોય તો પણ એક વધુ અજમાયેસ દાખલ એક શીશી જેન્ટલમેન, રૂમેટીક બામની વાપરી ખાત્રી કરશો. અને જ્યા સુધી તમો આ બામથી અજાણ છો ત્યા સુધીજ આ ભલામણ અમો કરીએ છીયે અને પછી તો તમો પોતેજ કહેશો કે તે બામોમાં એકજ છે. અને તે હમેશની તમારી ઘરગતુ દવા થઈ પડશે, કીમત શીશી એકનો રૂ૦ ૦॥

વગર ઈજાએ વાળ કાઢવા માટે ઉત્તમ
(રજીસ્ટર્ડ) જેન્ટલમેન, પાઉડર.

ફક્ત ત્રણ મીનીટમાં સફાઈથી વાળ કાઢી નાંખે છે. વરસો થયા હજારો માણસોએ વાપરી સતોશ મેળવ્યો છે.

કીમત શીશી એકનો રૂ૦ ૦।

નવસારીવાલાનો શરાબે તહુર. રજીસ્ટર્ડ નંબર ૨૫૩

(૧)

શરાબે તહુરના ચમત્કારિક ફાયદાઓથી પબ્લિક સારી રીતે જાણકાર થઈ ચુકી છે. અમે હિમ્મતની સાથે કહીએ છીએ કે આવી પૌષ્ટિક અને શક્તિ આપનારી દવા ભાગ્યેજ બની હશે ! આ દવાનો ઉપયોગ જેણે જેણે કર્યો છે તેમને ચમત્કારિક ફાયદો થયો છે. જેથી તેમના વારંવારના ઓરડરો અગારાપર આવતાજ જાય છે જેમને ભરોસો ન હોય, તેઓ માત્ર એકજ વખત વાપરી એની પરિક્ષા કરી શકે છે આ દવા ગુપ્ત સ્નાયુઓને વિજળીના વેગે ફાયદો કરે છે અને પુરૂષાતનને ઉભારે છે, શરિરની તાકાતને કાયમ રાખે છે, લોહિ સુધારે છે, દારૂની માઠી ટેવને એકજ અઠવાડીઆમાં દુર કરે છે, શરિરની સુસ્તીનો નાશ કરી શરિર પ્રફુલિત રાખે છે, સોબત પછીની થાકને એકજ ખોરાકમાં મટાડે છે, ટુંકમાં ખરીદદાર એના એકજવારના ઉપયોગથી અગણિત ફાયદા મેળવી ખાતરી કરી શકે છે મતલબ કે વીર્ય વધારવામાં આ એક રામબાણ ઉપાય છે

એનો ઉપયોગ દરેક ધર્મના સ્ત્રી પુરૂષો તથા બાળકો કરી શકે છે. ઘણી કીમતી ચીજોના ભેગા બળથી બનાવવામાં આવી છે

	અઉંસ	રૂપીઆ.
મોટી બાટલી .	૧૨	૫
નાની બાટલી ..	૬	૩
નાની બાટલી ...	૩	૨

તદન મફત

એક મહાત્મા (ફકીર) ની ખાસ બક્ષીસ અને

કુદરતનો ચમત્કાર

'માજુને મુફાસીલ.'

ગમે તે પ્રકારના જુના અને નવા ફીરંગી પાવરથી અથવા સરદીથી ઉત્પન્ન થયલા ગઠીઆ (વા) સાધાઓનુ દરદ રૂમેટીઝમ ગાઉટ (પગના નળલાનુ અને સોજો દરદ) અને શરીરના કોઈપણ સાધામાં થતુ દરદ, કળતર ગમે તે કારણે કમરમા કે હાથ પગમા થતો દુખાવો અને કોઇ પણ કારણે શરીરનુ લોહી બગડવાથી નીકળેલા ચાદા, ફેલ્લાઓ, ખસ, ડુખસ, ખુજલી વીગેરેને નાબુદ કરે છે જેમાં મુખ્ય કરી સાધાના દરદ સોજા અને કળતરને તુરત આરામ કરી રોગને જડમુળમાંથી કાઢી નાખી શરીરને સ્વચ્છ અને નીરોગી કરી લોહી સુધારી મગજને તથા આખોને શાંતી આપે છે માટે

કોઇપણ કારણે ઉત્પન્ન થએલા (વા) સાંધાના દરદથી કંટાળી નીરાસ થએલા દરદીઓએ દવા મગાવવાની આળશ કરી કંટાળી પીડાતા રહેવુ નહીજ.

આઠ દીવસની દવાની ફી રૂ ૧ાા વી પી. ખર્ચ જુદો.

છેક નીરાધાર અને ગરીબ લોકોને તદન મફત.

અચ્છા ધર્માદા દવાખાનાના

ડાકટર સૈયદ બદરૂદ્દીન સમશુદ્દીન હકીમ

એમ. ડી. એસ. ગોલ્ડ મેડલીસ્ટ લાહોર.

મુ. બરબોધન, (જી. સુરત.)